## ધાર્મિક ટ્રસ્ટોની તપાસ સમિતિનો કાર્યપ્રદેશ

ધર્માદા ટ્રસ્ટોના ઉદ્દેશો, વ્યવસ્થા અને વહીવટ સંબંધી તપાસ કરીને રીપોર્ટ કરવા માટે ન્યાયમૂર્તિ શ્રી. ટેંડુલકરના પ્રમુખપણા નીચે શ્રી. શાન્તિલાલ શાહ, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, મુંબઇ સરકારના એડવોકેટ જનરલ શ્રી ધારપુરે, શ્રી ભોગીલાલ લાલા, શ્રી હુલકોટિ અને શ્રી એન. એચ. પંડયાની એક સમિતિ મુંબઇ સરકાર તરફથી નીમવામાં આવી છે. આ સમિતિ તરફથી એક પ્રશ્નાવલિ કાઢવામાં આવી છે અને જુદી જુદી સંસ્થાઓ ઉપર મોકલવામાં આવી છે. આ પ્રશ્નાવલિ અને પ્રસ્તુત સમિતિનો ઉદ્દેશ અને કાર્યપ્રદેશ સંબંધમાં તા. ૧૦-૪-૪૮ ના રોજ સમિતિના પ્રમુખ શ્રી ટેન્ડુલકરે પત્રકારોને મુલાકાત આપતાં જે કાંઇ જણાવ્યું હતું તેમાંની કેટલીક વિગતો તે જ તારીખના જન્મભૂમિમાં અને આજ પ્રશ્નનું વધારે સ્પષ્ટીકરણ કરતી કેટલીક વિગતો તે જ તારીખના વન્દેમાતરમમાં પ્રગટ થઇ છે. એ બન્ને સંકલિત કરીને અહિં પ્રગટ કરવામાં આવે છે.

**જન્મભૂમિ:** શ્રી ટેન્ડુલકરે જણાવ્યું હતું કે: "જાહેર સખાવતી સંસ્થાઓમાં ચાલી રહેલી ગેરરીતિઓ ગેરવહીવટ અટકાવવા તથા આવી સંસ્થાઓમાં સ્થગિત થઇ ગયેલાં નાણાં આમજનતાના હિત માટે વપરાય તેવાં પગલાં સરકારને સૂચવવા માટે આ સમિતિ યોજવામાં આવી છે. સમિતિ આમજનતાના નિર્ણયને માન આપશે એવી હું તમને ખાત્રી આપું છું.

"જાહેર સખાવતી સંસ્થાઓ પાસે પડી રહેલી એક અબજ કીંમતની મિલ્કતોનો આજથી વર્ષો પુર્વે ઘડાઇ ગયેલી રીતે ઉપયોગ કરવામાં આવે છે. સમાજ જે રીતે પોતાનું દૃષ્ટિબિન્દુ અને સખાવતનાં મુલ્યો બદલે છે તે રીતને આ સખાવતી સંસ્થાઓ કેટલી યે વખત સ્વીકારતી નથી. એટલે આજે જ્યારે માણસો ભુખે મરે છે ત્યારે પણ કેટલીક સંસ્થાઓ વાંદરાઓ, કાચબાઓ, અને કીડીઓને ખવડાવવા માટે ધન વાપરે છે, અને અનાજ વેડફે છે.

### પલટો લાવવો પડશે

આપણે આપણા સખાવત અને દાનના ખ્યાલોમાં હવે સખ્ત પલટો લાવવો પડશે. સો બસો વર્ષ પહેલાં કોઇ માણસે ચોક્કસ રીતે પોતાનું ધન વાપરવાનું વિચાર્યું હોય તો પણ આજે જ્યારે બીજી બધી વસ્તુઓનાં મુલ્ય બદલાયાં છે ત્યારે આપણે સખાવતનું સ્વરૂપ પણ બદલવું પડશે એમ મને લાગે છે. અમે મોકલેલા પ્રશ્નપત્રના જવાબમાં પણ મોટા ભાગના સભ્યો આમ જ જણાવે છે. અમે જનતાના અવાજને ટેકો આપીશું અને મને વિશ્વાસ છે કે સરકાર પણ જનતાને ટેકો આપશે જ."

### મર્યાદિત કેમ?

આ સમિતિ માત્ર જૈન અને હિંદુ સંસ્થાઓ પુરતી મર્યાદિત કેમ રાખવામાં આવી છે એવા પ્રશ્નના જવાબમાં શ્રી. ટેંડુલકરે જણાવ્યું હતું કે "સરકાર એક પછી એક કોમવાર તપાસ કરવા માગે છે અને એ રીતે જ પગલાં લેવા માગે છે. આ સમિતિનું કામકાજ પુરૂં થયા બાદ પારસી તેમ જ મુસ્લિમ ટ્રસ્ટોની તપાસ પણ શરૂ કરવામાં આવશે.

### સલાહ માગે છે

"આ તપાસ સમિતિએ તૈયાર કરેલા પ્રશ્નપત્ર મુજબ, સમિતિ, જનતા પાસેથી જાહેર સખાવતી સંસ્થાઓમાં ચાલી રહેલી ગેરરીતિઓ તથા એ ગેરરીતિઓને સુધારવાના ઉપાય અંગે સલાહ માગી રહી છે. સમિતિ આવી ગેરવહીવટવાળી સંસ્થાઓ માટે કમીશનરો નીમવા કે નહિ તથા સંસ્થાના રોજબરોજના કાર્યક્રમ પર સરકારી નિયંત્રણ હોવું જોઇએ કે નહિ તે અંગે પણ સલાહ માગે છે. દિવસે દિવસે સખાવત અંગેના બદલાના ખ્યાલ અંગે જનતાને શું કહેવાનું છે તે પણ સમિતિ જાણવાની અપેક્ષા રાખે છે. આ પ્રશ્નપત્રો તથા આને અંગેની બીજી વધુ માહીતી સમિતિના મંત્રી, સરકારી સોલીસીટર લીગલ ડીપાર્ટમેન્ટમાંથી મળી શકશે."

### સ્થગિત નાણાં

શ્રી ટેંડુલકરે જણાવ્યું હતું કે "મદ્રાસ સરકારે તો તીરૂપથીના મંદિરની આવકમાંથી માત્ર હિંદુ જ નહિ પણ તમામ કોમના વિદ્યાર્થીઓ માટે કોલેજ ખોલી છે. આપણા અહીંના એક મંદિર પાસે ત્રણ લાખ રૂપિયા રોકડા પડયા છે. આ રકમ તદ્દન સ્થગિત પડી છે. શા માટે તેનો ઉપયોગ શિક્ષણવિષયક કે તબીબી સહાય માટે કરવામાં ન આવે? જનતા અત્યારે આ લાઇન પર વિચાર કરી રહેલ છે અને જનતાના જવાબ પર આધાર રાખીને અમારે સરકારને સુચનો કરવાનાં છે.

હાઇકોર્ટે સખાવતનો વિશાળ અર્થ કરીને કેટલાક કીસ્સાઓમાં મૂળ જાહેર કરવામાં આવેલા હેતુઓ સિવાય બીજા હેતુ માટે સંસ્થાની રકમ વાપરવાની રજા આપી છે. સરકાર આ અંગે યોગ્ય ખરડો કરીને બધી સખાવતી સંસ્થાઓમાંથી આમજનતાનું વધુમાં વધુ કલ્યાણ થાય તે રીતનાં પગલાં લેવા માગે છે."

### એકસરખા જવાબ

શ્રી. ટેંડુલકરે વધુમાં જણાવ્યું હતું કે ખાસ કરીને અત્યારસુધી અમને મળેલા જવાબોમાં જૈન સખાવતી સંસ્થાઓ અંગે ચોક્કસ ધરેડના જવાબો જ મળ્યા છે. મોટા ભાગના જવાબોમાં એમ જ લખવામાં આવ્યું છે કે અમારી સંસ્થાઓ બહુજ સારી રીતે ચાલે છે ને તેમાં દખલગીરી કરવાની કશી જરૂર નથી. એક જ ધરેડના આવેલા આ જવાબોએ અમને જરા વિચાર કરતા કરી મૂકયા છે. હું ઇચ્છું છું કે હજી વધુ જૈનો આ અંગેની બીજી બાજુની વધારે માહીતી અમને પુરી પાડે તો સારૂં."

શ્રી. ટેંડુલકરે જણાવ્યું હતું કે ખાનગી સખાવતી ટ્રસ્ટો આ સમીતીના કાર્યક્ષેત્રમાં આવતા નથી.

**વંદેમાતરમ:**—મુંબઇમાં ધાર્મિક અથવા તો બીજી રીતનાં જાહેર ટ્રસ્ટોના વહીવટમાં ચાલતી ગેરરીતિઓ, ગેરવહીવટ વગેરેને લગતી તપાસ કરવાની કામગીરી અને એ અનિષ્ટ દૂર કરવાને લગતા જરૂરી ઉપાયો સૂચવવાની કામગીરી અમારી સમિતિને સોંપવામાં આવી છે. આ કાર્ય સફળતાપૂર્વક બજાવવા માટે અમે જાહેર જનતાના અને અખબારોના સહકારની વિનંતિ કરીએ છીએ.” મુંબઇનાં જાહેર ટ્રસ્ટોમાં ચાલી રહેલી ગેરરીતિઓ અંગે તપાસ કરવા અને એ અંગે સૂચનો કરવા મુંબઇ સરકાર તરફથી નીમવામાં આવેલી સમિતિના પ્રમુખ ન્યાયમૂર્તિ શ્રી. ટેન્ડુલકરે આ મુજબની વિનંતી કરી હતી.

શરૂઆતમાં મુંબઇમાંનાં ટ્રસ્ટોનો ખ્યાલ આપતાં શ્રી. ટેન્ડુલકરે કહ્યું કે, “મુંબઇ ઇલાકામાં એક હજાર કે તેથી વધુ રૂપિયાની આવકવાળાં લગભગ એક હજાર ટ્રસ્ટો છે. એક હજારથી ઓછી આવકવાળાં ટ્રસ્ટો સરકારી દફતરે નોંધાયાં નથી. આ હજાર ટ્રસ્ટોમાંથી લગભગ ૬૫૦ જેટલા ટ્રસ્ટો મુંબઇ શહેરમાં છે. મુંબઇ શહેરમાં રહેલાં ટ્રસ્ટોની વાર્ષિક આવક લગભગ એક કરોડ રૂપિયાની છે. આ ઉપરથી આપણે ૩ ટકાની તેરીખ લેખે રોકાયેલી મૂડીનો અંદાજ કાઢીએ તો માત્ર મુંબઇ શહેરમાં જ હિંદુઓના ધાર્મિક અને ધર્માદા ટ્રસ્ટોમાં રૂા. ૩૦ કરોડની થાપણ રોકાએલી છે.”

તેમણે વધુમાં કહ્યું કે, “ટ્રસ્ટો નોંધવાના અત્યારના કાયદા હેઠળ માત્ર હિંદુઓ અને જૈનોના ટ્રસ્ટો જ આવે છે. અને એટલે હાલ તુરત સરકારે માત્ર આ જ કોમના જાહેર ટ્રસ્ટોનો પ્રશ્ન હાથ ધર્યો છે. મોટા ટ્રસ્ટો ઉપરાંત નાના ટ્રસ્ટોમાં રોકાયેલી રકમનો અંદાજ મેળવીએ તો મુંબઇ ઇલાકામાં લગભગ એક અબજ રૂપિયા જેટલી રકમ આ ટ્રસ્ટોમાં રોકાયેલી છે. જો આવી મોટી રકમનો વ્યવસ્થિત અને વધુ સારાં કામો માટે ઉપયોગ કરવામાં આવે તો તેથી રાષ્ટ્રહિતની અનેક પ્રવૃત્તિઓને ઉત્તેજન મળી રહે.” આ અંગે તેમણે મદ્રાસમાં આવા ટ્રસ્ટોમાંથી શિક્ષણની પ્રવૃત્તિને કેવી રીતે વિકસાવવામાં આવી હતી તેનો દાખલો આપ્યો હતો

તેમણે કહ્યું કે, “ટ્રસ્ટોમાં ચાલી રહેલી ગેરરીતિઓની માહિતી મેળવવા અને એ દુર કરવા અંગેના જરૂરી સૂચનો જાણવા અમે જાહેર જનતા જોગી એક પ્રશ્નાવલિ પ્રસિધ્ધ કરી છે. આ પ્રશ્નાવલિ અંગ્રેજી તેમ જ ગુજરાતી, મરાઠી વિ. પ્રાંતીય ભાષાઓમાં પ્રસિધ્ધ થઇ છે અને જનતાને મોટી સંખ્યામાં એનો ઉપયોગ કરીને સૂચનો કરવાની વિનંતી છે. આ પ્રશ્નોત્તરીની નકલો સરકારી સોલીસીટર, કાયદા વિભાગ સરકારી કચેરી એ સરનામેથી મળી શકશે. પ્રશ્નોત્તરીના જવાબો મોકલવાની છેલ્લી તા. ૧૫ મી એપ્રિલ છે.”

## લોકોનો સારો રસ

શ્રી. ટેન્ડુલકરે કહ્યું કે, અત્યાર સુધીમાં અમને ઘણા લોકો તરફથી આવા જવાબો મળ્યા છે. લોકો આમાં સારો રસ પ્રદર્શિત કરી રહ્યા છે. અમારી તપાસમાં જણાયું છે કે, ઘણા ટ્રસ્ટોમાં વ્યક્તિગત માલિકીની ભાવના ઘુસી ગઇ છે.

હિસાબો બરાબર રાખવામાં આવતા નથી અને જે ઉદ્દેશ માટે દાન આપવામાં આવ્યું હોય તે કરતાં બીજા જ ઉદ્દેશ માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. જૈનો તરફથી મને જે જવાબો મળ્યા છે તેમાં મોટે ભાગે ટ્રસ્ટો સુવ્યવસ્થિત હોવાનું કહેવામાં આવ્યું છે. આમ છતાં જો આ સંબંધી વિરૂદ્ધ પક્ષે કંઇ દ્રષ્ટિબિંદુઓ હોય તો પણ અમે જાણવાને ઉત્સુક છીએ.

## સ્પષ્ટીકરણની જરૂર

એક મહત્વની બાબતનું સ્પષ્ટીકરણ કરવું જરૂરી છે. આ કાર્ય હાથમાં લેવા પાછળ સરકારનો ઉદ્દેશ કોઇ ટ્રસ્ટોનો કબજો લેવાનો કે બીજો કોઇ ઉદ્દેશ નથી. સરકારનો ઉદ્દેશ આ ટ્રસ્ટોનો સર્વોત્તમ ઉપયોગ થઇ શકે એ જ જોવાનો છે. કોઇની પણ ધાર્મિક લાગણી ન દુઃખાય એ માટે સમિતિ બધી કાળજી રાખશે.

વધુમાં તેમણે કહ્યું કે, આવા ટ્રસ્ટોની સુવ્યવસ્થા માટે જરૂરી સત્તાઓ સાથે અધિકારીઓની નિમણુંક કરવાની દરખાસ્તને સામાન્ય રીતે આવકાર મળી રહ્યો છે, ઇંગ્લાંડમાં પણ આવી પ્રથા છે.

# ધાર્મિક ટ્રસ્ટોને લગતી પ્રશ્નાવલિ

## મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ પાઠવેલા ઉત્તરો

મુંબઇ તા. ૨-૪-૪૮

ટ્રેસ્ટ અને એન્ડાઉમેન્ટ્સના વહીવટ અને વ્યવસ્થાના પ્રશ્નમાં તપાસ કરવા માટે મુંબઇ સરકારે નીમેલી કમીટીના મંત્રી જોગ—

**સુજ્ઞ મહાશય**

સવિનય વિજ્ઞપ્તિ કે અમારી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સંસ્થા છેલ્લા વીશ વર્ષથી મુંબઇ શહેરમાં જૈન સમાજની સેવા કરી રહી છે. આ સંસ્થામાં જૈન સમાજના દરેક વિભાગના સભ્યો સભ્ય થઇ શકે છે. આજે આ સંસ્થાના કુલ ૩૦૫ સભ્યો છે. આ સંસ્થા તરફથી છેલ્લા નવ વર્ષથી “ પ્રબુદ્ધ જૈન ” નામનું એક પાક્ષિક પત્ર કાઢવામાં આવે છે અને એ પત્રની જૈન તેમ જ જૈનેતર સમાજમાં સારી પ્રતિષ્ઠા અને ફેલાવો છે. આજે આ પત્રની એક હજાર નકલ છપાય છે. અમારો સંસ્થા પ્રાગતિક વિચારો ધરાવતા જૈન યુવકોનું મંડળ છે અને જૈન સમાજ ઉપર અમારી સંસ્થા બહુ સારૂં પ્રભુત્વ ધરાવે છે. આપે જે પ્રશ્નાવલિ પ્રગટ કરી છે તે પ્રશ્નોના અમારી કાર્યવાહક સમિતિ તરફથી નક્કી કરવામાં આવેલા ઉત્તરો નીચે મુજબ છે.

**પ્રશ્ન ૧:** તમે જે કોઇ ફંડ અને ટ્રસ્ટ વિષે કાંઇ પણ જાણતા હો તેમાં કેવા પ્રકારની ગેરરીતિઓ, ગેરવહીવટ અને મુશ્કેલીઓ તમને જણાઇ છે ?

**ઉત્તર:** સાધારણ રીતે આજના ટ્રસ્ટીઓ પોતાને સોંપાયેલ જવાબદારી પુરેપુરી રીતે સંભાળતા હોતા નથી અને પોતાના ટ્રસ્ટ વિષે પુરી દેખરેખ રાખતા નથી. ઘણી વખત ટ્રસ્ટીઓ ટ્રસ્ટ ફંડને ઉચાપત કરતા માલુમ પડે છે. વળી ટ્રસ્ટ ફંડોનો ટ્રસ્ટીઓ બીજી પણ અનેક રીતે લાભ ઉઠાવતા હોય છે. ટ્રસ્ટીઓ પોતાના ટ્રસ્ટનો હીસાબ બરાબર રાખતા નથી તેમ જ પોતાના હીસાબને રીતસર પ્રગટ કરતા નથી. ઘણી વખત નક્કી થએલા ટ્રસ્ટોની લોકોને કશી જાણ જ હોતી નથી, અને જાણીતા ટ્રસ્ટોના શું ઉદ્દેશો છે તેની લાગતાવળગતા સમાજને ઘણી વખત કશી ખબર જ હોતી નથી. વળી આજના ટ્રસ્ટીઓ કેટલીયે વાર ટ્રસ્ટના માલીક જેવા થઇને બેસે છે અને જ્યારે પણ કોઇ ટ્રસ્ટીની જગ્યા ખાલી પડે છે અને તે જગ્યા બાકી રહેલા ટ્રસ્ટીઓએ જ પુરવાની હોય છે ત્યારે ટ્રસ્ટીઓ પોતાના મળતીયા માણસને જ ચુંટે છે. વળી જ્યારે ટ્રસ્ટીની ખાલી પડેલી જગ્યા પુરવાની જવાબદારી કોઇ જાહેર સંસ્થાની અથવા તો કોઇ સમાજની કે વર્ગની હોય છે ત્યારે વખતસર નવા ટ્રસ્ટીની નીમણુંક કરવાની બાબતમાં પ્રસ્તુત સંસ્થા, સમાજ કે વર્ગ લાંબો વખત સુધી પ્રમાદ સેવતો માલુમ પડે છે.

**પ્રશ્ન ૨:** એ દૂર કરવા માટે તમે કયા ઉપાયો સૂચવો છો ?

**ઉત્તર:** ઉપરની પરિસ્થિતમાં સુધારો કરવાને માટે અમો નીચે મુજબ કેટલાક ઉપાયો સુચવીએ છીએ.

(૧) દરેક ટ્રસ્ટ રજીસ્ટર થવું જ જોઇએ અને તેને યોગ્ય જાહેરાત મળવી જ જોઇએ.

(૨) દરેક ટ્રસ્ટના હીસાબોની સ્વતંત્ર તપાસ થવી જોઇએ અને તે પણ નિયમિત રીતે પ્રગટ થવી જોઇએ.

(૩) ટ્રસ્ટો સાધારણ રીતે બે પ્રકારના હોય છે. (૧) જવાબદાર ટ્રસ્ટો કે જે પોતાના વહીવટ માટે કોઇ પણ સંસ્થા, સમાજ જ્ઞાતી કે ચોકકસ વર્ગને જવાબદાર હોય છે. અને (૨) બીન-

જવાબદાર ટ્રસ્ટો એટલે કે એ ટ્રસ્ટો કે જે સીધી રીતે કોઇ પણ સંસ્થા, સમાજ, જ્ઞાતી કે ચોક્કસ વર્ગને જવાબદાર હોતા નથી. જવાબદાર ટ્રસ્ટો ઉપર એ ટ્રસ્ટ સાથે સંબંધ ધરાવતી સંસ્થા, સમાજ, જ્ઞાતિ કે વર્ગની પુરેપુરી દેખરેખ હોવી જોઇએ. બીન-જવાબદાર ટ્રસ્ટો ઉપર આગળ ઉપર સૂચવવામાં આવનાર ચેરીટી કમીશનરની દેખરેખ હોવી જોઇએ.

**પ્રશ્ન ૩:** 'ફંડો અને ટ્રસ્ટો' પર તપાસ અને નિયમન રાખવા, ઇંગ્લેન્ડમાં 'ચેરીટી કમિશનરો' છે, તેવા કમિશનરો નીમવાની તમે તરફેણમાં છો?

**ઉત્તર:** હિંદુસ્તાનમાં પણ ઇંગ્લેંડમાં છે એવા ચેરીટી કમીશનરની આવશ્યકતા અમે સ્વીકારીએ છીએ. અલબત્ત આ ચેરીટી કમીશનરની સત્તા અને અધિકારો હિંદુસ્તાનની ઇંગ્લેન્ડથી જુદી પડતી વિશિષ્ટ પરિસ્થિતિ બરોબર લક્ષમાં રાખીને નક્કી કરવા જોઇએ.

**પ્રશ્ન ૪:** ટ્રસ્ટો અને ફંડોનો વહીવટ તપાસવા અને જોવા એક બિન-અધિકારી મંડળ–વીઝીટર્સ–નીમવામાં આવે એમ તમે ઇચ્છો છો?

**ઉત્તર:** આ પ્રશ્નમાં સૂચવેલા વીઝીટર્સની ઉપયોગીતા પણ અમે સ્વીકારીએ છીએ. જે ટ્રસ્ટોનો જે સમાજ સાથે સંબંધ હોય તે સમાજમાંથી જ સાધારણ રીતે આવા વીઝીટરો નીમાવા જોઇએ.

**પ્રશ્ન ૫:** ઉપરોક્ત 'ચેરીટી કમિશનર' અને 'તપાસ સમિતિ'ને કેવા પ્રકારની સત્તા અને અધિકાર આપવાં જોઇએ?

**ઉત્તર:** સાધારણ રીતે જે ટ્રસ્ટો, જે સંસ્થા, જે સમાજ અથવા તો, જે વર્ગ સાથે સંબંધ ધરાવતા હોય તે સંસ્થા સમાજ કે વર્ગને જ તે ટ્રસ્ટોમાં, એ ટ્રસ્ટોની દેખરેખ રાખવાનો અને જરૂર પડયે તેના ઉપર કાબુ મેળવવાનો અધિકાર હોવો જોઇએ એમ અમો માનીએ છીએ, પણ જ્યાં પ્રસ્તુત સંસ્થા, સમાજ કે વર્ગ કેવળ ઉદાસીનતા ધારણ કરતો હોય ત્યાં તેમ જ ઉપર જણાવેલ બીનજવાબદાર ટ્રસ્ટોની બાબતમાં ચેરીટી કમીશનરને પુરેપુરી દેખરેખ રાખવાનો, હીસાબ તપાસવાનો તેમ જ આખા ટ્રસ્ટને વ્યવસ્થિત કરવાનો સંપૂર્ણ અધિકાર હોવો જોઇએ. વીઝીટરોનું કામ તો માત્ર નિરીક્ષણનું અને જરૂર લાગે ત્યાં જવાબદાર સંસ્થાઓને તેમ જ ચેરીટી કમીશનરને રીપોર્ટ કરવાનું જ હોવું જોઇએ.

**પ્રશ્ન ૬:** જે કોઇ ફંડો, અમુક પ્રકારના ધ્યેયથી, અલગ જ રખાયા હોય; પરંતુ વખતના વહેવા સાથે, જનતાના ઉપયોગ કે લાભ માટે તેનો હવે કોઇ ઉપયોગ રહ્યો ન હોય, તેને બીજાં ફંડોમાં ફેરવવા સારૂ કાયદાની જોગવાઈ કરવાની તમે તરફેણમાં છો? જો હા, તો તમારા અભિપ્રાય મુજબ એવા કયા ધ્યેયો છે, જે જનતાના ઉપયોગ અને લાભ માટે બિનઉપયોગી થઇ ગયાં હોય?

**ઉત્તર:** જે ચેરીટી ટ્રસ્ટોના હેતુ આજે કેવળ બીનજરૂરી બની ગયા હોય અથવા સમાજને નુકશાન કરનારા લાગતા હોય તેનો બીજા વધારે ઉપયોગી કાર્યમાં અને સમાજને લાભ થાય તેવી પ્રવૃત્તિમાં ઉપયોગ કરી શકાય એવો કાયદો કરવાની અમો તરફેણમાં છીએ. આપના આ પ્રશ્નના બીજા ભાગનો જવાબ એ છે કે ધર્મના નામે કીડીને કણ, માછલીને લોટ, પારેવાને ચણ, અથવા તો જૈન મૂર્તિઓ ઉપર થતી આંગી, અને શોભા શણગારો, હવેલીમાં ધરાતા ભોગો, આવી અનેક બાબતોને લગતા ટ્રસ્ટો આજે આપણા સમાજમાં જોવા સાંભળવામાં આવે છે કે જેની આજના સંજોગોમાં કોઇ ખાસ ઉપયોગીતા અમને લાગતી નથી.

**પ્રશ્ન ૭:** ધાર્મિક ફંડોની વધારાની રકમો, દાનનાં બીજાં ક્ષેત્રો–કેળવણી, વૈદ્યકીય રાહત, ગરીબોને સહાય–વગેરેમાં વપરાય, એ પ્રકારની જોગવાઇની તમે તરફેણમાં છો?

**ઉત્તર:** ધાર્મીક ટ્રસ્ટોના નામે આજે દરેક સંપ્રદાયમાં પુષ્કળ નાણું પડેલું છે, જેનો કશો પણ ઉપયોગ કરવામાં આવતો નથી. અમારા જૈન સમાજમાં મૂર્તિપૂજા ખૂબ પ્રચલિત છે અને સ્થળે સ્થળે ઉભા કરવામાં આવેલાં ભવ્ય મંદિરો પાસે હજારો અને લાખો રૂપીઆની મિલ્કતો હોય છે. આ મંદિરની મિલ્કત અને આવકને દેવદ્રવ્યને નામે ઓળખવામાં આવે છે અને મંદિરના ચાલુ વહીવટની જરૂરિયાત કરતાં આ ખાતામાં ઘણું ખરૂં સારા પ્રમાણમાં ફાઝલ નાણું આ મંદિરો પાસે પડેલું હોય છે. જૈન સમાજના સ્થિતિચુસ્ત વર્ગની આ દેવદ્રવ્ય સંબંધે એવી માન્યતા છે કે આ દેવદ્રવ્યનો બીજો કશો પણ સાર્વજનિક ઉપયોગ થઇ શકે નહિ. પરિણામે દેવદ્રવ્યના ઢગલા વધતા જ જાય છે, તેમાંનો બહુ થોડો ભાગ જરૂરી તેમ જ બીનજરૂરી નવાં મંદિરો ઉભા કરવામાં અથવા તો જીર્ણોધ્ધારમાં ખર્ચાય છે, પણ આ દ્રવ્યનો બીજો કશો પણ સાર્વજનિક ઉપયોગ થઇ શકતો નથી. જૈન સમાજનો આગળ પડતો કેળવાયલો વર્ગ આ પ્રથાની તદ્દન વિરૂદ્ધ છે અને મંદિરની જરૂરિઆતથી જે કાંઇ વધારે આવક થતી હોય તેનો તેમ જ મંદિરમાં એકઠા થયેલા ભંડારનો ઉપયોગ જનસેવાના કાર્યમાં થવો જોઇએ એમ માને છે. પણ કમનસીબે જૈન સમાજના સર્વ મંદિરોનો વહીવટ ઘણે મોટે ભાગે સ્થિતિચુસ્ત ટ્રસ્ટીઓના હાથમાં છે. તેથી આ બાબતમાં કશો પણ ફેરફાર કઇ શકતો નથી. અમારૂં સુદૃઢ મંતવ્ય છે કે મંદિરો કે મઠોમાં તેમ જ ધાર્મિક કહેવાતી સંસ્થાઓમાં જે કાંઇ બીનજરૂરી નાણું એકઠું થયેલું હોય તે તેમ જ જે કાંઇ વધારે પડતી આવક થતી હોય તે સાર્વજનિક કાર્યમાં વપરાવા જોઇએ. આ સંબંધમાં હજુ આખા સમાજ ઉપર સ્થિતિચુસ્ત વર્ગની એટલી પકડ છે કે જ્યાં સુધી આ બાબતમાં હરિજન મંદિરપ્રવેશ માફક કાયદો નહિ થાય ત્યાં સુધી કશો પણ ફેરફાર નહિ થાય, અને મંદિરો અને મઠોનું દ્રવ્ય કાં તો નિરૂપયોગી પડી રહેશે અથવા તો એક યા બીજી રીતે વેડફાતું રહેશે. આ બાબતમાં જરૂરી કાયદો થાય એમ અમો આગ્રહપૂર્વક ઇચ્છીએ છીએ.

**પ્રશ્ન ૮:** કાયદાની દૃષ્ટિએ સ્વીકારાયેલી 'દાન'ની વ્યાખ્યાને વધુ વ્યાપક કરી શકાય? જો કરી શકાય તેમ હોય તો કેટલી વ્યાપક?

**ઉત્તર:** 'ચેરીટી' શબ્દનો અર્થ આજના સંજોગો ધ્યાનમાં લઇને વિસ્તૃત થવો જોઇએ. અને "ધર્માદા" "જનહિતાર્થ" એવા શબ્દો ચેરીટીસૂચક લેખાવા જોઇએ. તેમ જ જે સંસ્થાઓનો આશય જનસમાજને અથવા તો તેના કોઇ પણ વિભાગને એક યા બીજી રીતે આગળ વધારવાનો હોય એવી સંસ્થાને અપાયેલા નાણાં પણ ચેરીટીમાં ગણાવા જોઇએ.

**પ્રશ્ન ૯:** અવ્યવસ્થિત અને ગેરવહીવટભર્યા ટ્રસ્ટોનો વહીવટ સંભાળી લેવા માટેની વ્યવસ્થાની જોગવાઇ કરવાની તમે તરફેણમાં છો?

**ઉત્તર:** જે ટ્રસ્ટોનો વહીવટ ગોટાળાભર્યો માલુમ પડે અથવા તો અવ્યવસ્થિત માલુમ પડે તેનો વહીવટ કબજે કરવા માટે કાયદાપૂર્વકની યોગ્ય ગોઠવણ થવી જોઇએ એમ અમને લાગે છે.

**પ્રશ્ન ૧૦:** એક જ પ્રકારના અથવા લગભગ એકસરખાં હેતુઓવાળા દાનના ટ્રસ્ટોના ફરજિયાત સંયોગીકરણની તમે તરફેણમાં છો?

**ઉત્તર:** જે ટ્રસ્ટના હેતુ એક જ હોય અથવા એકસરખા હોય અને જે ટ્રસ્ટનો કાર્યપ્રદેશ અને તેનો લાભ લેનારો સમાજ પણ એક જ હોય તે પ્રકારના ટ્રસ્ટોના એકીકરણને અમે સંમત કરીએ છીએ

પણ જ્યાં હેતુ એક અથવા સરખા હોય પણ જે ટ્રસ્ટનો લાભ લેનારો વર્ગ તેમ જ તેનો કાર્યપ્રદેશ ભિન્ન હોય તેનું એકીકરણ વ્યવહારૂ નથી તેમ જ યોગ્ય નથી એમ અમને લાગે છે.

આ જવાબના અનુસંધાનમાં એક બીજી પૂરક નોંધ સંઘની કાર્યવાહક સમિતિ તરફથી તા. ૧૦–૪–૪૮ ના રોજ મોકલવામાં આવી હતી જે નીચે મુજબ છે :–

ટ્રસ્ટ એન્ડ એન્ડાઉમેન્ટસ્‌ના વહીવટ અને વ્યવસ્થાના પ્રશ્નમાં તપાસ કરવા માટે મુંબઇ સરકારે નીમેલી કમીટીના મંત્રી જોગ.

**સુજ્ઞ મહાશય,**

સવિનય વિજ્ઞપ્તિ કે અમોએ આપની પ્રશ્નનાવલિના જવાબો તા. ૨–૪–૪૮ ના રોજ લખી મોકલ્યા છે. તે પ્રશ્નાવલિમાંના પ્રશ્ન ૬ તથા ૭ ના અમોએ જે જવાબો આપ્યા છે તેના અનુસંધાનમાં અમારૂં નીચે જણાવેલું મન્તવ્ય ધ્યાનમાં લેવા વિનંતિ છે.

જે ટ્રસ્ટનો જે હેતુસર ઉદ્દ્‌ભવ થયો હોય તે હેતુની આજે કશી ઉપયોગીતા રહી ન હોય તેવા ત્રસ્ટનાં નાણાં સમાજોપયોગી અન્ય કોઇ કાર્યમાં ખરચવાની કાયદાદ્વારા સગવડ થવી જોઇએ તેમ જ કોઇ પણ ટ્રસ્ટની વધારાની મીલકતનો ઉપયોગ પણ કેળવણી, વૈદ્યકીય રાહત, દ્રારીદ્રયનિવારણ જેવા સમાજોપયોગી કાર્યોમાં કરવાની કાયદાથી સગવડ મળવી જોઇએ એમ અમોએ અમારા જવાબમાં જણાવ્યું છે તેમાં અમો એમ ઉમેરવા માંગીએ છીએ કે જે ટ્રસ્ટનો જે કોઇ નાના કે મોટા સમાજ સાથે સંબંધ હોય તે ટ્રસ્ટના નાણાંના ઉપયોગ સંબંધે ઉપર જણાવ્યા મુજબ જે કાંઇ ફેરફાર કરવામાં આવે તે ફેરફારનો સીધો લાભ તે ચોક્કસ નાના કે મોટા સમાજને જ મળવો જોઇએ. જ્યાં અમુક ટ્રસ્ટનો અમુક ચોક્કસ સમાજ સાથે સંબંધ જોડી શકાય તેમ ન હોય, તેવી પરિસ્થિતિમાં તેવાં ટ્રસ્ટનાં નાણાંનો ઉપયોગ કોઇ પણ પ્રકારના સાર્વજનિક હિતનાં કાર્યમાં થાય તે અમને સંમત છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૧

મુંબઈ: ૧ મે ૧૯૪૮ શનીવાર.

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## ટેન્ડુલકર કમીટી અને જૈન સમાજનું જુનવાણી માનસ

ટેન્ડુલકર કમીટીની સ્થાપના અને તે કમીટીએ મોકલેલી પ્રશ્નાવલિએ જૈન સમાજમાં આજે ભારે ક્ષોભ ઉભો કર્યો હોય એમ લાગે છે. હજુ તો આ કમીટીએ પોતાના કશા નિર્ણયો બહાર પાડયા નથી અને તે ઉપર મુંબઈની સરકારે કોઇ બીલ રજુ કર્યું નથી. એમ છતાં પણ તેમની પ્રશ્નાવલિમાંના અમુક પ્રશ્નોએ જૈન સમાજમાં ભારે ભડક પેદા કરી છે અને જાણે કે આ કમીટી અને તેની પાછળ મુંબઇ સરકારનો આશય જૈનોનાં દેવસ્થાનોની મીલ્કત કબજે કરી લેવાનો હોય—પડાવી લેવાનો હોય—એવા ભ્રામક ખ્યાલો ચોતરફ ફેલાઇ રહ્યા છે. જો કે ટેન્ડુલકર કમીટીનો કાર્યપ્રદેશ આખા હિંદુ સમાજને સ્પર્શે છે જેમાં જૈન સમાજનો સમાવેશ કરવામાં આવ્યો છે અથવા જૈન સમાજને જે સાથે જોડવામાં આવેલ છે અને ટેન્ડુલકર કમીટી જે કાંઇ કરશે અને તે ઉપરથી જે કાંઇ કાયદાનો ખરડો મુંબઇની ધારાસભામાં રજુ કરવામાં આવશે તે હિંદુ સમાજના લાખો રૂપીઆના ટ્રસ્ટો અને ધર્માદા ફંડોને પણ લાગુ પડનાર છે. એમ છતાં પણ જૈન સમાજ ઉપર જ આ કોઇ અણધારી આફત ઉતરી રહી હોય એવું વાતાવરણ જૈનોની જાહેર સભાઓમાં તેમ જ જૈન સંસ્થાઓની કાર્યવાહક સમિતિની સભાઓમાં અનુભવવા મળે છે. 'બીજાનું મુંબઇ સરકારને કરવું હોય તે કરે પણ અમારો સમાજ જુદો, અમારી સંસ્કૃતિ જુદી, અમારો ધર્મ જુદો, અમારી રીતરસમ જુદી, અમારી સંસ્થાઓ જુદી, અમને અમારી ધાર્મિક બાબતમાં, અમારી ધાર્મિક સંસ્થાઓના વહીવટમાં બહારની કોઇ સત્તા, વ્યક્તિ કે સમિતિ દખલગીરી કરી નહિ શકે, આવી મનોદશાનો આજે સાક્ષાત્ અનુભવ થઇ રહ્યો છે. હરિજન મંદિર પ્રવેશ બીલ વખતે આ મનોદશા હળવા આકારમાં અનુભવગોચર થઇ હતી. આજે આ મનોદશા કાંઇક ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહી છે.

અલબત્ત ટેન્ડુલકર કમીટીની પ્રશ્નાવલિમાં એવી બે ત્રણ બાબતો સુચિત છે કે જેથી 'અમારામાં કોઇ માથું મારી નહિ શકે, અમારી સંસ્થાઓ અમે અમારી રીતે જ ચલાવીશું, અમારા રૂઢ વિચારોમાં અમે બીલકુલ ફેરફાર કરી નહિ શકીએ.'—આવી મનોદશાને જરૂર આઘાત લાગે. પણ જ્યાં આખા સમાજના પાયા હચમચવા લાગ્યા છે, જ્યાં જુની રચનાની કીલેબંધી ચોતરફથી તુટવા લાગી છે અને નવી રચનાનો આક્રમક પદપ્રવેશ શરૂ થઇ ચુક્યો છે ત્યાં આવી મનોદશાને કંઇ પણ સ્થાન કે અવકાશ હોઇ શકે ખરો ? જે સમાજ કાળબળ નહિ પરખે અને અમારો ધર્મ જોખમમાં, અમારો સમાજ જોખમમાં, અમે જોખમમાં એમ પોકાર જ કર્યા કરશે એ ધર્મ, એ સમાજ, અને એ લોકો ખરેખર જ જોખમાવાના છે અને આજના તુમુલ સ્થિતિકલહમાં તેમને ટકવું ભારે મુશ્કેલ થઇ પડવાનું છે.

ટેન્ડુલકર કમીટીની પ્રશ્નાવલિમાં 'ચેરીટી કમીશનર'નું સુચન આવે છે. અહીંથી જૈન સમાજ ભડકે છે. શા માટે ભડકે છે. ? રખેને ચેરીટી કમીશનર જૈનોના બધા ટ્રસ્ટો પડાવી લે તો ? આમ માનવાને કાંઇ કારણ છે ? ઇગ્લાંડ અને અન્ય અનેક સુધરેલા દેશોમાં આવા કમીશનરો નીમાયલા છે અને તેઓ પોતાનું કામ બરાબર કરે છે. તેમનું કામ ટ્રસ્ટનો વહીવટ વ્યવસ્થિત કરવાનું અને પ્રમાદશીલ ટ્રસ્ટીઓને જાગૃત અને સક્રિય બનાવવાનું હોય છે. આમાં બીવા કે ભડકવા જેવું શું છે ?

એ પ્રશ્નાવલિમાં જે ટ્રસ્ટોના હેતુઓ આજની દ્રષ્ટિએ જોતાં સમાજોપયોગી રહ્યા નથી તેવા ટ્રસ્ટોના હેતુઓમાં સમયાનુરૂપ ફેરફાર કરીને તે ટ્રસ્ટોને લોકોપયોગી બનાવવા માટે જરૂરી કાયદો કરવો યોગ્ય છે કે નહિ એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. આ પ્રશ્ન વાંચીને પણ જૈન સમાજ ભડકે છે શા માટે ? 'રખેને અમારા કોઇ ટ્રસ્ટના હેતુને નિરૂપયોગી લેખીને સરકાર તેમાં ફેરફાર કરવાની અમને ફરજ પાડે તો ?' પણ આવો ફેરફાર તો આવકારદાયક લેખાવો જોઇએ. 'નહિ, આવો ફેરફાર કરવાનો આપણને કે કોઇને હક્ક જ નથી. જે ટ્રસ્ટ જેના માટે નિર્માણ થયું હોય તે માટે જ તે ટ્રસ્ટ વપરાવું જોઇએ, નહિ તો એ ભલે નિરર્થક પડયું રહે' એમ સ્થિતિચુસ્ત માનસ બોલે છે. આને બીજો શું જવાબ આપી શકાય. ?

આગળ ચાલતાં પ્રસ્તુત પ્રશ્નાવલિ પુછે છે કે જે ધર્માદા કે ધાર્મિક ફંડ જે હેતુ માટે ઉભું કરવામાં આવ્યું હોય અને ચાલતું હોય તે હેતુને પહોંચીવળતાં પણ તે ફંડમાં વધારો રહેતો હોય તો તે વધારાનાં નાણાં કેળવણી, વૈદ્યકીય રાહત, દારિદ્રયનિવારણ જેવા સામાજિક કાર્યમાં વાપરી શકાય કે નહિ ? આ પ્રશ્ન સાંભળીને જૈન સમાજનો સ્થિતિચુસ્ત વર્ગ બેચેન બની જાય છે. શા માટે ? આનું પરિણામ એવું કલ્પવામાં આવે છે કે દેવદ્રવ્યના નામે અનેક જૈન મંદિરોમાં આજે લાખો રૂપીઆની મુડી જમા છે. હવે જો આવો કોઈ કાયદો થાય તો પછી એ કાયદા મારફત એ મુડી ઉપર જણાવ્યા મુજબના સામાજિક કાર્યોમાં વાપરવાની આપણને ફરજ પાડવામાં આવે. પણ એમ બને તો ખોટું શું ? સ્થગિત થયેલાં નાણાંનો આમ સદુપયોગ થાય અથવા તો આમ સદુપયોગ કરવાની કાયદાદ્વારા આપણને સગવડ મળે એમાં અયોગ્ય શું ? જવાબ મળે છે કે 'આમ બની જ ન શકે. આ અમારી ધાર્મિક માન્યતા છે, આ અમારો મૌલિક સિદ્ધાન્ત છે.' દેવદ્રવ્યનો ઉપયોગ કેમ કરવો એ કોઇ મૌલિક સિદ્ધાન્તની બાબત હોઇ જ ન શકે; એક તો મૂર્તિપૂજા એ જૈન સમાજની સર્વસામાન્ય માન્યતાનો વિષય નથી. બીજું ધર્મારાધનાના એક સાધન તરીકે લેખાતી મૂર્તિપૂજાના કારણે મંદિર આવ્યું, મંદિરની આવક આવી, અને ખર્ચ કરતાં વધારે આવક થવા માંડી. અને પરિણામે આવી પરિસ્થિતિમાંથી નીપજતા વધારાના દેવદ્રવ્યનું શું કરવું એ પ્રશ્ન આપણી સામે આવીને ઉભો રહ્યો. આ સંબંધે આજ સુધી જૈન સમાજની એવી માન્યતા

ચાલી આવી છે કે આ દેવદ્રવ્યનો જેને આજે આપણે સામાજિક કાર્યો લેખીએ છીએ તેમાં બીલકુલ ઉપયોગ થઇ ન શકે. આ પ્રશ્ન કેવળ આચારવ્યવહારનો છે અને આચારવ્યવહાર તો કાળે કરીને સરજાય છે અને કાળે કરીને બદલાય છે. આવી બાબતને સિદ્ધાન્તનું નામ આપવું એ કીડીને કુંજર બનાવવા બરોબર છે. સ્થિતિચુસ્ત માનસ હંમેશાં આ જ રીતે વિચારે છે અને પોતાના વિચારની આ જ રીતે રજુઆત કરે છે. અસ્પૃશ્યતા વિષે પણ બહોળા હિંદુસમાજનું આ જ પ્રકારનું વળણ હતું. અસ્પૃશ્યતાને પણ મૂળભૂત ધાર્મિક સિદ્ધાન્તના સિંહાસને પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. પણ સૌ કોઇએ સમજી લેવું જોઇએ કે માનવસમાજની કોઇ પણ આચારવ્યવહાર અચળ–કશો પણ ફેરફાર થઇ જ ન શકે એવા–સંભવી શકતા જ નથી. એક કાળે જે જરૂરી હોય તે બીજા કાળે બીનજરૂરી બને છે અને ત્રીજા કાળે અનર્થકારી બની બેસે છે. દેવદ્રવ્યવિષેની માન્યતા પણ આ રીતે પૃથકકરણ અને પરિવર્તન માંગી રહી છે. આ બાબતનો, ધાર્મિક ઉલ્લેખો અને ધાર્મિક પરંપરાથી થોડો વખત મુકત બનીને, વિચાર કરવો ઘટે છે. અસ્પૃશ્યતાનો પ્રશ્ન આ બાબતનું જવલંત ઉદાહરણ છે. કેવળ ધાર્મિક ઉલ્લેખો અને પરંપરા મુજબ ચાલવાનો એકાન્ત નિર્ણય ધરાવનાર સમાજ બે ડગલાં પણ આગળ ચાલી શકતો નથી. પૂર્વપુરૂષોની મહત્તા ચાલુ વસ્તુસ્થિતિને મજબુતપણે વળગી રહેવામાં નહોતી પણ સમયાનુસાર ફેરફાર કરવાનો પુરૂષાર્થ દાખવવામાં જ રહેલી હતી. દેવદ્રવ્યનો આ રીતે વિચાર કરીએ તો આપણને સહજ માલુમ પડશે કે દેવદ્રવ્યના શબ્દાર્થમાંથી તો કશો અર્થ જ નિષ્પન્ન થતો નથી. જે વીતરાગદેવે સમગ્ર ઐહિક સંપત્તિનો ત્યાગ કરી સંન્યાસમાર્ગ સ્વીકાર્યો તેને તો કોઇ દ્રવ્ય સાથે સંબંધ જ હોઇ ન શકે. ન તો એ દેવની મૂર્તિ કે જે આખરે જડપદાર્થની બનેલી હોય છે તે મૂર્તિમાં આવી કોઇ માલેકીની સંભાવના થઇ શકે છે. તો પછી દેવદ્રવ્યના નામે જે દ્રવ્ય એકઠું થયું હોય તે દ્રવ્ય જે વિશાળ સમાજના તે દેવ છે તે વિશાળ સમાજની જ માલીકીનું લેખાય અને તે દ્રવ્યનો શી રીતે ઉપયોગ કરવો એનો નિર્ણય કરવાનો અધિકાર પણ એ વિશાળ સમાજને જ હોઇ શકે. આ દેવદ્રવ્યના ઉપયોગ સામે એક જ મર્યાદા સંભવે અને તે એ કે જે વ્યક્તિએ આવું દાન કર્યું હોય તે વ્યક્તિનો આ દ્રવ્ય ઉપર પોતાના અંગત ઉપયોગ માટે જરા પણ અધિકાર હોઇ ન શકે. દેવદ્રવ્ય જેવો જ બીજો એક પ્રચલિત શબ્દ 'શિવનિર્માલ્ય' છે. આનો અર્થ પણ એ જ કરવામાં આવે છે કે જે દ્રવ્યને તમે શિવનિર્માલ્ય જાહેર કર્યું તે દ્રવ્યને પછી તમે અડકી પણ ન શકો, પણ આ શિવનિર્માલ્યનો એવો કોઇ અર્થ કલ્પતું જ નથી કે એ દ્રવ્યનો ઉપયોગ તો શિવાલયો પાછળ જ થઇ શકે. આ રીતે વિચારતાં જૈન પરિભાષામાં જેને 'સાધારણ દ્રવ્ય' કહેવામાં આવે છે અને જે દ્રવ્યનો ઉપયોગ જૈન સમાજના કોઇ પણ ખાતામાં કરી શકાય છે તે કરતાં પણ દેવદ્રવ્યનો વધારે વ્યાપક ઉપયોગ વ્યાજબી લેખી શકાય તેમ છે. કારણ જેને જૈનો ઇષ્ટદેવતા ગણે છે તેને મન જૈન જૈનેતરનો કશો પણ ભેદ હતો જ નહિ.

બીજી બાજુએ દેવદ્રવ્યના નામે આજે શું ચાલી રહ્યું છે તે આપણે જોઇએ. જૈન સમાજમાં ધર્મપ્રચારકો તરફથી મૂર્તિપૂજા ઉપર ખુબ ભાર મુકાતાં મૂર્તિ અને મંદિરો સ્થળે સ્થળે ઉભા થવા લાગ્યાં અને લોકોના દ્રવ્યનો પ્રવાહ પણ તે તરફ જ વહેવા લાગ્યો. સારા માઠા પ્રસંગે લોકો મંદિરના ભંડાર જ ભરતા ગયા. પરિણામે ગમે તેટલા શોભાશણગાર અને મૂર્તિ માટે સોના ચાંદીના તેમ જ હીરા મોતી માણેકનાં આભુષણો વસાવવા છતાં મંદિરોની મુડી વધવા લાગી. મુડી પાછળ ટ્રસ્ટીઓ આવ્યા અને મુડીનાં રોકાણો શરૂ થયા. આવકનો પ્રવાહ તો વહેતો જ રહ્યો. મોટી આવકવાળાં મંદિરોના ત્રસ્ટીઓ પોતાની આવકમાંથી નાના મોટા સ્થળે મંદિરો બાંધવા માટે કે જીર્ણોદ્ધાર કરવા માટે અવારનવાર નાની મોટી રકમો આપતા હોવા છતાં ટ્રસ્ટીઓની મનોદશા મુડીધારી શ્રીમન્તો જેવી જ બની ગઇ અને મંદિરો આખરે પેઢીમાં પલટાઇ ગયા. મૂળ મુડીમાં જેટલો વધારો કરે તેટલી ટ્રસ્ટીઓની વધારે કુશળતા ગણાવા લાગી. કોઇ પણ સંયોગોમાં મૂળ મુડીને તો સ્પર્શાય જ નહિ કે જૈન કોમની જરૂરિયાતોનો તે મુડીના ઉપયોગદ્વારા ઉકેલ શોધી શકાય જ નહિ. આ રીતે જાણીતા અનેક જૈન મંદિરો પાસે સ્થગિત થયેલું આજે પુષ્કળ નાણું પડયું છે અને તેને અણધાર્યો ધકકો ન લાગે ત્યાં સુધી તેમાં સાધારણ રીતે સતત વૃદ્ધિ જ થયા કરે છે. આ દ્રવ્યના ઉપયોગ વિષે બહુ બહુ તો કોઇ સ્થળે કોઇ મંદિર બંધાતું હોય તો તેની ટીપમાં ઠીક ઠીક રકમ માંડી આપવી અથવા તો કોઇ જીર્ણ મંદિરને સમરાવી આપવું અથવા તો પોતાના આલીશાન મંદિરને વધારે આલીશાન બનાવવું–આ સિવાય જૈન મંદિરના ત્રસ્ટીઓને કે જેમને તે ટ્રસ્ટીઓ જવાબદાર હોય તે સંઘના આગેવાનોને બીજી કોઇ કલ્પના હોતી નથી. તેમની ધાર્મિકતા બીજી કોઇ કલ્પનાને અવકાશ આપવાની ચોખ્ખી ના પાડે છે. આ અચલાયતન મનોદશા આજનો જાગૃત સમાજ કયાં સુધી ચલાવી શકશે ? અહિં એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે ચાલતાં મંદિરો બંધ કરવાની કે સળગતા દીવાઓ ઓલવીને બીજા દીવાઓ પ્રગટાવવાનું કોઇ કહેતું નથી. આજના મંદિરો અમર રહો ! જ્યાં જરૂર લાગે ત્યાં જરૂર નવાં મંદિરો ઉભા કરો ! પણ ઉપરના રૂપકમાં વિચારીએ તો પ્રગટેલા દીવાઓ સતેજ રાખવા માટે જોઇએ તે કરતાં ઘણો વધારે એકઠો થયેલો તેલસંચય એમનો એમ રાખી મૂકવો એ શું ડહાપણભર્યું છે ? આ તેલસંચયનો બીજો પણ સાર્વજનિક ઉપયોગ કરવાનું આપણે કયાં ન વિચારીએ ? આ ડહાપણ આપણામાં સ્વાભાવિક રીતે નહિ જ આવે ? રાજ્યસત્તા અને કાયદાના અનુશાસન સિવાય સરખી રીતે ચાલવાનું આપણે કદિ નહિ જ શિખીએ ?

આપણા જૈન સમાજે એ બાબત બરોબર સમજી લેવાની જરૂર છે. આજના કાયદા કાનુન, રાજ્યવ્યવસ્થા અને વહીવટ–એ સર્વનો ઝોક આ દેશમાં સમાજવાદી રચના ઉભી કરવા તરફ છે. આ બાબતમાં કોંગ્રેસ કે સમાજવાદપક્ષ વચ્ચે બહુ તફાવત છે જ નહિ. ગરીબ પૈસાદાર વચ્ચેના ભેદો જેમ બને તેમ દૂર કરવા, આજ સુધી દબાયલા અને કચડાયલા મજુરો અને ખેડુતોના હિતોને આગળ વધારવા, કમીશન, દલાલી, મહેનત મજુરી, વ્યાજ એવા નામે ઉઘરાવાતા વચગાળાના નફાઓ અને વ્યાજખોરીને નાબુદ કરવા અને સ્થગિત થયેલાં દ્રવ્યભંડારોને–પછી કોઇ વ્યક્તિની માલેકીના હોય કે સંસ્થાની માલેકીના હોય–સાર્વજનિક ઉપયોગના માર્ગે વહેતા કરવા–આ આજે નવનિર્માણ પામતી રચનાના મુખ્ય અંગો છે. આમ થાય તો જ હિંદુસ્થાનને મળેલું સ્વરાજ્ય સુરાજ્યમાં પરિણમે અને શોષિત જનસમુદાયનો ઉદ્ધાર થવા પામે અને જનતાની વ્યાપક કંગાળિયત નાશ પામે. આ વસ્તુસ્થિતિ ઇચ્છાએ કે અનિચ્છાએ જૈન સમાજે સ્વીકારવી જ રહી અને તદનુસાર બાપદાદાના વ્યાપારવ્યવસાય અને સંસ્થાઓના વહીવટમાં ફેરફાર કરવાના રહ્યા. માલીકે મજુરી તરફ, વ્યાપારીએ ઉદ્યોગ તરફ, વ્યાજવટાવનો ધંધો કરનારે સીધા ખેતી તરફ નજર કરવાની અને મન વાળવાની જરૂર છે. અને એવી જ રીતે અમારૂં દેવદ્રવ્ય, અને અમારી ધાર્મિક માન્યતા–આ ગાંઠો છોડીને આપણી પાસે જે કાંઇ છે તે, બહોળા જનસમુદાય સુધી ન પહોંચવું હોય તો પણ આપણુ જીવતા જાગતા છતાં ડુબતા જૈન સમાજને કેમ ઉપયોગી થાય એ દિશાએ સત્વર પગલાં ભરવાની જરૂર છે. આજે આવી રહેલી ક્રાન્તિ એક આંધી જેવી છે. શરૂઆતમાં જોસભેર પવન વાવા લાગે છે; પાછળથી ભયંકર તોફાન આવે છે. પવનથી ચેતશે

એ તોફાનથી બચશે. આજે આપણા દેવદ્રવ્યના નામે ઓળખાતા સામાજિક ધનનું શું કરવું એ વિચારવાનો અને પોતાની ઇચ્છા મુજબ ખરચવાનો અવકાશ છે. આવતી કાલે એ સ્વેચ્છાનો વિકલ્પ રહેવાનો નથી.

બીજું આજના જૈન સમાજમાં અને ખાસ કરીને જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના આગેવાનોમાં અલગવાદ ખુબ જોર પકડતો જાય છે. 'અમે જુદા, અમારી સંસ્કૃતિ જુદી, અમારો ધર્મ જુદો' આ આજના લોકસૂત્રો થઇ પડયા છે. પોતાની કોમના માણસોને પોતાની તરફ ખેંચવા માટે આ પધ્ધતિ ભલે લાભદાયી લાગે પણ લાંબી દૃષ્ટિએ વિચારતાં આ પધ્ધતિનાં જોખમો પારવિનાનાં છે હિંદુઓ સાથે જૈનોનું ઓતપ્રોતપણું એટલું બધું ગાઢ અને રૂઢ છે અને જૈનોના અસ્તિત્વ અને સંરક્ષણની દૃષ્ટિએ એ ઓતપ્રોતપણું એટલું બધું ઉપયોગી છે કે એથી અન્યથા વાત કહેવી વિચારવી કે પ્રચારવી એ પોતાના પગ ઉપર કુહાડો મારવા બરાબર છે. આજે ટેન્ડુલકર કમીટી જે માર્ગે જઇ રહી છે અને જે પ્રકારના કાયદાકાનુનની આપણને આગાહી કરાવે છે તે જેટલું જૈનોને તેટલું જ હિંદુઓને લાગુ પડે છે. આ બાબત અનિષ્ટ હોય, નુકસાનકારક હોય તો બન્ને માટે સરખી અનિષ્ટ અને નુકસાનકારક છે. તો આ બાબતમાં હિંદુસમાજ કેમ કાંઇ બોલતો કે વિરોધ ઉઠાવતો નથી એનો જૈનોએ જરા વિચાર કરવો ઘટે છે. અને આ બાબત ખરેખર વિરોધ કરવા જેવી લાગતી હોય તો જૈનોએ હિંદુઓ સાથે મળીને વિરોધનો સુર ઉઠાવવો જોઇએ. 'આજે અમારા જૈનોનું સૌ કોઇ લુંટવા બેઠા છે, જૈનોની સૌ કોઇ પાયમાલી કરવા બેઠા છે, આજના કાયદાકાનુનો પણ આ જ પ્રમાણે ઘડાઇ રહ્યા છે'– આવાં ભ્રામક ભૂતો કેટલાક જૈન આગેવાનોને વળગી રહેલાં હું જોઇ રહ્યો છું. આ લોકો પોતાના સમાજને, કોંગ્રેસને અને આપણી સરકારને એક યા બીજી રીતે ભારે નુકસાન કરી રહ્યા છે. આવી વાતો અને વિચારો નિર્માલ્ય બનેલી કોઇ લઘુમતી કોમના આગેવાનોમાં જ સંભવે. જૈનો પોતાને એક અલગ કોમ તરીકે ગણે તો તે જરૂર એક લઘુમતી કોમ ગણાય, પણ તે કોઈ પણ રીતે નિર્માલ્ય તો નથી જ. પારસીકોમ જેટલું જ અને આજના સંયોગમાં કદાચ તેથી પણ વધારે પ્રભુત્વ અને વર્ચસ્વ સામાજિક જીવનના સર્વ ક્ષેત્રોમાં જૈન સમાજ ધરાવે છે. અને જો અલગપણાની ભ્રમણાથી પોતાના મનને જૈનો જો છુટું કરે તો જૈનો હિંદુકોમનું એક અગત્યભર્યું અને અતિ મહત્વનું અંગ છે, અને એ રીતે આખી હિંદુકોમ પોતાની ઢાલ છે અને હિંદુકોમની વતી પોતાને બોલવાનો સંપૂર્ણ અધિકાર છે એમ સમજવામાં તેમ જ સ્વીકારવામાં જૈનો માટે બીજું કોઇ અંતરાયરૂપ કારણ નથી. અને હિંદુ કોમ જેવા વિશાળ સમુદાયનો સાથ અને સહકાર અને તે સાથેનું તાદાત્મ્ય કેટલી મોટી વસ્તુ છે? આ બન્ને વાસ્તવિકતાઓને જો આપણે સ્વીકારીશું તો આપણને ઘણી સાચી સુઝ પડશે અને આપણો માર્ગ ઘણો સરળ બનશે. 'પરમાનંદ'

# શ્રી ટેન્ડુલકરકમીટી સમક્ષ

## શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆની જુબાની

(ધાર્મિક સખાવતો અને પરોપકારી ટ્રસ્ટોની તપાસ કરીને રીપોર્ટ કરવા માટે મુંબઇ સરકાર તરફથી નીમાયેલી કમીટી સમક્ષ તા. ૨૦-૪-૪૮ના રોજ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ આપેલી જુબાનીનો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. આવી જ બીજી કેટલીક અગત્યની જુબાનીઓ હવે પછી પ્રગટ કરવા ધારણા છે. તંત્રી)

પ્રશ્ન : તમો મુંબઇ જૈન યુવક સંઘના ઉપ-પ્રમુખ છો?

ઉત્તર : હા.

પ્રશ્ન : સંઘને અસ્તિત્વમાં આવ્યાને કેટલો સમય થયો?

ઉત્તર : લગભગ ૨૦ વર્ષ

પ્રશ્ન : સંઘમાં કેટલા સભ્યો છે?

ઉત્તર : ૩૦૫. અમારો સંઘ જૈન સમાજના સર્વ વર્ગોનું પ્રતિનિધિત્વ ધરાવે છે. આપ જાણતા હશો કે અમારી કોમના મુખ્ય ત્રણ વિભાગો છે. અમે ત્રણે વિભાગમાંથી સભ્યો લઇએ છીએ.

પ્રશ્ન : તમે જાણો છો કે જૈનોમાં કેટલીક પેઢીઓ છે, જેના હાથમાં આવી સખાવતોનો કબજો છે.

ઉત્તર : હા. આપને ખબર આપવા પુરતું હું ઉમેરી શકું કે મારો સંબંધ શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગ સાથે છે.

પ્રશ્ન : આ પેઢીઓના વહીવટ સંબંધે તમારો શું અનુભવ છે? દાખલા તરીકે આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટ વિષે તમો શું ધારો છો?

ઉત્તર : એ પેઢીના વહીવટ વિષે મને ખાસ માહીતી નથી. તદુપરાન્ત હું કોઇ સંસ્થાનો ટ્રસ્ટી નથી. તેથી જૈન સંસ્થાઓના વહીવટો અને તેને લગતી વિગતો સંબંધમાં, દિલગીર છું કે, આપને હું બહુ પ્રકાશ પાડી નહિ શકું.

પ્રશ્ન : આણંદજી કલ્યાણજીની પેઢીના હિસાબો વખતસર પ્રગટ થાય છે કે નહિ એ વિષે તમો શું જાણો છો?

ઉત્તર : હું ધારૂં છું કે તે હિસાબો બીલકુલ પ્રગટ થતાં નથી. તે હિસાબ તે પેઢીની સામાન્ય સભા જ્યારે બોલાવવામાં આવે છે ત્યારે રજુ કરવામાં આવે છે અને પસાર કરવામાં આવે છે. મારી માહીતી આ મુજબની છે.

પ્રશ્ન : જૈનોમાં દેવદ્રવ્ય સંબંધી ચોક્કસ માન્યતા છે એ તમે જાણો છો? એ માન્યતાને તમો કેટલા અંશમાં સ્વીકારો છો? દેવદ્રવ્ય તરીકે લેખાતાં નાણાં એમને એમ પડી રહે અને કોઇ પણ કોમના હિતકારક હેતુઓ માટે એ નાણાંનો કશો ઉપયોગ થઇ ન શકે–તમો આ વિચારના પક્ષના છો?

ઉત્તર : દેવદ્રવ્યવિષે જૈનોમાં કેટલાય સમયથી એક સર્વ-સામાન્ય માન્યતા છે કે આવું દ્રવ્ય મંદિરને લગતી બાબતોમાં જ વાપરવું જોઇએ. આ માન્યતા કયારે શરૂ થઇ હશે તે વિષે ચોક્કસપણે કહી શકાય તેમ નથી. ધારો કે એક મંદિર આગળ પંદર લાખ રૂપીઆની મીલ્કત છે. એમાંથી નવું મંદિર બાંધી શકાય, અન્ય કોઇ મંદિરના જીર્ણોદ્ધારમાં એ નાણામાંથી ખરચી શકાય, પણ આ નાણું માત્ર મુર્તિના શોભાશણગાર તથા મંદિરને લગતી બાબતો માટે જ વાપરી શકાય–આવી અમારી માન્યતા છે.

પ્રશ્ન : તમોને એ માન્ય છે?

ઉત્તર : હું અંગત રીતે એ માન્યતા સ્વીકારતો નથી.

પ્રશ્ન : ધારો કે ટ્રસ્ટીઓના હાથમાં આ પ્રકારનું જે નાણું હોય તેમાંથી બીજા મંદિરોને ટેકો આપવા માટે તેમ જ મૂર્તિને શણગારવા માટે જેટલા દ્રવ્યની જરૂરિયાત હોય તેટલું દ્રવ્ય લઇ લેતાં પણ વધારો વધતો હોય, તો આવો જે કાંઇ વધારો રહે તેનો બીજા સામાજિક હેતુઓ પાછળ ઉપયોગ કરવાના વિચારને તમો સંમત કરો છો?

ઉત્તર: હા. આ મારો અંગત અભિપ્રાય છે, એટલું જ નહિ પણ છેલ્લાં વીશ વર્ષોથી અમો આ પ્રકારની હીલચાલ અને પ્રચાર કરી રહ્યા છીએ. દેવદ્રવ્યની વધારાની રકમનો આવો ઉપયોગ થવો જોઇએ એટલું જ નહિ પણ દેવદ્રવ્યની ચાલુ આવકનો ઉપયોગ પણ મંદિરની જરૂરિયાત ઉપરાંત અન્ય સામાજિક કાર્યોમાં થવો જોઇએ એવો અમારો અભિપ્રાય છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી અમો આ પ્રકારની લડત ચલાવી રહ્યા છીએ.

પ્રશ્ન: આ તમારા અભિપ્રાય તરફ તમો કેટલા લોકોને તમારી કોમમાંથી વાળી શકયા છો?

ઉત્તર: એ વિષે હું નિશ્ચિતપણે કાંઇ કહી શકું તેમ નથી.

પ્રશ્ન: તમારી કોમમાં આજે તમારૂં કેટલું બળ હોવાનું ધારો છો? તમારા જેવો અભિપ્રાય ધરાવનાર વર્ગ બહુ નાનો છે કે તે વર્ગ તમારી કોમમાં બહુમતી ધરાવે છે?

ઉત્તર : આ અભિપ્રાય ધરાવનાર વર્ગ બહુમતી ધરાવે છે એમ હું કહી નહિ શકું. આજે લોકોના અભિપ્રાય એટલી જલ્દિથી બદલાઇ રહ્યા છે કે જ્યાં સુધી કોઇ ચોક્કસ પ્રશ્ન ઉપર અમુક ધર્મ કે સમુદાયનો અભિપ્રાય ચકાસવાનો પ્રસંગ ઉભો ન થાય ત્યાં સુધી તે વર્ગ કે સમુદાયમાં અમુક અભિપ્રાય ધરાવનારાઓ બહુમતીમાં છે કે અલ્પમતીમાં એ કહેવું અશકય છે. સામાન્યતઃ અમારા આગેવાનોનું માનસ સ્થિતિચુસ્ત છે. આ મારે કબુલ કરવું જોઇએ. અમારામાં પ્રાગતિક વિચારો ધરાવનાર વર્ગ સારા પ્રમાણમાં છે પણ તેમાંના ઘણા ખરા આવી બાબત વિષે ઉદાસીન હોય છે. જો તેમને આ બાબતમાં પોતાનો અભિપ્રાય દર્શાવવાની તક આપવામાં આવે તો તેઓ જરૂર જણાવશે કે આવી રીતે એકઠું થતું નાણું મંદિર સિવાયના બીજા સાર્વજનિક કાર્યો પાછળ વપરાવું જોઇએ.

પ્રશ્ન : નવાં મંદિરો ઉભા કરવા વિષે તમે શું ધારો છો? જૈનોની વસ્તીના પ્રમાણનો વિચાર કરતાં આજે જેટલાં મંદિરો છે તેટલાં મંદિરો પુરતાં છે કે હજુ પણ તમને વધારે મંદિરોનો ખપ છે?

ઉત્તર : એવાં સ્થળો જરૂર છે જ્યાં જોઇએ તે કરતાં જરૂર વધારે મંદિરો છે. પણ સાથે સાથે એવાં પણ સ્થળો છે કે જ્યાં બીલકુલ મંદિરો નથી અને જ્યાં નવું મંદિર ઉભું કરવાની જરૂર હોવા સંભવ છે.

પ્રશ્ન : માત્ર જૈન મંદિરો સંબંધમાં જ નહિ પણ બધાં જ દેવમંદિરો સંબંધમાં અમારી કમીટી આગળ એક એવી સૂચના કરવામાં આવી છે કે જ્યાં મંદિરોની પુરતી સંખ્યા હોય ત્યાં નવાં મંદિરો ઉભા કરવાની મનાઇ કરવી જોઇએ. તમારો પણ આવો અભિપ્રાય છે?

ઉત્તર : હું તો એવો કાયદો કરવાની સૂચના કરૂં કે જેથી કોઇ પણ નવું મંદિર બંધાતાં પહેલાં સરકારની ફરજિયાત પરવાનગી લેવી જ પડે. અને સરકાર આ સત્તાનો, હું આશા રાખું છું કે, પુરી સમજણપૂર્વક ઉપયોગ કરશે. જ્યાં નવું મંદિર બાંધવાની માંગણી હોય અને તેની ખરેખર જરૂર હોય ત્યાં આવી માંગણીને મંજુરી મળવી જ જોઇએ.

પ્રશ્ન : તમે આ અભિપ્રાય જાહેર મંદિર સંબંધમાં જ જણાવો છો?

ઉત્તર : હા. ખાનગી મંદિર વિષે કશી મુશ્કેલી કે કહેવાપણું જ નથી. મારી રહેવાની જગ્યામાં આવા ગૃહમંદિર માટે એક ઓરડો હું અલાયદો રાખી શકું છું અને ત્યાં પૈસાનું ઉઘરાણું, દ્રવ્યસંગ્રહ અને તેના ઉપયોગ વગેરેનો કોઇ પ્રશ્ન જ ઉભો થતો નથી.

પ્રશ્ન : પૈસાના ઉઘરાણાનો તમે હમણાં ઉલ્લેખ કર્યો તો તેના અનુસંધાનમાં આ કમીટી સમક્ષ એક એવી સુચના કરવામાં આવી છે કે નિયત કરેલા સરકારી અધિકારી પાસેથી લાઇસેન્સ મેળવ્યા

સિવાય ધાર્મિક કે પરોપકારને લગતા કોઇ પણ કાર્ય માટે કોઇ પણ માણસ ફંડફાળો ઉઘરાવી શકે નહિ એવો કાયદો થવો જોઇએ. આ વિષે તમે શું ધારો છો?

ઉત્તર: એવી કોઇ જરૂરિયાત મને ભાસી નથી.

પ્રશ્ન: તમને આવા લોકોએ કદિ કંટાળો આપ્યો નથી?

ઉત્તર: ના.

પ્રશ્ન: તમે ખરેખર એક અપવાદરૂપ નસીબદાર માણસ છો?

ઉત્તર: આવા કોઇ કાયદાની મને કદિ જરૂરિયાત લાગી નથી. તમોએ રજુ કરેલો પ્રશ્ન એ સ્વરૂપે મારી સામે કદિ ઉપસ્થિત જ થયો નથી અને તેથી તે વિષે મેં કદિ વિચાર કર્યો નથી.

ઉપર પૂછવામાં આવેલ દેવદ્રવ્યના પ્રશ્નના અનુસંધાનમાં મારે એક વિશેષ બાબત કહેવાની છે. આ પ્રશ્ન વિષે જો કાંઇ કાયદો કરવામાં આવનાર હોય તો હું બે પ્રકારનો કાયદો કરવાનું સૂચવું. એક દેવદ્રવ્યના સામાજીક ઉપયોગની રજા આપતો; બીજો આ સંબંધમાં ફરજ પાડતો. ધારો કે હું કોઇ મંદિરનો ટ્રસ્ટી છું. આજે તો હું આ દ્રવ્યનો કોઇ પણ સામાજિક—જનસેવાના—કાર્ય માટે ઉપયોગ કરવા ઇચ્છું તો પણ આજના કાયદા નીચે તેવો ઉપયોગ હું કરી શકતો નથી. તેથી હું એમ સૂચના કરૂં છું કે જો ટ્રસ્ટીઓ ઇચ્છે તો એકઠા થયેલ કે વધારાના દેવદ્રવ્યમાંથી સાર્વજનિક ઉપયોગ માટે જરૂરી દ્રવ્ય તેઓ વાપરી શકે એવી છુટ આપતો કાયદો થવો જોઇએ. આ સંબંધમાં વિશેષ સ્પષ્ટતા કરૂં કે મંદિરોને લાગે વળગે છે ત્યાં સુધી ટ્રસ્ટીઓ જવલ્લે જ સ્વતંત્ર હોય છે. ઘણાં ખરાં મંદિરો પરત્વે ટ્રસ્ટીઓ અમુક સંઘને, કોમને અથવા તો લોકોના ચોક્કસ વર્ગને જવાબદાર હોય છે. તેથી આ છૂટ આપતો કાયદો જે સંઘને ટ્રસ્ટીઓ જવાબદાર હોય તેને લાગુ પડવો જોઇએ અને પોતાની કોમ માટે અથવા તો વધારે વ્યાપક કાર્ય માટે આ નાણાંનો ઉપયોગ કરવાની છૂટ તે સંઘને મળવી જોઇએ. પણ ધારો કે લાખો રૂપીયા વધારાના પડયા હોય તો પણ ટ્રસ્ટીઓ અથવા તો સંઘ ચાલુ પધ્ધતિમાં જરા પણ ફેરફાર કરવા માગતા નથી, એવા સંજોગોમાં લોકોપયોગી કાર્ય માટે આ નાણાનો ઉપયોગ કરવાની તેમને ફરજ પાડતો કાયદો થવો જોઇએ એમ સુચવવાની હું રજા લઉં છું. પણ જ્યારે આમ કાયદાદ્વારા તેમને ફરજ પાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે મારો એવો અભિપ્રાય છે કે જે કોમના ઉપયોગ માટે અમુક મંદિર બાંધવામાં આવ્યું હોય તે મંદિરનાં નાણાંની માલીકી તે કોમની લેખાવી જોઇએ. તેથી જ્યારે ચેરીટી—કમીશનર અથવા તો આને લગતો અધિકાર ધરાવતો કોઇ પણ અધિકારી ટ્રસ્ટીઓને લોકોપયોગી કાર્યો માટે મંદીરના વધારાના નાણાનો ઉપયોગ કરવાની ફરજ પાડે ત્યારે તે નાણાંનો ઉપયોગ તે ચોક્કસ કોમ પૂરતો જ મર્યાદિત રહેવો જોઇએ. જો હું કોઇ મંદિરનો ટ્રસ્ટી હોઉં અને તમારી તરફના કોઇ પણ દબાણ સિવાય મારા હસ્તકના નાણાનો લોકોપયોગી કાર્ય માટે હું સ્વેચ્છાએ ઉપયોગ કરવા માંગતો હોઉં તો બધી કોમો માટે હોસ્પીટલ અથવા તો કોલેજ જેવા કોઇ પણ વધારે વ્યાપક કાર્ય માટે તે નાણાંનો ઉપયોગ કરવાનો વિકલ્પ મને સુલભ હોવો જોઇએ. પણ તમારી તરફથી મને ફરજ પાડવામાં આવતી હોય તો મારી કોમથી વધારે વ્યાપક પ્રદેશ માટે તે નાણા વાપરવાની મને ફરજ પાડવી જોઇએ નહિ.

પ્રશ્ન: તમે કહો છો તેના અનુસંધાનમાં એમ દલીલ કરવામાં આવે છે કે જો હિંદુ ટ્રસ્ટોના વધારાના નાણાંનો જૈનોને લાભ મળતો હોય તો જૈન ટ્રસ્ટોનાં વધારાનાં નાણાંનો હિંદુઓને લાભ શા માટે ન મળવો જોઇએ? હિંદુ ચેરીટીઓના વધારાના ફંડના લાભથી જૈનોને વંચિત રાખવા જાઇએ એમ તમે કહેવા માગો છો?

ઉત્તર: હું હિંદુઓ અને જૈન વચ્ચે કશો ભેદ ગણતો નથી.

પ્રશ્ન: તમે આવો કોઇ ભેદ ગણતા નથી એ જાણીને હું આનંદ પામું છું, પણ કમનસીબે અમારી પ્રશ્નમાળાના અમુક શબ્દો સામે વાંધો ઉઠાવતા અમને એક બે પત્રો મળ્યા છે. જૈનો હિંદુઓ જ છે એમ હું માનતો હતો અને તેથી આવા રોષયુક્ત પત્રો વાંચીને મને આશ્ચર્ય થયું હતું.

ઉત્તર: હું જે કહેવા માગું છું તે આ પ્રમાણે છે. ધારો કે સ્વામીનારાણના મંદિરમાં નાણાંનો વધારો છે. હવે આપ જો આ નાણાનો સામાજીક ઉપયોગ કરવાની ફરજ પાડવા માંગતા હો તો હું એમ કહેવા માંગુ છું કે આનો લાભ માત્ર સ્વામીનારાયણ સંપ્રદાયને જ મળવો જોઇએ. જ્યારે પણ કોઇ એક મોટી કોમના અમુક વિભાગ સાથે જ અમુક ચેરીટીનો સંબંધ હોય ત્યારે, સિવાય કે તે વિભાગના લોકો વ્યાપક કાર્ય માટે તે નાણાનો ઉપયોગ કરવાના પક્ષમાં હોય તે સંજોગ બાદ કરતાં વધારાના નાણાનો લાભ તે કોમને જ મળવો જોઇએ.

પ્રશ્ન: જૈનો સંબંધમાં સંઘ નામની એક સંસ્થા છે. બીજી જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓમાં આવા કોઈ સંઘની વ્યવસ્થા જોવામાં આવતી નથી. આવા સંજોગોમાં વધારાનાં નાણાંનો જનહિતના વ્યાપક કાર્યમાં ઉપયોગ કરવા માટે કોની મંજુરી મેળવવી?

ઉત્તર: દરેક ઠેકાણે કોઇને કોઇ સંસ્થા હોય છે. દા. ત. કપોળ કોમ. આવો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે આખી કોમનો અભિપ્રાય મેળવવો જોઇએ.

પ્રશ્ન: આખી કોમના માણસોના મત મેળવવાની ગોઠવણ કર્યા સિવાય આ તમે કઇ રીતે કરી શકશો?

ઉત્તર: કપોળ કોમનું ખાસ બંધારણ છે. તેમના પ્રમુખ છે તથા મંત્રી છે, તેમનીદ્વારા કોમનો મત મેળવી શકાય.

પ્રશ્ન: મુંબઇમાં એવાં મંદિરો છે જેનો વહીવટ હિંદુ કોમનો એક નાનો વર્ગ કરે છે, અને એમ છતાં એ મંદિરો એ નાના વર્ગની માલેકિના છે જ નહિ. આ મંદિરોનાં વધારાનાં નાણાંનો લાભ કોને મળવો જોઇએ? આખી હિંદુ કોમને વ્યાપક રીતે કે જે નાનો વર્ગ આ મંદિરોનો વહીવટ કરે છે તેને? આપણે એક ચોક્કસ દાખલો વિચારીએ. ભુલેશ્વરનાં મંદિરનો કંઇ કાળથી ગૌડ સારસ્વત કોમ વહીવટ કરે છે. એ લોકો દર વર્ષે સભા ભરે છે અને ટ્રસ્ટીઓને ચુંટે છે. એ મંદિર પાસે અમુક લાખ રૂપીઆની મુંડી છે. એનો લાભ કોને મળવો જોઇએ? સારસ્વતોને કે આખી હિંદુ કોમને?

ઉત્તર: જે કોઇ ચેરીટીને લગતો પ્રશ્ન આ રીતે ઉભો થાય તે ચેરીટીની વિગતો અને વિશેષતાઓ આપણે બરાબર તપાસવી જોઇએ. પ્રસ્તુત બાબતમાં આપણે સહેલાઇથી એવો નિર્ણય જાહેર કરી શકીએ તેમ છે કે આ મંદિરને લગતાં નાણાંઓ આખી હિંદુ કોમ પાસેથી મળેલાં છે.

પ્રશ્ન: આમ છતાં પણ જે કોમ આ મંદિરનો વહીવટ કરે છે તે કોમ આ નાણાં ઉપર પોતાની માલેકીનો દાવો કરે છે. તેઓ એમ કહે છે કે મૂળ સખાવત તેમની કોમ તરફથી કરવામાં આવી હતી. આ મંદિર સંબંધે કોર્ટમાં ખટલો પણ થયો હતો.

ઉત્તર: જે જનસમુદાય તરફથી આવકનો પ્રવાહ વહેતો હોય તે જનસમુદાયને પણ લક્ષ્યમાં લેવો જોઇએ. જે સમાજનો મંદિરની આવકમાં મોટો ફાળો હોય તેને વધારાનાં નાણાંનો લાભ મળવો જોઇએ.

પ્રશ્ન: એ તમે કઇ રીતે નક્કી કરો?

ઉત્તર: મારૂં એમ કહેવું છે કે આખી હિંદુ કોમને આનો લાભ મળવો જોઇએ. દરેક કીસ્સાનો નિર્ણય તેને લાગતી વળગતી વિગતો ધ્યાનમાં લઇને કરવો જોઇએ.

પ્રશ્ન: હું તમારી દલીલ સમજી શકું છું. જ્યારે અમુક ચેરીટીનો લાભ ઉઠાવનાર ચોક્કસ વર્ગ હોય છે ત્યારે તો તે ચોક્કસ વર્ગને તેના વધારાનાં નાણાંનો લાભ મળવો જોઇએ.

એ તમારી વાત બરાબર સમજી શકાય છે. હું તમારી સામે એક એવો દાખલો રજુ કરૂં છું કે જ્યાં લાભ ઉઠાવનાર એવો એક ચોક્કસ વર્ગ આપણી નજર સામે દેખાતો નથી, વળી એકઠું થયેલું નાણું દેવદ્રવ્યની કક્ષાનું છે અને મંદિર હિંદુમંદિર છે. આ દેવદ્રવ્યને હજુ સુધી કોઇ અડકયું નથી. સારસ્વત કોમે તેને હાથ લગાડયો નથી, અને તે ત્યાં એકઠું થયેલું પડયું છે. ધારો કે ત્યાં સ્થગિત થઇ રહેલા ત્રણ ચાર લાખ રૂપીઆ વપરાવા જોઇએ એમ આપણે કહીએ છીએ. તે કોના ઉપયોગ માટે વપરાવા જોઇએ?

ઉત્તર: એનો અર્થ એ થયો કે ટ્રસ્ટીઓ હિંદુ કોમના કોઇ ચોક્કસ વર્ગને જવાબદાર નથી. જો એમ હોય તો તે ટ્રસ્ટીઓને જનહિતના વ્યાપક કાર્ય માટે આ નાણાનો ઉપયોગ કરવા માટે ફરજ પાડવી જોઇએ.

પ્રશ્ન: જો તેઓ એમ કરવા જાય તો બીજા વર્ષની ચુંટણીમાં એ કોમ તે ટ્રસ્ટીઓને કાઢી જ મૂકે!

ઉત્તર: જો આ ટ્રસ્ટીઓ હાંકી કાઢી શકે એવો કોઇ વર્ગ હોય તો એનો અર્થ એમ થયો કે એક એવો ચોક્કસ વર્ગ છે કે જેને આ ટ્રસ્ટીઓ મંદિરના વહીવટ માટે આખરે જવાબદાર છે. તો પછી આ વર્ગના હિત માટે આ નાણાનો ઉપયોગ થવો જોઇએ. સાથે સાથે જે જનસમુદાય તરફથી આ જ ખાતામાં પ્રવાહબદ્ધ આવક ચાલી આવતી હોય તેને પણ લક્ષ્યમાં લેવી જ જોઇએ. ભુલેશ્વર અને બાબુલનાથના મંદિરોની બાબતમાં આખી હિંદુ કોમ આ મંદિરને સમૃદ્ધ કરી રહેલ છે. આમ હોવાથી આખી હિંદુ કોમને આવક માટે જવાબદાર લેખવી જોઇએ અને આખી હિંદુ કોમને વધારાના નાણાંનો લાભ મળવો જોઇએ. આપણે આ રીતે જ આ બાબતનો નિર્ણય કરી શકીએ.

પ્રશ્ન: આ વિચાર અથવા તો યોજનાનો વ્યવહારૂ અમલ કરવામાં જ મુશ્કેલી આવે છે. ધારો કે આ નાણાંનો આખી હિંદુ કોમના ભલા માટે ઉપયોગ કરવાની ટ્રસ્ટીઓને છુટ આપવામાં આવી છે. આ છુટનો લાભ લેવા માટે ટ્રસ્ટીઓએ કોની મંજુરી મેળવવી? જેઓ ટ્રસ્ટીઓને ચુંટતા હોય તેમની, મંદિરના ઉપાસકોની કે આખી હિંદુ કોમની?

ઉત્તર: આ સંબંધમાં વ્યાજબી પદ્ધતિ શોધી કઢવાનું કામ તમો કાયદાશાસ્ત્રીઓનું છે.

આ સંબંધી બીજી એક બાબત તરફ આપનું હું ધ્યાન ખેંચવા માંગું છું. અમારા સંઘ તરફથી આપની પ્રશ્નાવલિમાં મોકલેલા જવાબોમાં અમોએ ટ્રસ્ટીઓના કામચલાઉ બે ભેદ પાડયા છે. જવાબદાર અને બીનજવાબદાર ટ્રસ્ટીઓ. સાધારણ રીતે આવા કોઇ ભેદનો અર્થ નથી. મારો કહેવાનો આશય એ છે કે જે ટ્રસ્ટોના વહીવટ પાછળ કોઇ ચોક્કસ સંસ્થા હોય તે ટ્રસ્ટોને ચર્ચાની સગવડ ખાતર હું જવાબદાર ટ્રસ્ટો તરીકે વર્ણવું છું અને જેની પાછળ આવી કોઇ સંસ્થા ન હોય તેને બીનજવાબદાર ટ્રસ્ટો તરીકે હું વર્ણવું છું.

પ્રશ્ન: કોઇ પણ ટ્રસ્ટની પાછળ કોઇ સંસ્થા છે કે નહિ તે તમે કઇ રીતે શોધી કાઢશો? આ બહુ મુશ્કેલ કામ છે. કોઇ પણ ટ્રસ્ટ આવી એક સંસ્થા ઉભી કરી શકે છે. એ ટ્રસ્ટીઓ પોતામાંથી જ ૧૧ માણસોની એક રજીસ્ટર્ડ સોસાયટી ઉભી કરી શકે છે અને આ ૧૧ માણસો પોતાના સગાવહાલાં કે મિત્રો હોઇ શકે છે કે જેઓ તમો કહો તે મુજબ સંમતિ આપવાને હંમેશા તૈયાર જ હોય. એ લોકો વર્ષે વર્ષે સભાઓ ભરશે અને મનમાનીતી ચુંટણીઓ કરાવી શકશે. આને તમે જવાબદાર સંસ્થા કહો છો?

ઉત્તર: ના. ધારો કે એક વિદ્યાલય છે અને તેના ૩૦૦ સભ્યો છે. આ વિદ્યાલય સાથે જોડાયલું એક ટ્રસ્ટીમંડળ છે. આને હુ જવાબદાર ટ્રસ્ટ કહુ છું. બીજી બાજુએ ધારો કે મેં ચોક્કસ હેતુ માટે બે લાખ રૂપીઆની સખાવત જાહેર કરી છે અને તેનું હું એક ટ્રસ્ટ બનાવું છું અને એ ટ્રસ્ટમાં મારા મિત્રોની ટ્રસ્ટીઓ તરીકે નિમણુંક કરૂં છું. આ ટ્રસ્ટનો વહીવટ જરૂર યથાર્થ રીતે ચાલતો હશે. એમ છતાં પણ આને હું બીન જવાબદાર ટ્રસ્ટ લેખું છું. આવું ટ્રસ્ટ દાતાના પોતાના વર્તુલ સિવાય કોઇ પણ વધારે વ્યાપક સંસ્થાને જવાબદાર નથી.

પ્રશ્ન: આવાં ટ્રસ્ટો બરાબર ચાલતા નથી એમ તમે કેમ કહી શકો છો?

ઉત્તર: હું એમ કહેતો જ નથી. હું એટલું જ સુચવવા માંગું છું કે આવા ટ્રસ્ટો ઉપર વધારે દેખરેખ રાખવી જોઇએ.

પ્રશ્ન: એ તો બનવાનું જ છે. ગમે તેવો કાયદો કરવામાં આવે, જે ટ્રસ્ટોનો વહીવટ ખરાબ રીતે કરવામાં આવતો હશે તે ટ્રસ્ટોમાં સરકારી દખલગીરીને જેટલો અવકાશ હશે તેવી કોઇ દખલગીરીને સુવ્યસ્થિત ટ્રસ્ટોમાં અવકાશ નહિ જ હોય. આખરે જે ક્ષણે એમ માલુમ પડશે કે અમુક ટ્રસ્ટનો વહીવટ બહુ સારી રીતે ચાલી રહ્યો છે તે ક્ષણથી તે ટ્રસ્ટના વહીવટમાં કશી પણ દખલગીરી કરવામાં નહિ આવે. પણ જો સરકારી અધિકારીને કોઇ પણ ટ્રસ્ટનો વહીવટ ગેરવ્યવસ્થાથી ભરેલો માલુમ પડશે તો કાયદાની બધી કલમો તેને લાગુ પાડવામાં આવશે અને તેની સાથે સખ્તાઇથી કામ લેવામાં આવશે.

વારૂ, હવે આપણે આગળ ચાલીએ. કેટલાએક જૈન ટ્રસ્ટોએ પોતાના નાણાં સોના ચાંદીમાં રોકેલા છે એમ માલુમ પડયું છે. સદ્‌ભાગ્યે સોના ચાંદીના ભાવોમાં ઉછાળો આવ્યો છે અને ઉત્તરોત્તર વધતા જ રહ્યા છે પણ આ ભાવ કયારે નીચા ઉતરશે એ તો ઇશ્વર જ જાણે છે. સોનાનો ભાવ હિંદુસ્તાન કરતાં ઇગ્લાંડમાં ઘણો નીચો છે. આવું નાણાનું રોકાણ કાયદાએ મંજુર રાખવું જોઇએ એવો તમારે અભિપ્રાય છે? મને એમ માલુમ પડયું છે કે મુંબઇ એકલામાં જ જૈન ચેરીટીઓનો ૧૧ લાખથી વધારે રકમ સોના ચાંદીની પાટોમાં રોકાયેલી છે. અમદાવાદમાં ૧૦ લાખ અને સુરતમાં એક લાખનું રોકાણ પણ આ પ્રકારનું છે.

ઉત્તર: કોઇ પણ પ્રકારના રોકાણના ભાવ વધવા ઘટવાની એટલી જ શકયતા છે.

પ્રશ્ન: એ બરોબર છે. પણ જો તમારી પાસે ગવર્મેન્ટ પેપર હોય તો દર વર્ષે તમને અમુક આવક તો થવાની જ.

ઉત્તર: આ બાબત વિષે હું કોઇ ચોક્કસ અભિપ્રાય આપી શકતો નથી. ટ્રસ્ટોનો વહીવટ વૈશ્ય વ્યાપારીઓના હાથે ચાલી રહ્યો હોય છે અને તેઓ નાણાના રોકાણ સંબંધમાં ભારે કુશળ હોય છે અને તેમને સોના ચાંદીમાં કરવામાં આવતું રોકાણ પુરેપુરૂં લાભદાયી અને સંગીન લાગ્યું ન હોત તો તેઓ કદિ એવું રોકાણ કરત નહિ. અલબત્ત આમાં અમુક જોખમ તો છે જ.

પ્રશ્ન: પણ ટ્રસ્ટીઓ પોતાની વ્યાપારી કુશળતા ઉપર મદાર બાંધીને મંદિરની મીલ્કતમાંથી સારો નફો તારવવાના હેતુથી આમ સટ્ટો ખેલે એ બાબતને તમે સંમત કરશો?

ઉત્તર: નહિ.

પ્રશ્ન: આનું પરિણામ તો આવું જ આવે છે. મંદિરનાં નાણાં ઉપર તેઓ પોતાની વ્યાપારી કુશળતાનો એક પ્રકારનો પ્રયોગ અજમાવી રહ્યા છે.

ઉત્તર: આમ તેમણે ન જ કરવું જોઇએ. આ બાબતમાં હું આપને સંમત થાઉં છું.

પ્રશ્ન: હવે મંદિરની મોટી મોટી રકમો ખાનગી પેઢીઓમાં જમે રાખવામાં આવે છે. આ વિષે તમારૂં શું કહેવું છે?

ઉત્તર: આવી રીતે ખાનગી પેઢીઓમાં આવાં નાણાં જમે ન જ થવા જોઇએ. પણ ઘણા ખરા મંદિરોનો વહીવટ ટ્રસ્ટએકટના ધોરણ ઉપર જ ચાલે છે અને ટ્રસ્ટના નાણાંનાં રોકાણ સંબંધે

10



ટ્રસ્ટએક્ટમાં ચોક્કસ નિયમો છે. એ નિયમો મુજબ જ દેવદ્રવ્યનું ઘણુંખરૂં રોકાણ થાય છે.

પ્રશ્ન : દેવદ્રવ્યના સામાજિક ઉપયોગની મના કરતા ધર્મશાસ્ત્રોના કોઇ ઉલ્લેખો તમારા ધ્યાનમાં છે?

ઉત્તર : એવા ઉલ્લેખો હોવા જોઇએ. એ સંબંધમાં મારી પાસે કોઇ ચોક્કસ માહીતી નથી. આમ છતાં પણ આ સુધારો આપણે દાખલ કરવો જ જોઇએ એમ હું અંગત રીતે માનુ છું. ધર્મશાસ્ત્રોના ઉલ્લેખોના કારણે આપણે કાળની સાથે કુચ કરતાં થંભી જવું જોઇએ એમ હું માનતો નથી. જો કે ધર્મશાસ્ત્રો હરિજનોના મંદિરપ્રવેશને સંમત કરતા નહોતા એમ છતાં પણ આપણા મંદિરોમાં તેમને પ્રવેશ કરવાની આપણે છુટ આપી છે. આ દિશાએ પણ આપણે આવું જ પગલું ભરવું જોઇએ.

પ્રમુખ : તમારો હું ઉપકાર માનું છું.

અનુવાદક : **પરમાનંદ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજી. નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૩

મુંબઈ: ૧ જુન ૧૯૪૮ મંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## ટેન્ડુલકર કમીટી સમક્ષ

### શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ આપેલી જુબાની

(તા. ૨૨-૪-૪૮ ના રોજ ટેન્ડુલકર કમીટી સમક્ષ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ જે જુબાની આપી હતી તેમાંના ઘણા ખરા અગત્યના ભાગનો અનુવાદ નીચે આપવામાં આવે છે. શેઠ કસ્તુરભાઇ જૈન સમાજની એક વિશિષ્ટ વ્યક્તિ છે. તેઓ વ્યાપારઉદ્યોગના ક્ષેત્રમાં અત્યન્ત માનવન્તુ સ્થાન ધરાવે છે. સરકારમાં પણ તેઓ સારી લાગવગ તેમજ પ્રતિષ્ટા ધરાવે છે. તેમણે પોતાની જુબાનીમાં રજુ કરેલા વિચારોથી પ્રબુદ્ધ જૈન અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘનાં વિચારો અને વળણો ઘણાં જ જુદા પડે છે, એમ છતાં પણ જૈન સમાજની આવી એક મોભાદાર વ્યક્તિ પ્રસ્તુત ચર્ચાસ્પદ બાબતો પરત્વે કેવા વિચારો ધરાવે છે એ બાબતની જૈન તેમ જ જૈનેતર સમાજને પ્રમાણભૂત માહીતી મળે એ હેતુથી તેમની જુબાનીના અગત્યના ભાગો અહિં પ્રગટ કરવામાં આવે છે. અન્ય વિદ્વાનો અને વિચારકોએ આ કમીટી સમક્ષ રજુ કરેલા વિચારો હવે પછીના અંકમાં રજુ કરવા ધારણા છે. શેઠ કસ્તુરભાઇએ આપેલી જુબાનીની નકલ અમને પુરી પાડવા માટે શેઠ કસ્તુરભાઇનો આભાર માનવામાં આવે છે. **પરમાનંદ.**)

**પ્રશ્નકાર: કમીટિના પ્રમુખ ટેન્ડુલકર**

પ્ર. ટે.: આપ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મુખ્ય ટ્રસ્ટી છો.

ક. લા.: હા

પ્ર. ટે.: તમારા બંધારણ પરથી અમને માલુમ પડે છે કે જુદા જુદા સ્થળના સંઘો પ્રતિનિધિઓ ચુંટે છે, અને આ પ્રતિનિધિઓ મેનેજીંગ કમીટીની ચુંટણી કરે છે.

ક. લા.: પ્રદ્ધતિ એવી છે કે જુદા જુદા સ્થળના સંઘો પોતાના પ્રતિનિધિઓ ચુંટે છે. જેઓ જરૂર મુજબ વરસમાં એક કે બે વાર મળે છે. મેનેજીંગ ટ્રસ્ટીઓનું મંડળ અમદાવાદનું જ હોય છે અને જ્યારે તેમાંથી કોઇની જગ્યા ખાલી પડે છે ત્યારે ટ્રસ્ટીઓ પોતાની અંદરથી જ ખાલી પડેલી જગ્યાની પુરવણી કરે છે અને જુદા જુદા સ્થળોએથી ચુંટાયલા ૧૦૮ પ્રતિનિધિઓની તે સંબંધમાં અનુમતિ મેળવવામાં આવે છે.

પ્ર. ટે.: સંઘમાં કોનો કોનો સમાવેશ થાય છે?

ક. લા.: જૈનો જે રીતે સંઘ શબ્દનો અર્થ સમજે છે તે રીતે સંઘમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર વર્ગનો સમાવેશ થાય છે. પણ સાધારણ રીતે અમુક સ્થળે રહેતા જૈનો એટલે સંઘ એમ સમજવામાં આવે છે.

પ્ર. ટે.: આણંદજી કલ્યાણજીની પેઢી પાસે આજે કેટલી મુડી હશે?

ક. લા.: લગભગ ૬૦ લાખ રૂપીઆ.

પ્ર. ટે.: ધાર્મિક નિમિત્ત સિવાય આ નાણામાંથી કેઇ સામાજીક હેતુ માટે કશી પણ રકમ વાપરવામાં આવે છે ખરી?

ક. લા.: ના.

પ્ર. ટે.: આ પેઢી તેમ જ અન્ય જૈન સંસ્થાઓ તરફથી મળેલા જવાબો ઉપરથી મને માલુમ પડે છે કે દેવદ્રવ્ય સામાજિક ઉપયોગ માટે વાપરી ન શકાય એવી જૈન ધર્મની આજ્ઞા છે.

ક. લા: હાજી, એમ જ છે.

પ્ર. ટે.: આવો શાસ્ત્રીય ઉલ્લેખ ક્યાં છે તે મને કહી શકશો? કોઇ આગમોમાં આવો ઉલ્લેખ છે ખરો?

ક. લા.: આવી બાબતમાં હું એક અલ્પજ્ઞ શ્રાવક છું, પણ આ બાબતમાં જે સાધુઓ પ્રમાણભૂત ગણાય છે અને દેવદ્રવ્યના ઉપયોગ સંબંધે શાસ્ત્રીય ઉલ્લેખો રજુ કરી શકે એમ છે એવા સાધુઓ પાસેથી આને લગતાં પ્રમાણો હું મેળવી આપી શકીશ.

પ્ર. ટે.: આપ આવા પ્રમાણ મેળવી આપી શકશો તો હું બહુ રાજી થઇશ. મને આવા પ્રમાણોની ખાસ અપેક્ષા છે. કારણ કે જૈનોના ધાર્મિક ખાતાનાં નાણાં સામાજિક કાર્યોમાં વાપરી ન જ શકાય એમ માનવાને કશું જ કારણ નથી એવી અમારી પાસે જુબાનીઓ આવી છે. દેવદ્રવ્યનો આવો ઉપયોગ વ્યાજબી છે કે નહિ એ બાબતમાં અમારે છેવટના નિર્ણય પર આવવું જોઇએ. આ સંબંધમાં નિર્ણય લેતાં અમારે પુરી સંભાળ લેવી જ રહી.

ક. લા.: સમાજના અમુક વર્ગના વિચારો સાંભળીને આપ દોરવાઇ નહિ જાઓ એ બાબતની મને ખાત્રી છે.

પ્ર. ટે.: દેવદ્રવ્યનો સામાજિક કાર્યો માટે લેશમાત્ર ઉપયોગ થઇ ન શકે એમ આપ કહેવા માંગો છો એમ હું સમજુ છું.

ક. લા.: બરોબર એમ જ.

પ્ર. ટે.: આણંદજી કલ્યાણજીની પેઢીનાં નાણાં ખાનગી પેઢીઓમાં રોકવામાં આવે છે?

ક. લા.: છેલ્લા પચાસ સાઠ વર્ષથી કોઇ પણ ખાનગી પેઢીમાં રોકવામાં આવ્યા નથી.

પ્ર. ટે.: બીજી જૈન ચેરીટીઓ સંબંધમાં આમ હોય એમ કમનસીબે માલુમ પડતું નથી.

ક. લા.: મને લાગે છે કે આપને મળેલી માહીતી મોટાં ટ્રસ્ટો પુરતી બરોબર નથી. તેઓ કાં તો સ્થાવર મિલ્કતોમાં અથવા તો વ્યાજ મળે એવા સરકારી કાગળીયાઓમાં નાણાં રોકે છે. ખાનગી પેઢીમાં પૈસા રોકતા હોય એવા કેટલાં ટ્રસ્ટો છે તેની મને ખબર નથી.

પ્ર. ટે.: કેટલીક જૈન ચેરીટીઓના વ્યવસ્થાપકો તરફથી મળેલા જવાબો આપના અભિપ્રાય સાથે મળતા થતા નથી. ઘણી પેઢીઓએ કબુલ કર્યું છે કે તેઓએ પોતાની હસ્તકનાં નાણાં ખાનગી પેઢીઓમાં રોકેલાં છે અને તેના બચાવમાં તેઓ જણાવે છે કે તેમને વ્યાજના આકારમાં તેવા રોકાણનો સારો બદલો મળે છે, જે ટ્રસ્ટના

ખરચોને પહોંચી વળવા માટે જરૂરનો હોય છે અને ખાનગી પેઢીમાં આવી રીતે નાણાં રોકવાનું જોખમ બહુ થોડું હોય છે અને તે સામે જે બદલો મળે છે એ જોતાં એટલું જોખમ ખેડવું એ તેમને યોગ્ય લાગે છે. જો આપ કહો છો તેમ આ મુજબની ચાલુ રીતરસમ ન હોય તો તે સાંભળીને મને આનંદ થાય છે.

ક. લા.: હું નમ્રપણે રજુ કરૂં છું કે જૈન ચેરીટીઓની કુલ રકમ કેટલી છે અને ખાનગી પેઢીઓમાં આમાંનો કેટલો ભાગ રોકવામાં આવે છે તેની આપ સરખામણી કરશો તો મને ખાત્રી છે કે મારૂં કહેવું આપને બરોબર સાચું માલુમ પડશે.

પ્ર. ટે.: આપને એક દાખલો આપું. મુંબઇમાં શ્રી. વીર જૈન કાઠિયાવાડ પાઠશાળા નામની એક સંસ્થા છે. તેની રૂા. ૭૦૦૦૦ ની મુડીમાંથી રૂા. ૫૭૦૦૦ જેટલી મોટી રકમ ખાનગી પેઢીમાં રોકવામાં આવેલ છે.

ક. લા.: મને લાગે છે કે આ સંબંધમાં યોગ્ય નિર્ણય ઉપર આવવા માટે આપે જૈન ચેરીટીઓની કુલ રકમ કેટલી થાય છે તે આપે નક્કી કરવું જોઇએ અને આમાંના કેટલા ટકા ખાનગી પેઢીમાં રોકાયલા છે તેની તારવણી કરવી જોઇએ.

પ્ર. ટે.: આપની વાત બરોબર છે. અમે આને લગતી હકીકતો સરકારી દફતરમાંથી એકઠી કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ અને તે ઉપરથી સત્ય શું છે તે માલુમ પડશે. પણ ખાનગી પેઢીમાં પૈસા રોકવા એ ઇચ્છવાયોગ્ય પધ્ધતિ નથી એમ તો આપ માનો છોને?

ક. લા.: એ ચોક્કસ અનિચ્છનીય પદ્ધતિ છે.

પ્ર. ટે.: હવે એક બીજા પ્રકારના રોકાણનો વિચાર કરીએ કે જે માત્ર જૈન ચેરીટીઓમાં જ જોવામાં આવે છે. આ રોકાણ સોના ચાંદીને લગતું છે. આ પ્રકારનું નાણાનું રોકાણ આપને યોગ્ય લાગે છે?

ક. લા.: હા. મને લાગે છે કે આવું રોકાણ ઇચ્છવાયોગ્ય છે. સંભવ છે કે બીજી કમીટી માફક તમારી કમીટી એમ સુચવે કે ટ્રસ્ટના ફંડો સરકારી કાગળીયામાં જ રોકવા જોઇએ. પહેલા વિશ્વવિગ્રહ દરમિયાન આપણે બધા જાણીએ છીએ તે રીતે સાડાત્રણ ટકાની સો રૂપીઆની લોનનો ભાવ ૪૭ ટકા ઉતરી ગયો હતો અને ૫૭ ના ભાવમાં વેચાણી હતી. ગવર્મેન્ટ સીક્યુરીટીમાં જે લાખોની સંખ્યામાં આવું નાણું રોકાયેલું હતું તેને કેટલી ખોટ આવી હશે તે આપ સહજ કલ્પી શકશો. બધું નાણું એક જ ઠેકાણે રોકવું એ ડહાપણભર્યું નથી. આ રીતે સરકારી કાગળીઆની ગમે તેટલી સધ્ધર સ્થિતિ હોય તો પણ તેમાં બધું નાણું રોકવું તે ડહાપણભર્યું નથી. જર્મની અને ફ્રાંસમાં શું બન્યું એ પણ આપણે જાણીએ છીએ. તેથી ટ્રસ્ટફંડનો અમુક ભાગ સોના ચાંદીમાં રોકવામાં આવે એ જરૂર ડહાપણભર્યું છે. વિશેષમાં અમે જે કાંઇ સોનાચાંદીમાં રોકાણ કરીએ છીએ તે કોઇ સટ્ટાના હેતુથી કરતા નથી. અમોએ કરેલી સોના ચાંદીની ખરીદીનો મોટો ભાગ કાંઇ મોટી કીમત આપીને ખરીદાયો નથી. જયારે ચાંદીનો ભાવ ૪૦ થી ૫૦ ની આસપાસનો હતો અને સોનું ૨૫ થી ૩૦ ની આસપાસનું હતું ત્યારે જ આવી ખરીદી કરવામાં આવી હતી. તેથી જો ટ્રસ્ટીઓએ પોતાની હસ્તકનાં નાણાં સોનાચાંદીમાં રોકયા હોય તો તે સંબંધમાં તેમને કોઇ પણ પ્રકારનો દોષ દેવો યોગ્ય નથી એમ મને લાગે છે. તેમણે બરોબર જ કર્યું છે એમ મારે કહેવું જોઇએ.

પ્ર. ટે.: મને એડવોકેટ જનરલે હજુ હમણાં જ જણાવ્યું હતું કે પંદર દિવસ પહેલાં તેમની સમક્ષ રજુ કરવામાં આવેલી એક યોજના (Scheme) માં આજના ભાવે સોનું ખરીદવાની માંગણી કરવામાં આવી હતી. જ્યારે સોના ચાંદીના ભાવ બહુ નીચા હતા ત્યારે આવા રોકાણ કરવામાં આવતા હતા એમ નથી. આજના ઉંચા ભાવોમાં પણ તેઓ આવા રોકાણ કરવા માંગે છે. એક બીજી બાબત એ છે કે સોનાચાંદીમાંથી કાંઇ નિષ્પન્ન તો થતું જ નથી.

ક. લા.: એ હું કબુલ કરૂં છું.

પ્ર. ટે.: તો પછી ટ્રસ્ટફંડોમાંથી વ્યાજની રીતે પણ કાંઇક દ્રવ્ય ઉત્પન્ન થવું જોઇએ એ જરૂરી નથી?

ક. લા.: નાણાંમાંથી વ્યાજ ઉત્પન્ન થવું જોઇએ એ બરોબર છે, પણ એથી વધારે અગત્યની બાબત તો મુડીની સહીસલામતિને લગતી છે. નાનું સરખું વ્યાજ કમાવા જતાં પણ આપણી મુડીને ધસારો ન લાગે એ આપણે ખાસ જોવું જોઇએ.

પ્ર. ટે. મુડીનો હેતુ શું છે? જો એમાંથી કાંઇ પેદા ન થાય તો અમારી પાસે આટલી મુડી છે એટલા સંતોષ ખાતર જ આપણે મુડી ભેગી કરવી એમ?

ક. લા.: અમારી પાસેના નાણાંની અમને કઇ રીતની જરૂરીઆત છે તે હું આપને સમજાવું. કોઇ પણ ચોક્કસ હેતુ માટે બાજુએ રાખી મુકેલાં નાણાં નકામા પડી રહ્યાં છે એમ આપને લાગતું હશે; પણ એ બરોબર નથી. આપને એક દાખલો આપું. આબુ પર્વત ઉપર અમારાં અમૂલ્ય મંદિરો છે. એ મંદિરો ૧૦૪૧ ની સાલમાં બંધાયાં હતાં અને અમારો એ ૯૦૦ વર્ષનો વારસો છે. એના સમારકામ પાછળ અમે આજ સુધીમાં બહુ નાણું ખરચ્યું નથી. પણ હવે એવો વખત આવ્યો છે કે તેના જીર્ણોદ્ધાર પાછળ અમારે એક બહુ મોટી રકમ ખરચવી જોઇએ. હમણાં જ મુંબઇથી અમે કેટલાક જાણીતા શિલ્પશાસ્ત્રીઓને ત્યાં લઇ ગયા હતા અને પ્રસ્તુત જીર્ણોદ્ધારનો બાવીશ લાખ રૂપીઆ ખર્ચ આવશે એવો તેમણે અડસટ્ટો કાઢી આપ્યો હતો. આ કોઈ એવી નાની સુની રકમ નથી કે જે મુંબઇ, અમદાવાદ કે કોઇ પણ અન્ય સ્થળેથી એકાએક પેદા કરી શકાય. અમારી પાસેના ટ્રસ્ટ ફંડોમાંથી જ આની સગવડ ઉતારવી જોઇએ. અને દર વર્ષે આવા હેતુ માટે જો અમે અમુક રકમ અલગ કાઢી હોય તો એ ઉપરથી એમ કહી નહિ શકાય કે આ મુડી કેવળ નકામી પડી રહી છે. આબુનાં મંદિરો પુરતું હું એમ કહેવાને તૈયાર છું કે શિલ્પના વિષયમાં દુનિયામાં તેનો કોઇ જોટો નથી અને તેથી જ અમારાથી બને તે રીતે આ ખજાનાને જાળવી રાખવો તે અમારો ધર્મ થઇ પડે છે. "૯૦૦ વર્ષ પહેલાં જે પત્થર વાપરવામાં આવ્યો હતો એ જ પત્થર અમારે વાપરવો રહ્યો અને જે રીતની કોતરણી કરવામાં આવી હતી એ જ રીતની કોતરણી આજે જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં નવી કરવાની રહી અને મૂળનો ઉઠાવ આબેહુબ જળવાઇ રહે એ અમારે જોવું રહ્યું. એ દિવસોમાં દનાયાના એક આના કે અરધા આનામાં કડીઓ મળતો હતો પણ આજે તે કરતાં વીશ કે ત્રીશ ગણાં દામ કડીઆને આપવા પડે છે. સુતાર સંબંધમાં પણ એ જ સ્થિતિ પ્રવર્તે છે. આ બધી હકીકતો ધ્યાનમાં લેતાં જૈન મંદિરનાં નાણાં નકામાં પડી રહે છે એમ કહેવું યોગ્ય નથી.

પ્ર. ટે: જીર્ણોદ્ધાર માટે જુદા કરવામાં આવેલા મંદિરના નાણાં તે હેતુ માટે વપરાય છે ખરા કે?

ક. લા: હાજી. હું એક નહિ પણ સેંકડો દેરાસરોના દાખલા ટાંકી શકું તેમ છું કે જેમણે પોતાના નાણાનો જીર્ણોદ્ધારના કાર્યોમાં ઉપયોગ કર્યો છે.

× × × ×

શ્રી કસ્તુરભાઇએ પોતાની જુબાની આપતાં હિંદુસ્તાનમાં સ્થળે સ્થળે કેવા જૈન મંદિરો છે અને શિલ્પ, સૌંદર્ય અને કારીગરીની દ્રષ્ટિએ તેનું કેટલું મહત્ત્વ છે તે સમજાવ્યું અને આબુ અને રાણકપુરના જૈન મંદિરોની મુલાકાત આપવા માટે કમીટીના સભ્યોને આગ્રહપૂર્વક વિનંતિ કરતાં જણાવ્યું કે "કમીટી જો જૈન મંદિરોની

વિશિષ્ટતા ધ્યાનમાં લેશે અને તેના ચાલુ સમારકામ માટે કેટલા વિપુલ દ્રવ્યની જરૂર છે તેનો કમીટી બરોબર ખ્યાલ કરશે તો કમીટીએ જૈન મંદિરોને આવા કોઇ પણ કાયદાઓથી મુકત રાખવા જોઇએ એવા વિચારપક્ષના સમર્થનમાં કશું પણ વિશેષ કહેવાની જરૂર નહિ રહે.

પ્ર. ટે. આપને એવો ભય રાખવા જરૂર નથી. જરૂરિયાત વિના જૈન મંદિરો સંબંધે અમે કશો પણ કાયદો કરવા માંગતા નથી. કોઇ પણ સંજોગોમાં મંદિરોની જરૂરિયાતો વણપૂરાયેલી રહે એમ અમો ઇચ્છતા નથી. મંદિરનાં નાણાં વ્યાજબી કામો માટે વપરાવા ન જોઇએ એવું પણ અમે સુચવવા માંગતા નથી. કમીટી સામે એક જ મુદ્દો છે, અને તે એ છે કે મંદિરોની બધી જરૂરિયાતોને પહોંચી વળવા બાદ જો કશું પણ વધારાનું નાણું રહે તો એ નાણાંનો ઉપયોગ સામાજીક કાર્યો માટે કરવો જોઇએ કે નહિ ?

ક. લા. : હું એ દૃષ્ટિબિન્દુ બરોબર સમજી શકું છું, પણ હું નમ્રભાવે રજુ કરું છું કે જ્યાં સુધી કમીટી એક વા બે મંદિરોની મુલાકાત નહિ લે ત્યાં સુધી જૈન મંદિરોની જરૂરિયાતો કેટલી છે તેનો કમીટીને પુરો ખ્યાલ આવી શકશે નહિ.

પ્ર. ટે. : જૈન મંદિરની સુરક્ષાને લગતી વ્યાજબી જરૂરિયાતોને પહોંચી વળવા બાદ જૈનમંદિરો પાસે વધારાનું નાણું રહે છે કે નહિ એ પ્રશ્ન સાથે જ અમારે સીધી નિસબત છે.

ક. લા. : હું આગળ વધીને કહું છું કે જૈન મંદિરોના જરૂરી સમારકામ માટે પણ અમારી પાસે પુરતા પૈસા નથી.

× × × ×

પ્ર. ટે. જૈન સમાજમાં સમાન હેતુ ધરાવતી ઘણી ચેરીટીઓ હોવી જોઇએ. એ બધી ચેરીટીઓ એકમેક સાથે મળીને પોતાનો વહીવટ ચલાવે એમ આપ ઇચ્છો ખરા કે નહિ ? દાખલા તરીકે અમદાવાદની શિક્ષણસંસ્થાઓ લ્યો. ઘણી જૈન સંસ્થાઓ પોતપોતાની રીતે કેળવણીનો પ્રચાર કરવા માટે જુદી જુદી રીતે કામ કરે છે. તે બધી પરસ્પર સહકાર સાધીને કામ કરે એ વિચાર આપને સંમત છે કે નહિ ?

ક. લા. : ચોક્કસ સિધ્ધાંતો નક્કી કરીને સર્વસામાન્ય કાર્ય-પદ્ધતિ નક્કી કરવામાં આવે એ હું જરૂર ઇચ્છું. પણ આ બધી સંસ્થાઓ સાથે મળીને કામ કરે તેની હું ચોક્કસપણે વિરૂદ્ધ છું.

પ્ર. ટે. : આપ શું કહેવા માંગો છો તે હું સમજી શકતો નથી.

ક. લા. : મારૂં કહેવું એમ છે કે પોતપોતાની સંસ્થાનો વહીવટ ચલાવવા માટે બધી સંસ્થાના કાર્યવાહકો એક સંમેલનના આકારમાં એકત્ર થાય અને ચોક્કસ સિદ્ધાંતો તારવી કાઢે તો તે હું જરૂર પસંદ કરૂં. પણ બધી સંસ્થાઓનો એકમાં સમાવેશ કરવામાં આવે એવું જો સુચવવામાં આવતું હોય તો હું તેની તદ્દન વિરૂદ્ધ છું.

પ્ર. ટે. : બધી સંસ્થાઓનો એકમાં સમાવેશ કરવામાં આવે એમ હું કહેવા માંગતો નથી. એટલા માટે તો મેં સહકાર શબ્દ વાપર્યો હતો.

ક. લા. : હાજી. એ તો ઘણું ઇચ્છવાયોગ્ય છે.

પ્ર. ટે. : દેવદ્રવ્ય સંબંધમાં મારે પુછવાનું છે કે તેનો ઉપયોગ ધાર્મિક શિક્ષણ આપવા પાછળ જો કરવામાં આવે તો તેથી પણ તમારી કોમ નાખુશ થશે ?

ક. લા. ; બહુ જ.

પ્ર. ટે. : દેવદ્રવ્યનો એ વ્યાજબી ઉપયોગ ન ગણાય ?

ક. લા. : બીલકુલ નહિ. આ પ્રશ્નને લાગેવળગે છે ત્યાં સુધી જૈન ધર્મનું મંતવ્ય બીજા ધર્મો કરતાં બહુ જુદું છે. જૈન ધર્મના ધોરણે ચૈત્ય અને મૂર્તિ સૌથી પહેલાં આવે છે અને તે જ્ઞાનથી તદ્દન જુદા જ છે. જ્ઞાનખાતું પછી આવે છે અને ત્યાર પછી સાધુ–સાધ્વી અને શ્રાવક શ્રાવિકાનું ખાતું આવે છે. ચૈત્ય અને મૂર્તિ માટે નિર્માણ થયેલાં નાણાં જ્ઞાન પાછળ ખર્ચી શકાતા નથી અને જ્ઞાનનો અર્થ આજની સ્કુલ કે કોલેજમાં જે શિક્ષણ આપવામાં આવે છે તે નથી.

પ્ર. ટે. જ્ઞાન એટલે ધાર્મિક સાહિત્યનું શિક્ષણ એમ તમે કહેવા માગો છો ને ?

ક. લા. હાજી.

પ્ર. ટે. આ દેવદ્રવ્યનો ઉપયોગ કેળવણી અને એવી અન્ય સામાજિક પ્રવૃત્તિ પાછળ કરવાની હીલચાલ જૈનોમાં છેલ્લી પેઢી દરમિયાન ચાલી રહી છે ખરી ?

ક. લા. એવી કોઇ અગત્યની હીલચાલ ચાલી નથી. મારે એમ કહેવાનું છે કે પાંચ હજાર માણસો જો આ વિચારના હોય તો તેની વિરૂધ્ધમાં પચાસ હજાર માણસો મળી આવશે. આ બાબત ઉપર તમો કહો તે શરત કરવા હું તૈયાર છું.

પ્ર. ટે. આજે તો સાસરો સ્થિતિચુસ્ત હોય છે અને પુત્રવધૂ નવા જમાનાની હોઇ શકે છે.

ક. લા. : એ ઠીક છે. પુત્રવધૂને જે કરવું હોય તે ભલે કરે. તેને કોઇ અટકાવશે નહિ. પણ જો મારા પિતા ચોક્કસ હેતુને માટે અમુક રકમ મને આપી ગયા હોય તો મારી પત્ની કે પુત્રવધૂને ફાવે તેમ તે રકમનો ઉપયોગ કરવાની હું રજા આપી નહિ શકું. તે નવા જમાનાની છે અથવા તો પોતે બહુ મોટું કામ કરી રહેલ છે એમ તે માને છે એટલા ખાતર તે નાણાંનો તેને અન્ય માર્ગે ઉપયોગ કરવા નહિ દઉં. કોઇ પણ કાર્ય કરવા માટે કોઇ બીજાની મીલ્કત ઝુંટવી લેવી ન જોઇએ, પણ તેણે પોતે જ તે માટે જરૂરી દ્રવ્ય પેદા કરવુ જોઇએ.

× × × ×

ચેરીટીકમીશનરની નીમણુંક જરૂરી છે કે નહિ તે પ્રશ્નનો જવાબ આપતાં શ્રી. કસ્તુરભાઇએ જણાવ્યું કે, "આવા ટ્રસ્ટોમાં સરકારની કોઇ મોટા પાયા ઉપરની દખલગીરીની હું ચોક્કસપણે વિરૂદ્ધ છું. અમુક સ્વાર્થી માણસો ટ્રસ્ટોનો પોતાના સ્વાર્થની ખાતર દુરૂપયોગ ન કરે એટલા પુરતી દખલગીરી આવકારવાને હું તૈયાર છું. પણ મદ્રાસની સરકારે કમીશનર નીમેલ છે અને બીજું પણ કેટલુંક કર્યું છે, તેથી મુંબઇની સરકારે પણ એ જ ધોરણે ચાલવું જોઇએ એ મારી દૃષ્ટિએ ખોટી રીત છે. એક બીજી પણ સુચના તમારી કમીટી સમક્ષ હું રજુ કરવા માગું છું અને તે એ છે કે અમને જૈનોને હિંદુઓથી તદ્દન અલગ રાખવા જોઇએ. કારણ કે અમારા સિદ્ધાંતો અને હેતુઓ હિંદુઓથી તદ્દન જુદા છે. દેશના વધારે વિશાળ હિતો લક્ષમાં લઇને જૈનોના અલગ પ્રતિનિધિત્વ અને બેઠકો માટે અમે હીલચાલ કરી નહિ એ કમનસીબીની વાત છે. તેથી જ આજે અમારા ઉપર જ્યાં ત્યાં હુમલા થઇ રહ્યા છે. જ્યારે પણ કાંઇ આવે છે ત્યારે અમને હિંદુઓ સાથે ભેળવી દેવામાં આવે છે. અમારો ધર્મ, અમારા આચાર, અમારા વિચાર હિંદુઓના રીતરિવાજથી તદ્દન વિરૂધ્ધ છે. હું એમ નથી કહેવા માગતો કે સામાજીક દૃષ્ટિએ અમારે અને હિંદુ વચ્ચે ભેદ છે, સિવાય કે કેટલાક હિંદુઓ માંસાહારી હોય છે; જ્યારે જૈનો બીલકુલ માંસાહારી હોતા નથી. પણ એ સિવાય ધાર્મિક રીતરીવાજ પુરતા હિંદુ અને જૈન ધર્મ તદ્દન અલગ છે. વળી તમોએ આજે બીજી ચેરીટીઓને બાજુએ રાખી છે. પારસી પંચાયતોને અને તેના ટ્રસ્ટોને તમોએ બકાત રાખ્યા છે. કારણ કે એ લોકો બહુ માથાભારી છે અને લાગવગ ધરાવે છે અને સરકાર તેને અડવા માગતી નથી. જ્યારે જ્યારે કાંઇ પણ કાયદો કરવાનો હોય છે ત્યારે અમને હિંદુઓ સાથે ભેળવી દેવામાં આવે છે તે અમો જૈનોને ભારે અન્યાયકર્તા છે.

પ્ર. ટે. : આપ એમ કહેવા માગો છો કે જૈનો હિંદુઓથી એક અલગ કોમ છે?

ક. લા. : લગભગ એમ જ.

પ્ર. ટે. : તેમની સાથે એ જ રીતે વર્તાવ કરવામાં આવે એમ તમે ઇચ્છો છો?

ક. લા. : જ્યાં સુધી ધર્મને લાગેવળગે છે ત્યાં સુધી એ પ્રમાણે જ થવું જોઇએ. અલબત્ત અમોએ કોઇ સ્વતંત્ર પ્રતિનિધિત્વની માંગણી કરી નથી.

પ્ર. ટે. : ધર્મની વાત બાજુએ રાખીએ તો પણ ચેરીટીઓ વિષે શું? જૈનોને હિંદુ ચેરીટીઓના લાભથી મુક્ત રાખવામાં આવે એમ આપ ઇચ્છો છો?

ક. લા. : નહિ સાહેબ. જાહેર ચેરીટીઓ પુરતા તેમને બન્નેને એક ગણો તો મને વાંધો નથી. પણ જો એમ હોય તો પારસી અને મુસ્લીમ ચેરીટીઓને આપ અલગ કેમ રાખો છો તે હું સમજી શકતો નથી.

પ્ર. ટે. : હિંદુઓ અને પારસીઓ અથવા મુસલમાનો વચ્ચે જેટલો તફાવત છે તેટલો તફાવત હિંદુઓ અને જૈનો વચ્ચે છે એમ આપ ધારો છો?

ક. લા. : એટલો બધો નહિ જ. એમ છતાં પણ જૈનો અને હિંદુઓ વચ્ચે ઘણો મોટો તફાવત છે.

પ્ર. ટે. : તો પછી જૈનોને હિંદુ ચેરીટીઓનો લાભ મળવો ન જોઇએ એમ આપ ઇચ્છો છે?

ક. લા. : આપ શું કહેવા માંગો છો એ હું સમજી શકતો નથી.

પ્ર. ટે. : કમીટીની દરેક બેઠક દરમિયાન હું એમ માનીને ચાલતો હતો કે જૈનો હિંદુસમાજનો એક અંગભૂત વિભાગ છે. તેથી આપે હમણાં જે કહ્યું તેથી મને ભારે વિસ્મય થયું છે. જૈનો હિંદુ કોમનો અંગભૂત વિભાગ નથી એવો જૈનોનો દાવો છે એમ આપનું કહેવું હું સમજું છું.

ક. લા. : સામાજિક રીતરીવાજ પુરતા જૈનો હિંદુઓના અંગભૂતવિભાગ છે પણ ધાર્મિક ટ્રસ્ટો અને ચેરીટીઓને લાગેવળગે છે ત્યાં સુધી હું ભારપૂર્વક ફરીને જણાવું છું કે જૈનો હિંદુઓથી તદ્દન અલગ છે.

પ્ર. ટે. : જૈન ધર્મ જુદો છે એ તો સ્વીકૃત છે.

ક. લા. : નહિ સાહેબ, એ સ્વીકારવામાં આવ્યું નથી. ધારો કે ધાર્મિક કમીશનરો હોવા જોઇએ એમ તમારી કમીટી નક્કી કરે તો હિંદુઓના અન્ય વિભાગો માફક જૈનોને તે બાબત લાગુ પાડવામાં આવશે. જૈનોના રીતરીવાજ શું છે તેનો ખરો ખ્યાલ અન્ય વિભાગોનો લોકોને હોવાનો જરા પણ સંભવ નથી આ મારો મુદ્દો છે.

પ્ર. ટે. : મેં તમને કહ્યું તેમ ધર્મના રીતરીવાજોને લાગુ પડે એવું અમે કશું કરવા માંગતા નથી.

ક. લા. : મારે એટલું જ જોઇએ છીએ.

આના અનુસંધાનમાં પ્રમુખે જણાવ્યું કે, ધર્મના બધા રીતરીવાજોને પહોંચી વળવામાં આવે ત્યારબાદ જે કાંઇ વધારાનું નાણું રહે તેનો જ અમારે વિચાર કરવાનો છે. ધર્મ એ તદ્દન જુદો જ મુદ્દો છે. એ અમારા કમીટીના ક્ષેત્રની બહારની બાબત છે.

× × × ×

### પ્રશ્નકાર : શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ

ચી. ચ. શાહ : આ તપાસનો હેતુ જુદા જુદા ટ્રસ્ટો અને ચેરીટીઓના વહીવટોની દેખરેખ અને નિયંત્રણના ઉપાયો સુચવવા એ છે. ધાર્મિક ટ્રસ્ટોનો આપણે પહેલો વિચાર કરીએ. આણંદજી કલ્યાણજીને બાદ કરતાં જૈનોની બીજી ધાર્મિક ચેરીટીઓનો પણ વહીવટ એટલો સારી રીતે ચાલે છે કે સરકારના કોઇ પણ નિયંત્રણની તેમને જરૂર નથી એમ આપ કહેવા માંગો છો ને?

ક. લા. : આનો જવાબ મેં આગળ ઉપર આપી દીધો છે. તમે જણાવો તેવા દેખરેખ અને નિયંત્રણની જરૂર તો છે જ. એ ચેરીટીઓનો વહીવટ સારો ચાલતો હોય તો પણ એના ઉપર કંઇક અંકુશ તો જોઇએ જ.

ચી. ચ. શાહ : તો પછી જૈન ચેરીટીઓ ઉપર દેખરેખ રહી શકે એવા કાયદા સામે આપને વાંધો નથી. પ્રશ્ન તો આ નિમંત્રણ કેવું અને કેટલું હોવું જોઇએ તેનો છે. દાખલા તરીકે પુરવાર થયેલા ગેરવહીવટના કીસ્સાઓમાં કમીશનરને જુના ટ્રસ્ટીઓને કાઢી મુકવાની અને નવા ટ્રસ્ટીઓ નીમવાની સત્તા હોવી જોઇએ એ આપને સંમત છે?

ક. લા. : જરૂર. પુરવાર થયેલા ગેરવહીવટમાં આમ કરવા સામે મને કોઇ વાંધો નથી.

ચી. ચ. શાહ : આણંદજી કલ્યાણજીની પેઢીનો દાખલો લઇએ. આપ તેનું વાર્ષિક બજેટ તૈયાર કરતા હશો. આ બજેટો ચેરીટી કમીશનર સમક્ષ રજુ થાય અને તેની મંજુરી મળ્યે જ તેનો અમલ થઇ શકે એવો પ્રબંધ આપ સંમત કરો કે?

ક. લા. : ના સાહેબ. એ જાતની દખલગીરી હું પસંદ કરતો નથી. હું એમ કહેવા માંગુ છું કે જ્યાં સુધી જુદા જુદા ટ્રસ્ટો—જૈનના હોય કે હિંદુઓના હોય—સરખી રીતે ચાલતા હોય ત્યાં સુધી સરકાર તરફથી તેમાં કોઇ પણ જાતની દખલગીરી હોવી ન જોઇએ.

ચી. ચ. શાહ : ધારો કે અમુક ચોક્કસ હેતુ માટે આપ વીશ લાખ રૂપીઆ ખર્ચ કરવા માંગો છો. અને આ ખોટો ખર્ચ છે અને એવો ખર્ચ થવો ન જોઇએ એમ ચેરીટીકમીશનર માને છે તો એવા સંજોગોમાં ચેરીટીકમીશનરનું નિમંત્રણ હોવું જોઇએ એમ આપ પસંદ કરો કે ટ્રસ્ટીઓને જ આ બાબતમાં છેવટની સત્તા હોવી જોઇએ એમ આપ કહો છો?

ક. લા. : જરૂર, આ બાબતમાં ટ્રસ્ટીઓને જ પુરી સત્તા હોવી જોઇએ. ટ્રસ્ટીઓના કામકાજમાં ઓછામાં ઓછી દખલગીરી હોવી જોઇએ. જ્યારે ગેરવહીવટ પુરવાર થાય ત્યારે જ સરકારે માથું મારવું જોઇએ. નહિ તો કોઇ પણ મંદિરના જીર્ણોદ્ધાર સાથે અથવા તો ધાર્મિક ક્રિયાકાંડ સાથે કયા પ્રકારની ધાર્મિક લાગણી જોડાયલી છે તેનો કમીશનરને ખરો ખ્યાલ હોવા સંભવ નથી અને તેથી તેના હાથે અન્યાય થવાનું જોખમ રહે છે.

ચી. ચ. શાહ : આણંદજી કલ્યાણજીની પેઢીનો દાખલો બાજુએ રાખીએ. ધારો કે મુંબઇના કોઇ પણ મંદિરના ટ્રસ્ટીઓ કોઇ નવું મંદિર બાંધવા માટે અથવા તો કોઇ જુના મંદિરનો જીર્ણોદ્ધાર કરવા માટે પાંચ લાખ રૂપીઆનો ખર્ચ કરવા માંગે છે. આ બાબતમાં તેમનો નિર્ણય છેવટનો ગણાવો જોઇએ કે કેમ?

ક. લા. : જીર્ણોદ્ધારની બાબતમાં તેમનો નિર્ણય છેવટનો ગણાવો જોઇએ. નવું મંદિર બાંધવા સંબંધમાં તમો કાંઇ બંધન મુકો તો તેની સામે મને કોઇ પણ વાંધો નથી.

ચી. ચ. શાહ : આમ જીર્ણોદ્ધારનો આપ અપવાદ શા માટે કરો છો?

ક. લા. : આ બહુ અગત્યનો મુદ્દો છે અને જે મંદિરોની સંભાળ લેવાની છે તે એટલાં મોટાં અને ભવ્ય હોય છે કે આપે સુચવેલ દખલગીરીથી કોઇ પણ અર્થ સરશે નહિ. પાંચસો રૂપીઆના પગારદાર કમીશનરને આ બાબતનો ખ્યાલ પણ શી રીતે આવવાનો છે? હું કોઇ પણ જીર્ણોધ્ધારમાં પચ્ચીશ લાખ રૂપીઆ ખર્ચવા માંગું છું એમ જો તે સાંભળે તો આ સાંભળીને તેનું હૃદય ચાલતું બંધ થઇ જશે કે કેમ તેની મને ખબર નથી. તેથી આ બાબત ટ્રસ્ટીઓના અભિપ્રાય ઉપર સર્વાંશે છોડવી જોઇએ અને સરકારની કોઇ પણ પ્રકારની દખલગીરી હોવી ન જોઇએ.

ચી. ચ. શાહ : પાંચ લાખનો કરવા ધારેલો ખર્ચ કેવળ દુર્વ્યય પણ હોઇ શકે છે.

ક. લા.: આપ એમ કેમ કહી શકો?

ચી. ચ. શાહ: તો પછી આ સંબંધમાં કોઇ એક ચોક્કસ સરકારી વ્યવસ્થા હોય તે વધારે ઇચ્છવાયોગ્ય નથી?

ક. લા.: કોમની ધાર્મિક પ્રવૃત્તિમાં આ તો સીધી દખલગીરી ગણાય, અને તેનો તો વિરોધ જ કરવો જોઇએ.

ચી. ચ. શાહ: ટ્રસ્ટીની નીમણુંક કે ફેરબદલી એ દખલગીરી કહેવાય નહિ?

ક. લા.: કોઇ પણ નાલાયક ટ્રસ્ટીને દુર કરીને તમો જાહેર ટ્રસ્ટનું ઘણું ખરૂં રક્ષણ કરવા માંગતા હો છો. એ રીતે સરકારનો જે અધિકાર છે એ જ કાર્ય તમો કરી રહ્યા છો. પણ હું અમુક રકમ જીર્ણોધ્ધાર માટે ખરચવા માંગુ છું તેની સરકાર પાસેથી મારે મંજુરી મેળવવી જોઇએ એમ તમો જ્યારે સૂચવો છો ત્યારે મારા ધર્મના આચારવ્યવહારમાં તમો ચોક્કસપણે દખલગીરી કરી રહ્યા છો એમ જ મારે કહેવું રહ્યું.

ચી. ચ. શાહ: એક બીજો દાખલો લઇએ. દરેક મંદિરમાં કરવામાં આવતા ખર્ચો બે પ્રકારના હોય છે. નિત્ય અને નૈમિત્તિક. દરેક મોટા મંદિરના વહીવટકર્તાઓએ ચાલુ દૈનિક ખર્ચમાં તેમને કેટલી રકમ જોઇશે અને વાર્ષિક ઉત્સવો પાછળ કેટલી રકમો જોઇશે તેનું બજેટ કમીશનર પાસે રજુ કરવું જોઇએ કે કેમ એ સંબંધમાં આપ શું ધારો છો?

ક. લા.: બીલકુલ નહિ.

ચી. ચ. શાહ: ધારો કે ટ્રસ્ટીઓ મોટી મોટી રકમો ખરચ્યે જાય છે અને તે કેવળ નાણાંનો દુર્વ્યય છે. આવા કીસ્સામાં સરકાર તરફથી કોઇ પણ પ્રકારના નિયંત્રણને આપ સંમત ન કરો?

ક. લા.: હું બીજા ધર્મ વિષે કશું પણ કહેવા ઇચ્છતો નથી. એમણે શું કરવું કે એમના વિષે તમારે શું કરવું તે તેમણે અને તમારે વિચારવાનું છે. હું તો અહિંઆ જૈનોનો જ પક્ષ રજુ કરવા આવ્યો છું અને જૈન ધર્મ કેમ ચાલે છે તે હું સમજુ છું.

ચી. ચ. શાહ: જૈન ટ્રસ્ટો બહુ સારી રીતે ચાલે છે એ હું જાણું છું.

ક. લા.: સાહેબ, એ હું જાણતો નથી, પણ હું આશા રાખું છું કે જૈન ટ્રસ્ટો સારી રીતે ચાલતા હશે!

ચી. ચ. શાહ: જો આખી કોમ માટે એક નિયમ કરવામાં આવે તો જૈનોને તેમાંથી બાકાત રાખવામાં આવે એમ આપ ઇચ્છો છો?

ક. લા.: આ બાબત વિષે મેં ખૂબ ભાર દઇને કહ્યું છે. કારણ કે જૈનોના ખ્યાલો અને રીતરીવાજો કેવળ ભિન્ન પ્રકારના છે. ટ્રસ્ટોની જ્યાં ગેરવ્યવસ્થા થતી હોય ત્યાં તેના ઉપર જરૂર નિયંત્રણ મુકાવું જોઇએ. પણ ધાર્મિક રીતરીવાજના સંબંધમાં ટ્રસ્ટીઓ ઉપર કોઇ પણ પ્રકારનું નિયંત્રણ હોવું નજ જોઇએ.

ચી. ચ. શાહ: જો નકામી બાબતો ઉપર પૈસા ખરચવામાં આવતા હોય તો તે ગેરવ્યવસ્થા ન ગણાય?

ક. લા.: નકામું શેને ગણવું તેને લગતો આપ મને એક દાખલો આપશો? જેને નકામું કહો છો તે શું તે મને સમજાવશો? કોઇ પણ બાબતને નકામી કે કામની માની લેવા માટે કાંઇક ધોરણ તો જોઇએ જ. આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટ તરફ નજર કરો. તે પેઢી કેટલાયે મંદિરો સંભાળે છે અને તેનું વાર્ષિક બજેટ રૂપીઆ ત્રણ લાખ લગભગનું હોય છે. તે બજેટની વિગતમાંથી નકામી લેખી શકાય એવી એક પણ બાબત મને બતાવો.

ચી. ચ. શાહ: મારો આ પ્રશ્ન સામાન્યતઃ છે. આણંદજી કલ્યાણની પેઢીને ઉદ્દેશીને નથી.

ક. લા.: એ સંબંધમાં મેં જણાવી દીધું છે કે હું તો અહીંઆ જૈનો તરફથી રજુઆત કરવા આવ્યો છું.

**પ્રશ્નકાર: પ્રીન્સીપાલ ધારપુરે**

ધારપુરે: વિગતો નક્કી કરવાનું કામ ટ્રસ્ટીઓ હસ્તક રહેવું જોઇએ, પણ વિગતો નક્કી કર્યા બાદ તેના અમલમાં કંઇ ભુલ કે ભંગ થતો હોય તો સરકાર દખલગીરી કરે તેમાં આપને વાંધો નથી એ પ્રકારની મારી સમજણ બરોબર છે?

ક. લા.: જો કોઇ પણ પ્રકારની ગેરવ્યવસ્થા ચાલતી હોય તો સરકાર ભલે દખલગીરી કરે.

ધારપુરે: ધારો કે રોશની પાછળ કેટલા મણ તેલ વાપરવું તે બાબત બજેટમાં નક્કી કરવામાં આવી છે. આને લગતી વિગતો ટ્રસ્ટીઓએ નક્કી કરી હોય. પણ એ વિગતના અમલમાં ગેરવ્યવસ્થા માલુમ પડે તો સરકાર વચ્ચે પડે કે નહિ?

ક. લા.: નહિ સાહેબ. તેના અમલમાં એવી દખલગીરી થવી ન જોઇએ. જો કોઈ પણ પ્રકારની ઉચાપત થતી હોય અથવા તો કોઇ વ્યક્તિ તેમાંથી અંગત લાભ ઉઠાવતી હોય તો સરકાર જરૂર વચ્ચે પડે. પણ વિગતોના ચાલુ અમલમાં કોઇ પણ પ્રકારની દખલગીરી હોવી ન જોઇએ.

× × × ×

શેઠ કસ્તુરભાઇએ આ મુદ્દા ઉપર પોતાની જુબાની આપતા વિશેષમાં જણાવ્યું કે "નાણાંની ઉચાપત કે કેવળ દુરૂપયોગ થઇ રહ્યો હોય એવા સંજોગોમાં જ હું સરકારી દખલગીરી સંમત કરૂં. દાખલા તરીકે જૈનોમાં ભિક્ષા આપવાનો કોઈ રીતરીવાજ નથી. હવે ધારો કે આણંદજી કલ્યાણજી રૂા. ૩૦૦૦૦) જેવી મોટી રકમ આવતી કાલથી ભિક્ષા આપવા પાછળ ખરચવા માંડે છે. એ સંજોગમાં સરકાર જરૂર વચ્ચે પડી શકે છે 'અને કહી શકે કે છે 'આ તમારી સત્તાની બહારની બાબત છે. એટલે આ અમે નહિ થવા દઇએ.' સંક્ષેપમાં સરકારી દખલગીરી ઓછામાં ઓછી હોવી જોઇએ.

× × × ×

**પ્રશ્નકાર: ચીમનલાલ ચકુભાઇ શાહ**

ચી. ચ. શાહ: એવી ફરીયાદ કરવામાં આવે છે કે હિંદુઓને લાગુ પડતા કાયદાઓ જૈનોને વિનાકારણ લાગુ પાડવામાં આવે છે. આ સંબધમાં અને ખાસ કરીને દેવદ્રવ્ય સંબંધમાં જે કાંઇ શાસ્ત્રીય ઉલ્લેખો હોય તે અમને જણાવવા કૃપા કરશો?

ક. લા.: હાજી, પ્રયત્ન કરીશ.

ચી. ચ. શાહ: ધારો કે એમ માની લઇએ કે દેવદ્રવ્યનો મંદિર અને મૂર્તિ સિવાયના કોઇ પણ કાર્યોમાં ઉપયોગ થવો ન જોઇએ એમ જૈન શાસ્ત્રો કહે છે એમ છતાં પણ એવા ધાર્મિક ઉલ્લેખો બાજુએ રાખીને કાયદાથી એવી ગોઠવણ કરવામાં આવે કે જે કાંઇ વધારાનાં નાણાં હોય તે સામાજીક કાર્યોમાં વપરાવા જોઇએ તો એ યોગ્ય નહિ ગણાય? હરિજનો સંબંધમાં પણ ધાર્મિક પ્રતિબંધોની ઉપેક્ષા કરીને જ કાયદાથી તેમને મંદિરપ્રવેશનો હક્ક આપવામાં આવ્યો છે એ આપ જાણો છો.

ક. લા.: સાહેબ, મારા અંગત અભિપ્રાય તરીકે હું એમ રજુ કરવાની રજા લઉં છું કે દેશના સમગ્ર હિતની ખાતર હિંદુ અને જૈન સંસ્કૃતિ જેવી છે તે જ સ્વરૂપે આપણે તેને જાળવવી જોઇએ. અને એની સાથે આપણે કોઇ પણ જાતની રમત કરવી ન જોઇએ. તમે કહો છો તેનું પરિણામ તો જે ધાર્મિક ખ્યાલો અને માન્યતાઓ અમને છેલ્લા બે હજાર વર્ષથી વારસામાં મળ્યા છે તેની સાથે ખેલ ખેલવા જેવું આવે. અને એક વખત એ રીતનો વર્તાવ શરૂ કરવામાં આવે તો પછી એનો છેડો કયાં આવે તે કોઇ કહી શકે તેમ નથી. હું આ બાબતની મક્કમપણે વિરૂદ્ધ છું.

ચી. ચ. શાહ : દરેક સુધારા સામે શરૂઆતમાં તો વિરોધ જ હોય છે.

ક. લા. : આ બાબતને સુધારો કહેવો એ બરાબર નથી એમ મને લાગે છે. ટ્રસ્ટો ચોક્કસ હેતુ માટે ઉભા કરવામાં આવે છે અને તેની પાછળ ચોક્કસ ભાવના અને લાગણી હોય છે. એ ભાવના અને લાગણી ઉપર તમો એક વખત ફાવે તેમ પ્રહાર કરવા માંડશો તો પછી ચેરીટીઓ માટે ફંડ મેળવવાનું મુશ્કેલ બની જશે.

ચી. ચ. શાહ : મદ્રાસ બાજુ આવેલ તીરૂપતિના મંદિરનાં વધારાનાં નાણાંમાંથી પાંચ મોટી શિક્ષણ સંસ્થાઓ આજે ચાલી રહી છે અને તે સંસ્થાઓમાં હિંદુ ન હોય તેવાને પણ દાખલ કરવામાં આવે છે અને તેમ કરવાથી હિંદુ સંસ્કૃતિ કે ધર્મને કોઇ પણ પ્રકારનો ધક્કો લાગ્યો નથી. જૈનો આથી કોઇ અલગ પ્રકારના હોય એમ હું માનતો નથી.

ક. લા. : તીરૂપતિ મંદિર વિષે મને કશી ખબર નથી.

ચી. ચ. શાહ : ચેરીટેબલ ટ્રસ્ટમાં કેટલાક કેવળ ધાર્મિક હોય છે અને કેટલાક સામાજિક હોય છે. ધાર્મિક ટ્રસ્ટો સાથે ચોક્કસ પ્રકારની ભાવના અને લાગણી જોડાયલી હોય છે એ હું કબુલ કરૂં છું. પણ જેને આવી ભાવના કે લાગણી સાથે કશો સંબંધ નથી એવા શૈક્ષણિક, વૈદ્યકીય અથવા તો અન્ય પ્રકારની સંસ્થાઓને લગતા ટ્રસ્ટો સંબંધમાં ચેરીટી કમીશનરને વધારે સત્તા હોવી જોઇએ એમ આપ ઇચ્છો ખરા કે નહિં? આવા ટ્રસ્ટો સંબંધમાં બજેટ રજુ કરવાની ફરજ પાડતી તેમ જ ચાલુ હીસાબ પર દેખરેખ રાખવાની સત્તા ચેરીટી કમીશનરને હોવી જોઇએ એ આપ સંમત કરો છો કે નહિં?

ક. લા. : સરકાર અને સરકારી તંત્રની હું તો ઓછામાં ઓછી દખલગીરી પસંદ કરૂં. વધારે દખલગીરી દાખલ કરીને તમે લોકોને વધારે ને વધારે પાંગળા બનાવશો અને એ રીતે તમારા હાથે દેશની ચોક્કસ કુસેવા થવાની.

ચી ચ. શાહ : પણ લોકો અથવા તો ટ્રસ્ટીઓ પર જ કેવળ આધાર રાખીને ચાલવાનાં તો ભયંકર પરિણામો આવ્યાં છે.

ક. લા. : એ તો આંકડાઓ અને દાખલાઓથી પુરવાર થવું જોઇએ.

ત્યારબાદ કમીટીના પ્રમુખે આને લગતા કોર્ટમાં જે સંખ્યાબંધ કેસો થાય છે તે તરફ શેઠ કસ્તુરભાઇનું ધ્યાન ખેચ્યું હતું.

ચી. ચ. શાહ : ઘણા મોટા વેપારીઓના ચોપડાઓમાં "શુભ ખાતું" એ નામનું ખાતું હોય છે. આ ખાતામાં દર્શાવેલી રકમના વહીવટ ઉપર કોઇ પણ જાતનું નિયંત્રણ હોવું આપ ઇષ્ટ ગણો છો ખરા?

ક. લા. : જેવા તમો એમ કરવા લાગશો કે તુરત જ એ ખાતાંઓ અદ્રશ્ય થઇ જશે. આપે ઓછામાં ઓછી દખલગીરીના ધોરણે જ આ બધી બાબતોનો વિચાર કરવો જોઇએ.

ત્યારબાદ શેઠ કસ્તુરભાઇએ આખી કમીટીને આબુ પર્વત તેમ જ રાણકપુરની મુલાકાત લેવાની ફરીને વિનંતિ કરતાં જણાવ્યું કે "એ પ્રવાસ આપ ત્રણ દિવસમાં પુરો કરી શકશો. એમ કરવાથી આપ જાતે આ મંદિરોનો વહીવટ કેમ ચાલે છે તે જોઇ શકશો અને તેને સારી સ્થિતિમાં રાખવા માટે નાણાંની કેટલી જરૂર છે તેનો પણ આપ ખ્યાલ લઇ શકશો. કોઇ પણ જાતનો નિર્ણય લેવાયા પહેલાં કમીટીએ આ સ્થળો જોવા જોઇએ એમ હું ધારૂં છું. અને જો એમ કરવામાં આવશે તો જે વિચારો હું ધરાવું છું એ જ વિચારો ઉપર આપની કમીટી ઢળશે એવી મને ખાત્રી છે.

કમીટીના પ્રમુખે આ નિમંત્રણ બદલ શેઠ કસ્તુરભાઇનો ઉપકાર માન્યો અને જુબાનીનું કામ પુરૂં થયું.

અનુવાદકઃ **પરમાનંદ.**

# કેટલાક સમાચાર અને નોંધ

## ટેન્ડુલકર કમીટી સમક્ષ ઉપસ્થિત થયેલો એક અટપટો પ્રશ્ન

ગયા અંકમાં ટેન્ડુલકર કમીટી સમક્ષ મારી તરફથી આપવામાં આવેલી જુબાનીનો અનુવાદ પ્રગટ કરવામાં આવ્યો હતો.

આ રીતે જુબાની આપવાનો મારા માટે પહેલવહેલો જ અનુભવ હતો. આવી જુબાની દરમિયાન કેટલાક અણકલ્પ્યા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. કેટલાક સાવ સીધા દેખાતા ઉકેલોમાં રહેલી ઘુંચોનું પણ આવા પ્રસંગે જ સ્પષ્ટ ભાન થાય છે. ભુલેશ્વર મંદિરની ચેરીટીનો પ્રશ્ન આવો જ કાંઇક હતો. જ્યાં મૂળ ચેરીટીનો પાયાનો સ્થાપક અમુક એક નાતો વર્ગ હોય અને તેમાં પુરવણી કરનાર અને તેનો લાભ ઉઠાવનાર વિશાળ વર્ગ હોય તેવા કીસ્સામાં જ્યારે ટ્રસ્ટીઓ પોતાની હસ્તકનાં વધારાના નાણાંનો ઉપયોગ વધારે વ્યાપક રીતે સામાજિક હિતના કાર્યમાં કરવા માંગતા હોય ત્યારે આ ટ્રસ્ટીઓએ આવું મહત્વનું પગલું ભરવા માટે કોની સંમતિ યા અનુમતિ મેળવવી જોઇએ અને આવા ઉપયોગના લાભની મર્યાદા કયા વર્ગ સુધી લંબાવવી જોઇએ એવું આ પ્રશ્નનું સ્વરૂપ હે. આ બાબતનો વધારે ઝીણવટથી વિચાર કરતા જે વ્યવહારૂ ઉકેલ સુઝે છે તે આ છે. સંમતિ યા અનુમતિ તો એ જ મંડળ યા વર્ગની આવશ્યક લાગે છે કે જે વર્ગ યા મંડળ પ્રસ્તુત ટ્રસ્ટીઓની ચુંટણી કરવાનો અધિકાર ધરાવતું હોય. જ્યાં આવો કોઇ વર્ગ કે મંડળ અસ્તિત્વ ધરાવતું ન હોય ત્યાં ટ્રસ્ટીઓને સ્વેચ્છાએ આ દિશાએ આગળ વધવાની છુટ હોવી જોઇએ. આવા વધારાના નાણાંના અન્ય પ્રકારના સામાજિક ઉપયોગનો લાભ એ વર્ગને મળવો જોઇએ કે જે વર્ગ પ્રસ્તુત ચેરીટીમાં પુરવણી કરતો આવ્યો હોય અને જે વર્ગ પ્રસ્તુત ચેરીટીનો અમુક રીતે આજ સુધી લાભ ઉઠાવતો આવ્યો હોય. ભુલેશ્વર મંદિરના પ્રસ્તુત કીસ્સામાં ગૌડ સારસ્વત કોમની સંમતિ આવા કોઇ વ્યાપક ઉપયોગ માટે આવશ્યક બને છે, પણ તેનો લાભ તો આખા હિંદુ સમાજને મળવો જોઇએ. જો ગૌડ સારસ્વત કોમ પોતે નીમેલ ટ્રટીઓની હસ્તકનાં નાણાંનો બીજો કશો પણ ઉપયોગ કરવા ન માંગતી હોય તો તેમ કરવાની તે કોમના આગેવાનોને સરકારે યોગ્ય કાયદાકાનુનથી ફરજ પાડવી જોઇએ.

## શેઠ કસ્તુરભાઇ લાલભાઈની જુબાની

આ અંકમાં અન્યત્ર ટેન્ડુલકર કમીટી સમક્ષ શેઠ કસ્તુરભાઈ લાલભાઇએ આપેલી જુબાની વિગતવાર આપવામાં આવી છે. તેનું કારણ એ છે કે અમુક મુદ્દાઓ પુરતા આપણે શેઠ કસ્તુરભાઇથી ભલે જુદા પડતા હોઇએ, એમ છતાં પણ જૈન સમાજના શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં શેઠ કસ્તુરભાઇ અતિ મહત્વનું સ્થાન ધરાવે છે અને તે માત્ર તેમની શ્રીમન્તાઇને લીધે નહિ, અથવા તો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના માત્ર પ્રમુખ હોવાના કારણે નહિ, પણ વ્યાપાર, ઉદ્યોગ, રાજકારણ તેમ જ અર્થશાસ્ત્રને લગતા વિષયોમાં સિદ્ધ કરેલી કુશળતાના કારણે તેઓ જૈન તેમ જ જૈનેતર સમાજમાં મોટી પ્રતિષ્ઠા ધરાવે છે. તેમણે રજુ કરેલાં મન્તવ્યો પાછળ સ્પષ્ટતા છે, સચોટતા છે, બહોળા અનુભવ અને અવલોકનની છાપ છે, અને તેથી તેમનાં વિધાનો પાછળ અમુક પ્રકારના વજનનો આપણને અનુભવ થાય છે. તેમની બહોળી ખ્યાતિ તેમ જ વ્યાપક પ્રતિષ્ઠા હોવા છતાં સાંપ્રદાયિક લેખાતી બાબતોમાં તેમનું વળણ કમનસીબે હંમેશા એક કટ્ટર સ્થિતિચુસ્તનું રહ્યું છે અને તેથી જૈન સમાજની ઉગતી પ્રજાને તેમણે કોઇ પણ પ્રશ્ન પરત્વે કદિ કોઇ નવું માર્ગદર્શન કરાવ્યું નથી કે પ્રગતિક દોરવણી આપી નથી. તીર્થોને લગતા ઝઘડાઓ લડવામાં

તેમણે આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ તરીકે જેટલી કુશળતા દાખવી છે તેટલી કુશળતાનો ઉપયોગ પરસ્પરના ઝગડા શમાવવા પાછળ તેમણે કદિ કર્યો નથી. તેમની હસ્તક ચાલતી આણંદજી કલ્યાણજીની પેઢીનો વહીવટ પણ એક મોગલશાહી માફક ચાલે છે. તે પેઢીનો પત્રવ્યવહાર પણ એવી જ ઢબનો જોવામાં આવે છે. જવાબો હંમેશાં અગમ્ય ટુંકા, કદિ કદિ તોછડા, ઘણુંખરું કશા પણ સ્પષ્ટ વિધાન વિનાના અને એક ચક્રવર્તી સત્તાશાહીની ખુમારીથી ભરેલા હોય છે. જુનવાણીની જાળવણી અને નવા વિચારનો હંમેશા વિરોધ એ શેઠ કસ્તુરભાઇની આજ સુધીની સાંપ્રદાયિક દોરવણીનો સાર છે. આ જ સ્થિતિચુસ્તતા અને સાંપ્રદાયિક સંકીર્ણતા તેમની આખી જુવાનીમાં પ્રતિબિંબિત થતી દેખાય છે.

દાખલા તરીકે દેવદ્રવ્યના સામાજિક ઉપયોગનો સવાલ આવે છે ત્યારે આવો કોઇ ઉપયોગ સંભવી શકે જ નહિ એમ કહેવા સાથે અમારાં અગણિત મંદિરો, અને કળાકારીગીરીથી ભરેલાં તીર્થસ્થાનો—એને જાળવવા સમારવા વગેરેની જવાબદારીનો ખ્યાલ કરતાં અમારી પાસે દેવદ્રવ્યના નામે ઓળખાતું કોઇ વધારાનું નાણું તો છે જ નહિ—ઉલટું જરૂરિયાતના પ્રમાણમાં ઘણું ઓછું નાણું છે—આમ કહીને એક એવું ચિત્ર તેઓ રજુ કરે છે કે સામાન્ય બુધ્ધિને દેવદ્રવ્યના અન્યથા ઉપયોગની વાત કેવળ વાહિયાત જ લાગે. પણ વસ્તુસ્થિતિ કેવળ જુદી જ છે. આજ સુધી આપણાં આટલાં બધાં મંદિરો, તેને જાળવવાનાં અને સમારવાનાં—આ બધું કોઇને યાદ જ આવતું નહોતું. ઠેકઠેકાણે મંદિરોની સામાન્ય જરૂરિયાત કરતાં આવક વધારે હોઇને મંદિરના નામે ચાલતી પેઢીની મુડી વધતી જ જતી હતી અને આ મુડીને ભિન્ન ભિન્ન રોકાણો દ્વારા કેમ વધારવી એ જ ચિન્તા સેવાતી હતી. આ મુડીમાંથી અલબત્ત અહિં તહિં કોઇ મંદિર નવું બાંધવા માટે કે સમારવા માટે નાની મોટી રકમો આપવામાં આવતી હતી, પણ તે તો એક શ્રીમાન જેમ પોતાની શ્રીમન્તાઇ સુરક્ષિત રાખીને નાનાં મોટાં દાનો કરે છે તેમ. બાકી મંદિરની આવકમાંથી મૂર્તિનાં આંગી આભૂષણો ખરીદાતાં, અને મૂળ મુડીમાં બને તેટલો વધારો કરવાનું જ લક્ષ્ય સેવાતું. જો આમ ન હોત તો સ્થળ સ્થળનાં મંદિરો પાસે આજે છે તેવી મોટી મોટી મુડીઓ હોત જ નહિ. જો મંદિરના ખર્ચ જેટલી જ આવક હોત તો મંદિરના વધારાના નાણાંનો પ્રશ્ન જ ઉભો ન થાત. આજે જ્યારે ચોતરફ વધારાના નાણાંઓ દેખાય છે અને અનેક સામાજિક જરૂરિયાતો પરિતૃપ્તિ અર્થે આપણી સામે મોં ફાડીને ઉભી રહી છે, લોકોનાં આધિવ્યાધિ અને ઉપાધિઓ અસીમપણે વધ્યે જ જાય છે અને તેના શકય તેટલા નિવારણ માટે પુષ્કળ દ્રવ્ય અપેક્ષિત છે અને તેથી જ્યાં જ્યાં દ્રવ્ય સ્થગિત થયેલું જણાય છે ત્યાં સમાજનિરીક્ષકોની નજર જાય છે ત્યારે જૈન સમાજના આગેવાનો તાડુકી ઉઠે છે કે "કૃપા કરીને અમારા દેવદ્રવ્ય સામે કુદૃષ્ટિ ન કરશો. અમારા ૩૫૦૦૦ મંદિરો અને તેને જાળવવા સમારવા અને જરૂર હોય ત્યાં નવાં નવાં મંદિરો ઉભાં કરવાં—આ અમારી જવાબદારી છે. અમારૂં દેવદ્રવ્ય એ માટે જ એકઠું કરવામાં આવ્યું છે અને એનો ઉપયોગ અન્યથા કદિ થઇ શકે જ નહિ." જ્યારે કોઇ ધનાઢ્ય માનવી પાસે સામાજિક જરૂરિયાતો માટે તેની પાસેની ધનરાશિમાંથી થોડો ભાગ માંગવામાં આવે ત્યારે તેને જેમ સાત પેઢીના સગા યાદ આવે અને તે બધાંની સગવડ અગવડ સુખદુઃખની સંભાળ લેવાની પોતાની જવાબદારી છે અને એ માટે જ સઘળું દ્રવ્ય એકઠું કરવામાં આવ્યું છે અને તેથી પોતા પાસે વધારાનું કહી શકાય એવું કશું નાણું જ છે નહિ એમ તે જણાવે એવી જ શેઠ કસ્તુરભાઇની સંચિત દેવદ્રવ્યને લગતી કથા છે. અને આ બધો ભ્રમ દેવદ્રવ્યના ચોક્કસ પ્રકારના સંકીર્ણ ખ્યાલમાંથી ઉભો થયો છે. દેવદ્રવ્ય એટલે મંદિરની સંસ્થાદ્વારા એકઠું થતું નાણું. આ નાણાંનો મંદિર અને મૂર્તિપુરતો એકદેશીય ઉપયોગ કરવો કે વધારે વ્યાપક ઉપયોગ કરવો એ સંબંધે કાળે કાળે નિર્ણય કરવાનો અને એ નિર્ણય બદલવાનો એ મંદિરના સ્વામી શ્રી સંઘનો હંમેશાનો અધિકાર છે. આવા વ્યાપક ઉપયોગને એક જ મર્યાદા હોઇ શકે અને તે એ કે એ મંદિરની વ્યાજબી જરૂરિયાતોને પહોંચી વળવા માટે જરૂરી નાણું એ આવકમાંથી સૌથી પહેલું તારવવું જોઇએ. દેવદ્રવ્યનો મંદિર અને મૂર્તિ પુરતો જ ઉપયોગ થઇ શકે એ કોઇ અનાદિસિદ્ધ વ્યવસ્થા નથી. મંદિર અને મૂર્તિ એ પણ કાંઇ અનાદિ કાળથી ચાલી આવતી સંસ્થા નથી. ભગવાન મહાવીર અને બુદ્ધના અવસાન બાદ સ્તુપો આવ્યાં, ચૈત્યો સરજાયાં, ચૈત્યવાસી સાધુઓની પરિપાટી ચાલી, એ સાધુઓ ચૈત્યદ્રવ્યના સંસર્ગના પરિણામે ભ્રષ્ટ બન્યા, સાધુઓને ચૈત્યવાસની મના કરવામાં આવી, ચૈત્યો અને ઉપાશ્રયો એમ અલગ અલગ ધર્મસ્થાનકો યોજાયાં અને એ વખતે ચૈત્યની આવકનો અનેકવિધ દુરૂપયોગ થતો અટકાવવા માટે ચૈત્યની આવક જે દેવદ્રવ્યના નામે ઓળખાવા લાગી તેના ઉપયોગ સામે આજે જે પ્રચલિત છે તેવી સખ્ત મર્યાદાઓ મૂકવામાં આવી. આ સંક્ષિપ્ત ઇતિહાસનો સાર એ છે કે દેવદ્રવ્યનો વ્યાપક સામાજિક ઉપયોગ થઇ ન જ શકે એ માન્યતા જ મૂળમાંથી ભ્રમભરેલી છે. એ કાળે સામાજિક જરૂરિયાતો ન્યૂન હતી; દેવ અને મંદિરની પ્રતિષ્ઠા વધારવાની જરૂર હતી. મંદિરો જેમ વધે તેમ સારૂં એવો એક રૂઢ ખ્યાલ હતો. આજે એ ખ્યાલ બદલાયો છે, અને સમાજની પરિસ્થિતિ પણ બદલાણી છે. આ મુજબ દેવદ્રવ્ય કે જે આખરે એક પ્રકારનું સામાજિક દ્રવ્ય જ છે, તેના ઉપયોગને લગતી માન્યતામાં ફેરફાર કરવાનો વર્તમાન સમાજને સંપૂર્ણ હક્ક છે.

સંચિત થયેલા દેવદ્રવ્યનો જીર્ણોધ્ધારના કાર્ય પાછળ ઉપયોગ થાય તે સામે કોઇને વાંધો નથી. પણ આજે જેમ મૂર્તિમંદિર તેમ જ માનવમંદિર એટલું જ જીર્ણ થયેલું છે અને એ પણ એટલા જ સમારકામની અપેક્ષા રાખે છે અને દેવદ્રવ્ય માત્ર મૂર્તિમંદિરને સંભાળશે અને માનવમંદિરની સામું નહિ જુએ એમ કહેવું એ એક પ્રકારની વિચારબધીરતા છે અને એમાંથી આજના સમાજે મુકત થવાની અત્યન્ત આવશ્યકતા છે.

'અમે હિંદુ નથી. જૈન છીએ, હિંદુઓથી અમો સર્વ પ્રકારે અલગ છીએ' આ વિચારનું શેઠ કસ્તુરભાઇએ બહુ જુસ્સાપૂર્વક પ્રતિપાદન કર્યું છે અને આમ હોવા છતાં અમોએ દેશના રાજકારણમાં અલગ પ્રતિનિધિત્વ માંગ્યું નથી એમ કહીને જાણે કે આખા દેશ ઉપર જૈન સમાજે બહુ મોટો ઉપકાર કર્યો હોય એવો ભાવ તેઓ રજુ કરે છે. આમ હોય તો હિંદુ ચેરીટીઓનો લાભ જૈનોને શા માટે મળવો જોઇએ એ પ્રશ્ન સાંભળતાં શેઠ કસ્તુરભાઇની વૈશ્યવૃત્તિ ચમકે છે અને 'સામાજિક રીતે અમો હિંદુઓથી અલગ નથી પણ ધર્મની બાબતમાં અમો તદ્દન અલગ છીએ' એવો કઢંગો તફાવત તેઓ રજુ કરે છે. આ મુદ્દાની, આગળના અંકમાં, સવિસ્તર ચર્ચા કરવામાં આવેલી હોઇને અહિં વિશેષ વિવેચનની જરૂર રહેતી નથી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૪

મુંબઈ: ૧૫ જુન ૧૯૪૮ મંગળવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## ટેન્ડુલકર કમીટી સમક્ષ

### શ્રી કાકાસાહેબ કાલેલકરે આપેલી જુબાની

(ગયા અંકના અનુસંધાનમાં અહિં શ્રી કાકાસાહેબ કાલેલકરે આપેલી જુબાનીનો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. આજની ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓ સાથે ગાઢ સંબંધ ધરાવતી અનેક અગત્યની બાબતો ટેન્ડુલકર કમીટી સમક્ષ અપાયલી જુબાનીઓમાં ચર્ચવામાં આવી છે અને જુદી જુદી વિશિષ્ટ વ્યક્તિઓ આ સંબંધમાં શું શું ધારે છે એની આ ચર્ચાઓ દ્વારા આપણને ઘણી ઉપયોગી માહીતી મળે છે અને તે કારણથી જ પ્રબુદ્ધ જૈનમાં આ જુબાનીઓ આટલી વિગતપૂર્વક પ્રસિદ્ધ કરવામાં આવે છે. પરમાનંદ)

**પ્રશ્નકાર : પ્રમુખ ટેન્ડુલકર**

પ્ર. ટે. : કાકા સાહેબ! આપે અમારી પ્રશ્નાવલી જોઇ હશે. કેટલાંક ટ્રસ્ટોમાં આજે ગોટાળા અને ગેરવ્યવસ્થા ચાલે છે તે આપના જોવામાં પણ આવેલ હશે. આ ગેરવ્યવસ્થા દૂર કરવા માટે આજે જે વ્યવસ્થા છે તે આપના અભિપ્રાય મુજબ બરોબર છે કે એ સંબંધમાં કાંઇ વધારે કરવાની જરૂર છે ખરી?

કા. કા. : આજે શું વ્યવસ્થા છે તેની મને ખબર નથી.

પ્ર. ટે. : આજે શું વ્યવસ્થા છે તે હું આપને જણાવું. જાહેર ટ્રસ્ટો પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ નીચે રજીસ્ટર કરાવવા પડે છે. આ ટ્રસ્ટો સંબંધમાં જો કાંઇ સ્કીમ કરવામાં આવી ન હોય તો ટ્રસ્ટીઓએ રજીસ્ટ્રારની આગળ હંમેશાં આવક જાવકનો હીસાબ રજુ કરવો પડે છે. હવે ધારો કે એમાં કાંઇ ગોટાળો કે ગેરવ્યવસ્થા ચાલી રહી છે, આ સંબંધે ઉપાય કરવો હોય તો તમારે કલેકટર અથવા તો એડવોકેટ જનરલ પાસે જવું પડે છે. પ્રસ્તુત ટ્રસ્ટમાં ચોક્કસપણે ગોટાળો કે ગેરવ્યવસ્થા ચાલી રહી છે તે બાબતની તેને તમારે પ્રતીતી કરાવવી પડે છે. અને તે સંબંધમાં જે કાંઇ દાવો કરવો પડે તેને લગતા ખર્ચની તમારે બાંહેધરી આપવી પડે છે. અને જો એ સંબંધમાં તેને પુરો સંતોષ થાય તો તે દાવો માંડે છે. આજે આ પરિસ્થિતિ છે. જે લોકોને આ સંબંધમાં કોર્ટને દરવાજે ચડવું પડયું છે તેઓનું સામાન્યતઃ એમ કહેવું છે કે આ પ્રથા ઘણી ખર્ચાળ અને ગુંચવણ ભરેલી છે અને ટ્રસ્ટોની ગેરવ્યવસ્થા દૂર કરવા માટે કોઇ વધારે સહેલો માર્ગ યોજાવાની જરૂર છે.

કા. કા. : હું આપને એક પ્રશ્ન પૂછું. દક્ષિણ હિંદુસ્થાનના એક મંદિરમાં ગાયો દેવને ભેટ તરીકે ધરવામાં આવે છે. આ ગાયો કાં તો જાહેર જનતાને અથવા તો કસાઇઓને પણ વેચવામાં આવે છે. આ સામે કોઇ કાયદાનો ઉપાય છે ખરો?

પ્ર. ટે.: હા. આનો ઉપાય છે તો ખરો, પણ એમાં એ પ્રકારની મુસ્કેલીઓ રહેલી છે કે જે આજે આપણે દૂર કરવા ઇચ્છીએ છીએ. કોઇ ભાવનાશાળી વ્યક્તિએ આને લગતા મુકદ્દમાનો ખર્ચ આપવો પડે એટલું જ નહિ પણ પ્રસ્તુત પરિસ્થિતિ સુધારવા જતાં તેને પોતાનો વખત પણ મોટા પ્રમાણમાં બગાડવો પડે છે. આવી બાબત પાછળ લાગવા માટે જાહેર કાર્યકર્તાઓ પાસે સમય હોતો નથી એ જ મુસ્કેલી છે અને આપે પણ એ મુજબ જ અનુભવ્યું હશે. આ પ્રમાણે બધે જ બની રહ્યું છે. ટ્રસ્ટીઓ સામે કોઇને અંગત વૈર વિરોધ હોય એ સંયોગ બાદ કરતાં દરેક માણસ એમ જ કહે છે કે "આ બાબતની લપમાં હું કયાં પડું? એમ કરવા જતાં મારે કેટલોય સમય અને શક્તિ ખરચવી પડે!" આ આજની સ્થિતિ છે. અમને લાગે છે કે આપણે ત્યાં ચેરીટી–કમીશનર જેવી કોઇ વ્યવસ્થા ઉભી કરવી જોઇએ. કોઇ પણ ચેરીટી સંબંધમાં કાંઇક ખોટું કે અયોગ્ય થઇ રહ્યું છે એવી ફરીઆદ કોઇ પણ માણસ ચેરીટી કમીશનર આગળ રજુ કરે કે તુરત જ આ બાબત તેણે અવશ્ય કાયદાની રીતે જ હાથ ધરવી પડશે, એ સંબંધમાં નિર્ણય લેવો પડશે અને જે કાંઇ જરૂરી હોય એ પગલાં પણ તેણે લેવાં પડશે. અમો જે કરવા માંગીએ છીએ તેનો આ ટુંક સાર છે. આ યોજના લાભદાયી નીવડશે કે કેમ એ વિષે આપ શું ધારો છો?

કા. કા. : આથી વધારે સારી યોજના ન જડે ત્યાં સુધી આનો અમલ તુરત કરવો જોઇએ.

પ્ર. ટે. : આ તો ટ્રસ્ટોનો ગેરવહીવટ દુર કરવા માટે શું કરવું જરૂરી છે એ બાબત આપણે વિચારી. હવે અગત્યના મુદ્દાઓ ઉપર આપણે આવીએ. આપ જાણતા હશો કે મદ્રાસમાં એવો કાયદો કરવામાં આવ્યો છે કે ધાર્મિક ટ્રસ્ટોનાં વધારાનાં નાણાં સમાજને ઉપયોગી હોય એવી ઐહિક અથવા તો સામાજિક બાબતોમાં વપરાવા જોઇએ. મુંબઇમાં પણ એમ જ કરવું જોઇએ એવો આપનો અભિપ્રાય છે?

કા. કા. : જરૂર, એ સરસ વસ્તુ છે, પણ સંભવ છે કે કશાં પણ વધારાનાં નાણાં ન રહેવા પામે એવી પરિસ્થિતિ મંદિરના વહીવટદારો ઉભી કરે.

પ્ર. ટે. : એ બરોબર છે. પણ આ બાબતમાં મદ્રાસના કાયદામાં જે ગોઠવણ કરવામાં આવી છે તેની રૂઇએ મંદિરના ટ્રસ્ટીઓએ પોતાનું બજેટ ચેરીટી કમીશનર આગળ રજુ કરવું પડે છે અને કોઇ પણ ખર્ચની રકમ ઘટાડવાનો કે રદ કરવાનો ચેરીટી–કમીશનરને હક રહે છે. તેથી 'સરપ્લસ'–વધારાનાં નાણાં–છે કે નહિ એ બાબત ટ્રસ્ટીઓ નક્કી કરી શકે એમ નથી. મંદિરની વ્યાજબી જરૂરિયાતો સંપૂર્ણપણે મંજુર કરવામાં આવે અને એથી વિશેષ કશું પણ આપવામાં ન આવે એવી ગોઠવણ કરવામાં આવી છે. ટ્રસ્ટીઓ એમ કહી નહિ જ શકે કે અમુક ચોક્કસ સમારંભમાં અમને ફાવશે તેટલો અમે ખર્ચ કરશું. ઉલટું તેમને એમ કહેવામાં આવશે કે અમુક ચોક્કસ બાબત માટે તમો પાંચ હજાર

સુધી જ ખર્ચી શકશો અને એથી વધારે એક પાઇ પણ તમને નહિ મળે.

કાકા: આ ઉપરથી તો એમ લાગે છે કે ટ્રસ્ટીઓના હકો ઘણા મોટા પ્રમાણમાં ટુંકાવવામાં આવ્યા છે.

પ્ર. ટે. : હા. એમ જ છે.

કા. કા. : અને આવું નિયંત્રણ મુકવાની સત્તા, હું આશા રાખું છું કે, સમાજનો વિશ્વાસ ધરાવતા માણસોના હાથમાં મૂકવામાં આવી હશે.

પ્ર. ટે. : હું માનું છું ત્યાં સુધી આ અધિકારીઓની નીમણુંક પ્રજાકીય સરકાર કરે છે. એ અર્થમાં આપ કહી શકો છો કે તેઓ લોકોનો વિશ્વાસ ધરાવે છે.

કા. કા. : હું એમ આગ્રહ કરૂં કે જે કોમનું મંદિર હોય એ કોમનો તેમણે વિશ્વાસ ધરાવવો જોઇએ.

પ્ર. ટે. : હા, હું સમજ્યો. જો હિંદુ મંદિર હોય તો હિંદુ કમીશનર હોવો જોઇએ એમ આપ કહેવા માંગો છો ને?

કા. કા. : એમ ખાસ નહિ. નિયામક અધિકારી ગમે તે કોમનો હોય પણ જે કોમનું મંદિર હોય એ કોમનો, એ અધિકારી અથવા તો એ અધિકારીમંડળ, વિશ્વાસ ધરાવતા હોવા જોઇએ.

પ્ર. ટે. : તમારો મુદ્દો હું સમજી શકું છું. પણ એ સિવાય મંદિરના વધારાના નાણાં ઐહિક કાર્યો પાછળ ખર્ચાય એ સામે તમને કોઇ વાંધો તો નથી ને?

કા. કા.: હા, એ તો બરાબર છે, પણ મારે મન ધાર્મિક અને સામાજિક કાર્યો વચ્ચે કોઇ તફાવત નથી. હું એવો કોઇ ભેદ સ્વીકારતો નથી.

પ્ર. ટે.: તે એક પગલું આગળ છે અને એક અર્થમાં તે બરોબર છે. પણ ધાર્મિક શબ્દ ખાસ કરીને એને માટે વાપરીએ છીએ કે જેનો લાભ આપણને પરલોકમાં મળવાનો હોય.

કા. કા.: કોઇ પણ માણસના મૃત્યુ બાદ આ લોક સિવાય બીજો કોઇ પરલોક રહેતો નથી.

પ્ર. ટે. : જ્યારે હું ઐહિક અથવા તો સામાજિક શબ્દ વાપરૂં છું ત્યારે હું કાંઇક એવું મૂર્ત કાર્ય સુચવવા માંગું છું કે જેનું પરિણામ હું અને આપ નજરે જોઇ શકીએ. જ્યારે આપણે કોઇ કાર્યને ધાર્મિક તરીકે વર્ણવીએ છીએ ત્યારે તેનું પરિણામ હવે પછીની દુનિયામાં અનુભવવાનું હોય એવી આપણને કલ્પના હોય છે. સમાજને ચોક્કસપણે ફાયદાકારક હોય તેને આપણે સામાજિક અથવા તો ઐહિક તરીકે ઓળખીએ છીએ.

કા. કા: અપંગ કે નબળી ગાયોને બચાવવા માટે જે પૈસા ખર્ચવામાં આવે તે ધાર્મિક કહેવાય કે સામાજિક યા તો ઐહિક કહેવાય?

પ્ર. ટે. : ગાય એક પ્રાણી છે તે જોતાં તેને લગતું કાર્ય ધાર્મિક હોવા ઉપરાંત સામાજિક યા તો ઐહિક લેખી શકાય. હિંદુધર્મમાં ગાયને પવિત્ર માનવામાં આવી છે તેથી એ કાર્ય ધાર્મિક પણ ગણાય.

કા. કા. : તો પછી હિંદુધર્મના દ્રષ્ટિબિંદુથી આ કાર્યને આપણે ધાર્મિક લેખવું જોઇએ.

પ્ર. ટે. : હિંદુધર્મ મુજબ તો એમ જ ગણાશે.

કા. કા. : તેથી જ હું એમ કહું છું કે હિંદુઓના દ્રષ્ટિબિંદુથી કયું સામાજિક અથવા તો ઐહિક અને કયું ધાર્મિક, એટલે કે પારલૌકિક એ નક્કી કરવું સહેલું નથી. તેથી હું કહું છું કે વધારાના નાણાંનો ઉપયોગ કોઇ પણ પરોપકારી ઉપયોગી કાર્યમાં કરો અને તે ધાર્મિક જ છે.

પ્ર. ટે. : જે કાર્યને વનસ્પતિ કે પશુવર્ગના કલ્યાણ સાથે સંબંધ હોય તેને ધાર્મિક કહેવું કે ઐહિક કહેવું એ ઘણું મુશ્કેલ છે એ હું કબુલ કરૂં છું. આપણે તો મંદિરોને લગતાં ટ્રસ્ટોનો વિચાર કરવાનો છે, અને ઘણાં ટ્રસ્ટો આ નિમિત્તનાં જ હોય છે. આ સંબંધમાં આપણે એમ કરી શકીએ કે સ્થિતિચુસ્તોની માન્યતા મુજબ જેને ધાર્મિક લેખવામાં આવે છે તેથી ઇતર બાબતો જેવી કે વૈદ્યકીય રાહત, શિક્ષણપ્રચાર અને એવી બીજી બાબતો માટે મંદિરનાં વધારાનાં નાણાંનો ઉપયોગ થવો જોઇએ.

કા. કા.: હા, એ મને મંજુર છે.

પ્ર. ટે. : આના અનુસંધાનમાં હું ધારૂં છુ કે આપે જૈન સાહિત્ય સારા પ્રમાણમાં વાંચ્યું છે.

કા. કા.: મેં બહુ વાંચ્યું છે એમ તો હું નહિ કહી શકું.

પ્ર. ટે.: દેવદ્રવ્ય સંબંધમાં જૈન માન્યતા શું છે તે આપ કહી શકશો? દેવદ્રવ્યનો બીજા કોઇ કાર્યમાં ઉપયોગ થઇ ન શકે એવી જે માન્યતા જૈનોમાં પ્રચલિત છે તેની પાછળ કાંઇ સત્ય છે ખરૂં?

કા. કા. : હું જૈન ધર્મને જે રીતે જાણું છું તે રીતે વિચારતા બૌદ્ધોની માફક જૈનો ઇશ્વરમાં માનતા નથી, પણ જૈનો આત્મામાં માને છે અને જૈનોના તીર્થંકરો કે જેમને તેઓ પૂજે છે તેઓ તેમની કલ્પના મુજબ પૂર્ણ આત્માઓ છે. આ તીર્થંકરો વીતરાગ અને સંપૂર્ણ ત્યાગી હતા એમ માનવામાં આવે છે. તેથી તેમની સાથે કોઇ પણ પ્રકારની દ્રવ્યની માલીકી જોડી શકાય નહિ. લાખો રૂપીઆ કે કીમતી દાગીનાના તેમને માલીક બનાવવા કે લેખવા તે યોગ્ય નથી. આ બાબત હું આ રીતે સમજુ છું.

પ્ર. ટે. : અમારી સમક્ષ એક બે બહુ મહત્વના પ્રશ્નો ઉપસ્થિત થયા છે, એ બાબતમાં આપનો અભિપ્રાય અમો જાણવા ઇચ્છીએ છીએ.

એક તો આ મુજબ છે. અમોને એમ સુચવવામાં આવ્યું છે કે હિંદુઓની અમુક જ્ઞાતિ કે પેટાજ્ઞાતિના ભલા માટે ઉભું કરવામાં આવેલ ટ્રસ્ટનો બધા હિંદુઓને લાભ મળવો જોઇએ. આપનો આ બાબતમાં શું અભિપ્રાય છે?

કા. કા. : મારો પોતાનો અભિપ્રાય એમ છે કે કોઇ પણ ચેરીટી અથવા તો દાનનું મુખ્ય લક્ષણ એ હોવું જોઇએ કે જેમને કાયદાના ધોરણે મદદ કે રક્ષણનો હકક મળી શકે એમ ન હોય તેમના રક્ષણ અને લાભની દિશાએ એ ચેરીટી અથવા દાનનો પ્રવાહ વહેવો જોઇએ. દાખલા તરીકે, જો હું મારા ભાઇ કે ભાંડુને કાંઇ આપું તો એ ચેરીટી ન કહેવાય. એ જ રીતે પોતાની કોમના ભલા માટે કાઢવામાં આવેલી કોઇ પણ રકમને હું ચેરીટીનાં ખરા લક્ષણથી વંચિત ગણું. તેથી કેટલાક શાસ્ત્રોના ઉલ્લેખ મુજબ ચેરીટીની આવકના ઓછામાં ઓછા વીશ ટકા સગાવાલાથી ઇતર લોકોનાં ભલા માટે ખર્ચાવા જોઇએ. હું તો ઘણુંયે ઇચ્છું કે આપણે એવી રીતે જાહેરમત કેળવીએ કે જેથી ધાર્મિક કે સામાજિક કોઇ પણ ચેરીટીની આવકના ઓછામાં ઓછા વીશ ટકા પ્રસ્તુત સમાજથી અન્ય સમાજના ભલા માટે અથવા તો જે સમાજ આર્થિક શૈક્ષણિક, અથવા તો નૈતિક દરજ્જામાં વધારે કમનસીબ હોય એ કોમના ભલા માટે ખરચાય એવો કાયદો લોકો સ્વીકારે.

પ્ર. ટે.: આ આપે એક નવી જ વાત કરી. તે બાબતમાં તાજેતરમાં મુંબઇમાં એક નવો મુદ્દો ધ્યાન ખેંચી રહેલ છે. આપણે ત્યાં અમુક જ કોમ અથવા તો પેટા જ્ઞાતિના ઉપયોગ માટે મર્યાદિત હોય એવા ઇસ્પીતાલો છે. અમારી કમીટી સમક્ષ એવી સુચના રજુ કરવામાં આવી છે કે બીજી ચેરીટીઓ સંબંધમાં ગમે તેમ કરો પણ ઇસ્પીતાલોના મૂળ ટ્રસ્ટમાં ગમે તે મર્યાદા મુકવામાં

આવી હોય તો પણ ઇસ્પીતાલો તો સૌ કોઇના માટે ખુલ્લાં મુકાવા જોઇએ.

કા. કા. : એ વિચાર સાથે હું સર્વથા સંમત છું. હું તો એટલે સુધી કહું કે વૈદ્યકીય રાહત અમુક એક કોમ પુરતી મર્યાદિત રાખવામાં આવે તે એક ગુનાહિત કાર્ય ગણાવું જોઇએ.

પ્ર. ટે. : આપ એટલે સુધી જાઓ છો ?

કા. કા. : હા, જી.

પ્ર. ટે. : તો પછી ધર્મશાળાઓનો પ્રશ્ન આપણે વિચારવાનો છે એ પ્રમાણમાં વધારે હળવો છે.

ઘણુંખરૂં આ ધર્મશાળાઓ તીર્થસ્થાનોમાં હોય છે. આમાંની ઘણી ધર્મશાળાઓ અમુક જ્ઞાતિ કે પેટાજ્ઞાતિના ઉપયોગ માટે અંકિત હોય છે. ગયે વર્ષ જ્યારે હું રામેશ્વર ગયેલો ત્યારે કેટલીક ધર્મ-શાળાઓ ખીચોખીચ ભરેલી હતી, જ્યારે બીજી કેટલીકમાં પુષ્કળ ખાલી જગ્યા હતી, છતાં તેમાં કોઇને દાખલ થવા દેવામાં આવતાં નહોતા, કારણ કે તે ધર્મશાળાઓ ચોક્કસ કોમો માટે અંકિત કરવામાં આવેલ હતી. આ ધર્મશાળાઓ બધાય હિંદુઓ માટે ખુલ્લી મુકાવી જોઇએ કે કેમ ?

કા. કા. : આ કાર્ય કાયદાથી થવું જોઇએ એમ હું એકાએક નહિ, કહું પણ આ દિશાએ જાહેર મત કેળવાવો જોઇએ. અને હું એમ પણ કહેવા માગું છું કે બધી કોમો માટે ધર્મશાળાઓ ખુલ્લી મૂકીએ તે પહેલાં ખાનપાનને લગતા લોકોના પુર્વગ્રહો પુરેપુરા ધ્યાનમાં લેવાવા જોઇએ.

પ્ર. ટે. : એ બાબતમાં તો નિયમ થઈ શકે છે. આપણે એમ પણ નિયમ કરી શકીએ છીએ કે જે કોઇ માણસ જે ધર્મશાળામાં જાય એણે તે જ ધર્મશાળના નિયમો પાળવા જોઇશે. તે નિરામિષાહારી માટે હોય તો ત્યાં તેણે માંસાહાર કરવો ન જોઇએ, આવો નિયમ થઇ શકે છે.

કા. કા. : આ સિવાય બીજો કોઇ ભેદભાવ હોવો ન જોઇએ. અને જો બીજો કોઇ ભેદભાવ હોય તો આપણે તે કાયદાથી દૂર કરવો જોઇએ. અને ધર્મશાળાઓ સૌ કોઇને માટે ખુલ્લી કરવી જોઇએ. એ ધર્મશાળાઓનો લાભ લેતા લોકો, આસપાસ રહેતા લોકોને પ્રતિકુળ કે વાંધાપડતી રીતે ન વર્તે એટલી આ બાબતમાં સંભાળ લેવી જોઇએ. ઇસ્પીતાલ કે ધર્મશાળાઓનો આ વધારે બ્યાપક ઉપયોગ હિંદુઓ પુરતો જ રહેશે એવી આપની દરખાસ્ત છે એમ હું સમજું છું.

પ્ર. ટે. : હા, જી. હાલ તુરત તો એમ જ છે. અમારી પાસે એક બે એવા સાક્ષીઓ પણ આવી ગયા છે કે જેઓ મુસલમાન, પારસી સૌ કોઇને આ લાભ મળે એમ ઇચ્છે છે. આ કદાચ અંતિમ ધ્યેય હોઇ શકે, પણ સમગ્ર હિંદુ જાતિ માટે પણ જો આ સંસ્થાઓ ખુલ્લી જાહેર કરી શકાય તો આપણે એક અગત્યનું આગળ પડતું પગલું ભર્યું કહેવાશે.

કા. કા. : હા, જી. મારો પોતાનો અભિપ્રાય આ મુજબ છે. ધર્મશાળાઓ સૌ કોઇને માટે ખુલ્લી મુકાવી જોઇએ. પણ આ બાબત લોકો ઉપર બળજબરીથી ઠોકી બેસાડવી ન જોઇએ. હિંદુઓ માટે ખુલ્લી મુકાય ત્યાં સુધી હું રાહ જોવાને તૈયાર છું. જો કોઇ ધર્મશાળા હરિજનોનો બહિષ્કાર કરે તો તે બંધ કરવી જોઇએ.

પ્ર. ટે. : એ બાબતમાં હું આપની સાથે સહમત છું. જો કોઇ પણ ઠેકાણે હરિજનનો બહિષ્કાર કરવામાં આવશે તો હમણાં જ મુંબઇમાં પસાર કરવામાં આવેલ ધારા મુજબ તે ધર્મશાળાના સંચાલકને શિક્ષા કરવામાં આવશે.

કા. કા. : પણ, ઉંચાવર્ણના હિંદુઓ માટેની ધર્મશાળાઓમાં આજે પણ હરિજનોને દાખલ થતા અટકાવી શકાય છે.

પ્ર. ટે. : એ કાયદો આપની સુચના મુજબ સુધારી શકાય એમ છે કે નહિ તે આપણે વિચારીશું.

* * *

પ્ર. ટે.: હવે એક બીજી બાબત વિચારીએ, હિંદુસ્તાનમાં કેટલાક લોકો પોતાના વીલમાં 'ધર્માદા' 'પુણ્યદાન', 'સારા કામ માટે' એ શબ્દોથી નાની મોટી ચેરીટીઓ જાહેર કરે છે. કમનસીબે બન્યું છે એમ કે કાયદાની અદાલતોએ આવી ચેરીટીઓને અર્થ વિનાની જાહેર કરેલ છે, કારણ કે ચેરીટીના લક્ષણમાં આવા દાનનો સમાવેશ થતો નથી. આપણે જેને ચેરીટી માનીએ છીએ એમાં બધાં દાનોનો સમાવેશ થાય એ પ્રમાણે ચેરીટીનું લક્ષણ બદલાવું જોઇએ એવો કેટલાકનો અભિપ્રાય છે. આપ આ સંબંધમાં શું ધારો છો ?

કા. કા. : ચેરીટીને લગતા આપણા ખ્યાલોમાં અંગ્રેજી કાયદાઓએ માથું મારવાના પરિણામે આવી વિવિત્ર પરિસ્થિતિ ઉભી થઇ છે એમ મને લાગે છે.

પ્ર. ટે.: હા, જી.

કા. કા. : અંગ્રેજી રાજ્યના અમલના અંત સાથે એ લોકોએ આપણી ઉપર લાદેલા ચેરીટીના ખ્યાલોનો પણ અંત આવવો જોઇએ.

પ્ર. ટે. : અને આપણે ચેરીટીના અર્થને આપણી ઇચ્છા મુજબ વ્યાપક બનાવવો જોઇએ એમ આપ કહો છો ને ?

કા. કા. : હા, જી. એ એક કમનસીબ વિષમતા છે કે કેટલાક અંગ્રેજી ખ્યાલોએ આપણા ખ્યાલો ઉપર વર્ચસ્વ જમાવ્યું છે.

પ્ર. ટે. : આપ કહો છો તે બરાબર છે. એ જ દાવા હેઠળ આજે કેટલીયે ચેરીટીઓનો અમલ જ થઇ શક્યો નથી.

કા. કા. : મને લાગે છે કે ધર્મ શું કહેવાય તે વિષે આપણે આપણા દેશમાં વધારે સારી સમજુતી ધરાવીએ છીએ. ધર્મ નિમિત્તનું દાન તે ચેરીટી જ છે એમ દરેક હિંદુ કહેશે.

* * *

પ્ર. ટે. : મુંબઇમાં સારસ્વત કોમ લગભગ અરધો ડઝન મંદિરોનો વંશપરંપરાથી વહીવટ ચલાવે છે અને એમાં ભુલેશ્વરનું મંદિર પણ આવી જાય છે. આ બાબત તમો જાણો છો કે નહિ તેની મને ખબર નથી. આ દેવસ્થાનના ટ્રસ્ટીઓએ લાખો રૂપીઆ એકઠા કર્યાં છે અને ટ્રસ્ટ સીક્યોરીટીઓમાં રોક્યા છે. આને તેઓ દેવદ્રવ્યની માફક જ સમજે છે અને બીજા કોઇ હેતુ માટે તેનો ઉપયોગ થઇ ન શકે એમ તેઓ માને છે. પરિણામ એ આવ્યું છે કે આ નાણાંઓ કશાં પણ કામમાં આવતાં નથી.

કા. કા. : સિવાય કે એ મંદિરોમાં ઢગલાબંધ નાણું તથા કીંમતી આભુષણો છે એમ કોઇ લૂંટારાઓની ટોળીને ખબર પડે અને તેઓ લૂંટ ચલાવે અને મંદિરો એટલા લક્ષ્મીભારથી હળવાં કરે. ગોવામાં આવા લૂંટારાઓ એક મંદિરમાંની મૂર્તિનું જ અપહરણ કરી ગયા હતા, કારણ કે તે સોનાની બનાવેલી હતી.

પ્ર. ટે. : આ માલમત્તા લૂંટી લેવા માટે લૂંટારાની ટોળી સરકાર ઉભી કરે એવી તો આપ સલાહ નથી આપતા ને ?

કા. કા. : તેથી જ આ પૈસાનો સમાજને માટે ઉપયોગ થાય એ વધારે ઇચ્છવા યોગ્ય છે.

પ્ર. ટે. : આ દરદાગીના અને માલમિલકતનાં રોકડાં નાણાં કરવામાં આવે અને સમાજના લાભ માટે વપરાય એમ આપ ઇચ્છો છો ને ?

કા. કા. : હા, જી.

* * *

## પ્રશ્નકાર: શ્રી શાંતિલાલ હ. શાહ

શાંતિલાલ: કેટલાક માણસોએ એવો અભિપ્રાય રજુ કર્યો છે કે ધાર્મિક તથા સામાજિક ટ્રસ્ટોના વહીવટમાં સરકારે માથું મારવું ન જોઇએ. આ સંબંધમાં મારો ખ્યાલ એવો છે કે જુના હિદુ કાયદા કે શાસ્ત્રોએ આવી બાબતો સંબંધમાં વ્યવસ્થા

જાળવવાની અને જરૂર પડે તો દખલગીરી કરવાની રાજાઓને સત્તા આપી હતી.

કા. કા.: આ બાબતમાં હાલ તુરત હું ચોક્કસ શાસ્ત્ર કે સ્મૃતિનો ઉલ્લેખ રજુ કરી શકતો નથી. પણ મને પણ એવું ચોક્કસ યાદ છે કે લોકોના ધાર્મિક આચારોનું નિયમન કરવાનો રાજા સંપૂર્ણ હક્ક ધરાવે છે એવાં હિંદુ ધર્મશાસ્ત્રોમાં અનેક સ્થળે વિધાનો કરવામાં આવેલ છે.

શાંતિલાલ: ધાર્મિક આચારો જ માત્ર નહિ પણ ધાર્મિક તેમ જ સામાજિક ટ્રસ્ટોના વહીવટનું નિયમન પણ રાજાના અધિકારની મર્યાદામાં આવે છે.

કા. કા.: હા, જી. એ બન્ને કરી શકે છે એ વિષે મને જરા પણ શક નથી.

શાંતિલાલ: જો આપને સમય હોય તો આ અભિપ્રાયનું સમર્થન કરતા શાસ્ત્રીય ઉલ્લેખો અમોને પુરા પાડવા વિનંતિ છે.

કા. કા.: હું પ્રયત્ન કરીશ.

* * *

## પ્રશ્નકારઃ શ્રી નયન. એચ. પંડયા

નયન.: આપે હિંદુસ્તાનમાં ખૂબ મુસાફરી કરી છે અને હિંદુસ્તાનમાં કેવળ આળસુ જીવન ગાળતા સાધુઓની સંખ્યા ઘણી મોટી છે તે આપ જાણો છો. આ લોકોને સામાજિક કાર્યમાં જોડી શકાય એવી કાયદાની કે બીજા કોઇ પ્રકારની વ્યવસ્થા આપ સુચવશો?

કા. કા.: આ બાબતમાં કાયદો આપણને મદદરૂપ થઇ શકે કે કેમ એ વિષે મને ખાત્રી નથી. કાયદાની તાકાત વિષે હું ખૂબ અશ્રદ્ધા ધરાવું છું. જ્યાં સુધી સમાજ અમુક બાબતમાં તદ્દન અસહાય છે એવી મને પ્રતીતિ ન થાય ત્યાં સુધી હું કાયદાનો આશ્રય લેવા મન ન કરૂં. હું કાયદાની મદદ સિવાય આજે ચાલતી પરિસ્થિતિને બને ત્યાં સુધી સુધારવા ઇચ્છું.

નયન: આવા સાધુઓને વિના કારણ પોષવામાં અને ખવરાવવામાં આવે છે એમ આપને નથી લાગતું?

કા. કા.: જો લોકોને આપણે કેળવીશું તો લોકો તેમને બીલકુલ ખાવા નહિ આપે,

* * * *

## પ્રશ્નકારઃ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ

ચી. ચ.: આપે એમ સુચવ્યું છે કે કોઇ પણ અમુક કોમના ધાર્મિક તેમ જ સમાજોપયોગી ટ્રસ્ટોની આવકનો વીશ ટકા ભાગ અલગ કરવો જોઇએ અને બીજી પછાત કોમોના લાભ માટે એનો ઉપયોગ થવો જોઇએ. હવે આપણે કપોળ કોમ માટેની કોઇ એક બોર્ડિંગનો દાખલો લઇએ. આપનું એમ કહેવું છે કે આ સંસ્થાની આવકનો વીશ ટકા ભાગ ચેરીટીકમીશનરે ફરજ પાડીને લઇ લેવો જોઇએ અને બીજી કોમના ભલા માટે તેનો ઉપયોગ કરવો જોઇએ?

કા. કા.: હા જી, સિવાય કે બીજી કોમના વીશ ટકા પ્રમાણમાં વિદ્યાર્થીઓને એ સંસ્થામાં દાખલ કરવામાં આવે અને તેમની સાથે સમાનતાના ધોરણે વર્તાવ કરવામાં આવે.

ચી. ચ.: તો પછી આપનું એમ કહેવું છે ને કે જો કોઇ ખોજાની સ્કુલ હોય તો તે સંસ્થાના સંચાલકોએ એ સંસ્થામાં જેટલા વિદ્યાર્થી દાખલ થઇ શકે તેના વીશ ટકા પ્રમાણ જેટલાં બીજી કોમના વિદ્યાર્થીઓને તે સ્કુલમાં દાખલ કરવા જોઇએ?

કા. કા.: હિંદુસ્તાનની આજની પરિસ્થિતિનો વિચાર કરતાં હિંદુસ્તાનમાં વસતી સર્વ કોમોને હું બે ભાગમાં વહેંચુ છું. (૧) મિત્રભાવ–ઉપલક્ષિત અને (૨) મિત્રભાવ–અનુપલક્ષિત. જે કોમોમાં અન્ય લોકોને કોઇ પણ પ્રકારે ધર્માંતર કરાવવાનું તીવ્ર ઝનુન હોય અને આપણાં પરત્વે જે કોમનાં દિલમાં એવી દુર્બુદ્ધિ હોય તેવી કોમોને મિત્રભાવ–અનુપલક્ષિત કોમો તરીકે હું ઓળખાવવા માંગું છું. આવી કોમો અને તેમની સંસ્થાઓ પાસેથી બીજી કોમોના ભલા માટે તેમની આવકમાંથી વીશ ટકા જેટલી રકમ હું ફરજિયાત લઇ લેવા ઇચ્છું. જે કોમોમાં આવી દુર્બુધ્ધિ ન હોય તેમને હું મિત્રભાવ–ઉપલક્ષિત કોમો લેખું છું. અને તેમની સાથે હું એટલો કડક ન થઉં. ખોજા સ્કુલમાં વીશ ટકા વિદ્યાર્થીઓ દાખલ કરવાનું કામ બહુ મુશ્કેલ છે. કારણ કે તેમનું ધર્માંતર કરવામાં ન આવે એ બાબતની માટે સતત ચોકી રાખવી પડે. આવા કીસ્સાઓમાં એ લોકો પોતાની આવકમાંથી વીશ ટકા આપે તે વધારે ઇચ્છવાયોગ્ય છે.

ચી. ચ.: હવે, ઇસ્પીતાલોનો વિચાર કરીએ. મુંબઇમાં એક ભાટીયા ઇસ્પીતાલ છે. ધારો કે એ કોમનો કોઇ એક માણસ આગળ આવે અને પોતાની કોમનાં જ લાભ માટે ખરચવાને રૂપીઆ દસ લાખની રકમ આગળ ધરે. આપ તેનો અસ્વિકાર કરશો?

કા. કા.: હું તેનો અસ્વિકાર કરવાની હદ સુધી નહિ જઉં. જો હું સરમુખત્યાર હોઉં તો તેમના ઉપર બહુ ભારે કર નાખું. જે સંસ્થાઓ અમુક કોમના લાભ માટે મર્યાદિત રાખવામાં આવશે તેમણે પોતાની આવકમાંથી પચાસ ટકા કર લેખે આપવા પડશે એમ હું જાહેર કરૂં. આ કરથી જો તેમને મુકત રહેવું હોય તો એ લોકોએ પોતાના ઇસ્પીતાલો સૌ કોઇને માટે ખુલ્લાં જાહેર કરવા જોઇએ.

ચી. ચ.: આમ કરવાથી કોમી ઇસ્પીતાલોની પ્રવૃત્તિને ધક્કો લાગશે અને પોતાની કોમનું ભલુ કરતાં લોકો અટકી જાય એવું પ્રતિકુળ પરિણામ આવશે એમ આપને નથી લાગતું?

કા. કા.: પહેલા તો હું આવી કોઇ દહેશત ધરાવતો જ નથી. ઉદારતાનો પ્રવાહ કદાપિ અટકવાનો જ નથી. અને ધારો કે અટકી જાય તો પણ એ અટકાવીને પણ સમાજનું નિશ્ચિત પ્રકારનું હું ભલું જ કરૂ છું. અમુક રાહત મળે છે એ જ માત્ર મહત્વનું નથી, પણ એ રાહતનું સ્વરૂપ કેવું છે એ પણ ધ્યાનમાં લેવાની જરૂર છે. બીજી વધારે પછાત કોમોના લાભ માટે જે લોકો વીશ ટકા જેટલી આવક આપવાને તૈયાર ન હોય એમના પૈસા એમની પાસે ભલે રહ્યા! કોમી અલગતા એક એવું દરદ છે કે જે કોમી ઇસ્પીતાલો ઉભા થતાં અટકાવવાથી જ અમુક અંશે નાબુદ થઇ શકશે.

* * *

ચી. ચ.: આપ જાણો છો કે આપણે ત્યાં કેટલાયે સદાવ્રતો છે જેનો યોગ્ય રીતે લાભ લેવાતો નથી. એ સદાવ્રતો બંધ કરવામાં આવે અને તેનાં નાણાંનો કોઇ સારા કામ માટે ઉપયોગ કરવામાં આવે એ સંબંધમાં આપ શું ધારો છો?

કા. કા.: એ સદાવ્રતો વિષે મારા દિલમાં કુણો ભાવ છે. એક સાધુ તરીકે મેં ઘણો પ્રવાસ કર્યો છે. અને એ સદાવ્રતોના અન્નદ્વારા હું નભ્યો છું. એ સદાવ્રતોની નાની મોટી બધી બાબતો હું જાણું છું અને એનો જે દુરૂપયોગ થઇ રહ્યો છે એ જોઇને મારૂં દિલ ઉકળી ઉઠે છે. પણ સમગ્રપણે વિચારતાં મને એમ લાગે છે કે આ સદાવ્રતોએ ઘણા લાંબા વખત સુધી અમુક રીતે ચોક્કસ ઉપયોગી સેવા બજાવી છે અને તેથી તેનો ઉચ્છેદ કરવાને બદલે તેમાં હું સુધારણા કરવા ઇચ્છું.

ચી. ચ.: આ સદાવ્રતોનો ઉપયોગ ગરીબ વિદ્યાર્થીઓને અન્ન તેમ જ શિષ્યવૃત્તિઓ આપવામાં થાય એમ આપ ઇચ્છો છો?

કા. કા.: ગરીબ વિદ્યાર્થીઓને આ દ્વારા અન્નભોજન આપવાની વ્યવસ્થા થાય એ મને સમંત છે. પણ સાથે સાથે એ પણ સુચવું કે આ વિદ્યાર્થીઓને પુરતું પોષણ મળે એટલો ખોરાક અપાવો જોઇએ. એક વખત આ સદાવ્રતો વટેમાર્ગુઓ અને પ્રવાસીઓને

આશીર્વાદરૂપ હતા. કોલંબિયા યુનિવર્સીટીના અધ્યાપક 'બટ' સાથે આ બાબત ચર્ચવાને મને સુયોગ સાંપડ્યો હતો. મેં તેમને જણાવ્યું હતું કે હિંદુસ્તાનમાં કોઇ પણ માણસ અધ્યયન અને જ્ઞાનોપાર્જન માટે રોકફેલર કે એવી અન્ય કોઇ સંસ્થાને મદદ માટે અરજી કર્યા સિવાય એક ખુણેથી બીજે ખુણે ખાવાપીવાની કશી પણ અગવડ ભોગવ્યા સિવાય ફરી શકે છે. આખા દેશમાં જ્યાં ત્યાં સદાવ્રતો ચાલતા હોય છે. જ્યાં જાઓ ત્યાં તમને ખાવાનું મળી રહે છે. અલબત્ત, તે પાછળ રહેલો શુભ હેતુ આજે નષ્ટ થયો છે અને એનો ખૂબ દુરૂપયોગ થઇ રહ્યો છે પણ આ માટે આપણે જ જવાબદાર છીએ. આપણે આપણી જવાબદારી બરોબર સમજતા જ નથી. હિંદુસ્તાન અતિથિધર્મ માટે એક વખત પંકાયલો દેશ હતો. આજે છે એના એ જ આકારમાં નહિ પણ તેમાં જરૂરી સુધારા કરીને આ સંસ્થાઓ જીવંત રાખવી જોઇએ. ભૂતકાળમાં કાશીમાં તેમ જ અન્ય સ્થળોએ વિદ્યાર્થીઓને જોઇતો ખોરાક મફત મળી રહેતો અને નિશ્ચિંતપણે તેઓ અભ્યાસ કરી શકતા, જેમાંથી આજે કેટલાયે વિદ્વાનો પાકયા છે, અને સમાજનાં મોટા ઘડવૈયાઓ નિર્માણ થયા છે. આ સંસ્થાનો આવો ઉજ્જવળ ભૂતકાળ ધ્યાનમાં લઇને એને મૂળમાંથી નાબૂદ કરવાનું સુચવવા માટે હું તૈયાર નથી. અલબત્ત, તેમાં સુધારાની અત્યંત આવશ્યકતા છે. હું આ સંસ્થાને બંધ કરવાને બદલે સુધારવાનું વધારે પસંદ કરૂં છું.

## પ્રશ્નકાર. શ્રી. દફતરી

દફતરી : આપે એમ સુચવ્યું કે કોઇ પણ સંસ્થાનું બજેટ એને લગતી કોમની આગળ રજુ કરવું જોઇએ. હું એમ સુચવું છું કે આ બજેટ ચેરીટી કમીશનરની આગળ જ રજુ થવું જોઇએ અને તેણે તેને લગતા નિર્ણયો કરવા પહેલાં એ ચોકકસ કોમની કમીટીની સલાહ લેવી જોઇએ. આ એક ઉચિત મધ્યમમાર્ગ મને લાગે છે.

કા. કા. : ચેરીટીકમીશનર તો એક સત્તાધિકારી જ હશે. તેને લોકોની સલાહ લેવાની જરૂર છુટ હશે, પણ એ સલાહ લેશે કે કેમ એ જ સવાલ છે. અધિકારીઓ સંબંધમાં હું ચોકકસ પ્રકારનો અવિશ્વાસ ધરાવું છું. આમ હોવાથી આ બાબત હું કોમની હસ્તક જ રહે એમ હું ઇચ્છું છું. ચેરીટી કમીશનરના સ્થાને જુદી જુદી કોમોનું પ્રતિનિધિત્વ ધરાવતું જો કોઇ ચુંટાયલું મંડળ હોય તો તે સામે મને વાંધો નથી.

દફતરી. : સરકાર પોતે જ એક ચુંટાયલી સંસ્થા નથી?

કા. કા. : હા, એમ છે એટલે જ અમે એની અનેક વિચિત્રતાઓ સહન કરીએ છીએ. રાજસત્તા એક અનિવાર્ય અનિષ્ટ છે અને તેથીજ તેને નિભાવી લેવી પડે છે. સરકાર, લોકોનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા હોઇને સરકારની સત્તાનો જરૂર જણાય ત્યાં ઉપયોગ કરવાનું હું જરૂર પસંદ કરૂં. પણ, જ્યાં જ્યાં મને ચાલી શકે ત્યાં ત્યાં સરકારને હું કોઇ પણ નવી સત્તા સહેલાઇથી ન આપું. આ મારો મધ્યમમાર્ગી વિચાર છે. ઉપર જણાવેલ હેતુ માટે સરકારને જો આપ ચુંટાયલું મંડળ નીમવાની ભલામણ કરશો તો એ મંડળ જાહેર જનતા માટે વધારે અનુકુળ થઇ પડશે અને જાહેર જનતાનો અભિપ્રાય પણ તે ઘણી સહેલાઇથી સમજી શકશે.

અનુવાદક **પરમાનંદ**

## સર પુરૂષોત્તમદાસ ઠાકોરદાસે આપેલી જુબાની

### પ્રશ્નકાર : પ્રમુખ ટેન્ડુલકર

પ્ર. ટે. : અમારી પ્રશ્નાવલિના ઉત્તરમાં આપ સૌથી પહેલી બાબત એ જણાવો છો કે ટ્રસ્ટોના વહીવટમાં ગોટાળો કરનારાઓને ઠેકાણે લાવવામાં બહુ ભારે ખર્ચ કરવો પડે છે, અને અમારી સમક્ષ પણ આવી જ ફરીઆદ સામાન્ય રીતે કરવામાં આવી છે.

પુ. ઠા. : હા જી, આપની કમીટીમાંના ચીમનભાઇ પણ આ બાબતની સાક્ષી પુરશે.

પ્ર. ટે. : ઇંગ્લાંડમાં, આપ જાણતા હશો કે, ચેરીટી કમીશનરો નીમવામાં આવે છે. આ ચેરીટી કમીશનર સમક્ષ જે કાંઇ ફરીઆદો રજુ કરવામાં આવે છે તેની વિનાવિલંબે તપાસ કરવાની તેમને સત્તા હોય છે. તેઓ પોતે જ તપાસ ચલાવે છે અને તેમની સમક્ષ રજુ કરવામાં આવેલી ફરીયાદો વજુદવાળી છે કે નહિ તે બાબતમાં તેઓ નિર્ણય કરે છે. આમાં ખર્ચનો કશો સવાલ આડે આવતો નથી. આવું જ કાર્ય કરવા માટે હિંદુસ્તાનમાં અને ખાસ કરીને આપણા પ્રાન્તમાં આવી કોઇ સંસ્થા ઉભી કરવાની અમારી સમક્ષ દરખાસ્તો આવી છે. આપ આ વિચારના પક્ષમાં છો?

પુ. ઠા. : આ યોજનાની બધી વિગતો હું જાણતો નથી. પણ હું જે કાંઇ જાણું છું તે ઉપરથી મને લાગે છે કે આ બહુ જ ઇચ્છવા યોગ્ય છે. હું આશા રાખું છું કે આવી સંસ્થા સરકાર પુરી તટસ્થ વૃત્તિથી ઉભી કરશે અને એ સંસ્થાના સભ્યો કાયદા અને ન્યાયના ધોરણે વ્યાજબી નિર્ણયો લઇ શકે એવી તાકાતવાળા—ડીસ્ટ્રીકટ જજના મોભાવાળા—હશે.

પ્ર. ટે. : બીજી એક ફરિયાદ સામાન્યપણે કરવામાં આવે છે કે ટ્રસ્ટીઓ પોતાની હસ્તકનાં નાણાંનો દુરૂપયોગ કરે છે. લેવડદેવડ થઇ શકે એવી સીકયોરીટીઓમાં અથવા તો ગવર્મેન્ટ પ્રોમીસરી નોટોમાં ટ્રસ્ટના ફંડો રોકાયલા હોય છે. આ રોકાણ ટ્રસ્ટીઓના નામ પર હોય છે અને ટ્રસ્ટીઓ આ રોકાણોની પોતાને ઠીક પડે તેમ વર્ષો સુધી હેરફેર કર્યા કરે છે, અને સરવાળે ટ્રસ્ટને કોઇ પણ પ્રકારનો ફાયદો થતો નથી. આ દુરૂપયોગ અટકાવવા માટે અમારી સમક્ષ એક એવી સૂચના કરવામાં આવી છે કે રીઝર્વ બેંકને અથવા તો અમો સુચવીએ છીએ એવા ચેરીટી કમીશનરોને આ બધી સીકયોરીટીઓ સ્ટેમ્પ કરવાની સત્તા હોવી જોઇએ અને ચેરીટી કમીશનરની પરવનાગી સિવાય આ સીકયોરીટીઓ વેચી શકાય નહી આવો પ્રબંધ થવો જોઇએ.

પુ. ઠા. : આ તમારી સુચના મને કબુલ છે, પણ મને ભય રહે છે કે સ્ટેમ્પ લગાડવો અને લઇ લેવો આ બધું કદાચ બહુ ખર્ચાળ લનશે. જો આમ કરવામાં નામનો જ ખર્ચ થવાનો હોય તો તમારી સૂચના સ્વિકારવામાં મને કશો વાંધો નથી.

પ્ર. ટે. : હું ધારૂં છું કે આપ રીઝર્વબેંકના ડીરેકટર છો. રીઝર્વ બેંક આવું કામ હાથ ધરે કે નહિ એ એક પ્રશ્ન છે.

પુ. ઠા. : રીઝર્વ બેંકનું ભાવી શું છે એની મને ખબર નથી, પણ મને લાગે છે કે તમારી સુચના વિચારવા જેવી છે. એમ કરવામાં રીઝર્વ બેંકને કશો ખર્ચ નહિ થાય અને આજે ચાલી રહેલા ઘણા ગોટાળા એમ કરવાથી અટકી જશે.

પ્ર. ટે.: આ જ રીતે અમો મિલ્કતનો દુરૂપયોગ અટકાવવા માટે એવો કાયદો કરવા ઇચ્છીએ છીએ કે ધાર્મિક તથા લોકોપયોગી કાર્યો માટે ટ્રસ્ટીઓએ ખરીદેલી મિલ્કતની રજીસ્ટ્રેશન એકટ નીચે રાખવામાં આવતા રજીસ્ટરમાં નોંધ હોવી જોઇએ. આમ કરવાથી ટ્રસ્ટીઓને અંધારામાં રાખીને ટ્રસ્ટની મિલ્કતના કરવામાં આવતાં વેચાણો અટકાવી શકાશે.

પુ. ઠા. : આમ કરવામાં પણ નામનો જ ખર્ચ લાગવો જોઇએ એ શરતે આપની સૂચના હું સ્વિકારૂં છું. ધાર્મિક કે લોકોપયોગી ટ્રસ્ટો ઉપર નાનો સરખો પણ કરભાર લાગુ પાડવો ન જોઇએ એવો મારો અભિપ્રાય છે.

પ્ર. ટે. : આપ જાણો છો કે મુંબઇ પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ નીચે બધા ટ્રસ્ટો પાસેથી બહુ જ થોડો કર લેવામાં આવે છે. દરેક ટ્રસ્ટને પોતાની આવકમાંથી અમુક રકમ આપવાની હોય છે.

પુ. ઠા. : એ એકટમાં પાછળથી સુધારો કરવામાં આવ્યો છે તે મુજબ આ કર ખરેખર નામનો જ છે. જો એ કર જરા પણ વધારે હોત તો ડાકોરના મંદિરને, હું માનું છું કે, ઘણી મોટી રકમ આપવી પડતે.

પ્ર. ટે. : ઇંગ્લાન્ડમાં ચેરીટી કમીશનરના ખર્ચનો બોજો ચેરીટીઓ માથે નહિ પણ રાજ્યના માથે નાંખવામાં આવેલ છે. અહીં પણ એ જ નિયમ સ્વિકારવો એવો આપનો અભિપ્રાય છે ?

પુ. ઠા. ચેરીટી કમીશનરનો ખર્ચ રાજ્યની તિજોરીએ જ વહન કરવો જોઇએ. જાહેર જનતાના હિતની ખાતર તેની નિમણુંક કરવામાં આવે છે તેથી જાહેર જનતાએ જ તેનો ભાર ઉંપાડવો જોઇએ. ચેરીટીઓનો વહીવટ બરોબર ચાલે છે એ જોવાની ચેરીટી કમીશનરને માથે જવાબદારી હોય છે. તેથી તેમને લગતો ખર્ચ રાજની તિજોરીમાંથી અપાવો જોઇએ. વળી કેટલીક ચેરીટીઓ કેળવણીપ્રચારનું અને વૈદકીય રાહત પહોંચાડવાનું કામ કરે છે. અને આ કામ તો રાજ્યનું જ છે. અને આ હકીકત ધ્યાનમાં લઇને રાજ્યે તેમને આવકવેરાથી મુક્ત રાખેલ છે અને કેટલેક ઠેકાણે ચેરીટીઓ સ્થાનિક મ્યુનિસિપલ કરોથી પણ મુક્ત હોય છે.

પ્ર. ટે. : આપના ઉત્તરો જોતાં મને માલુમ પડે છે કે 'વિઝીટરો'ની ગોઠવણની આપ વિરૂદ્ધ છો કારણ કે આપ વિઝીટરો મદદરૂપ થવાને બદલે ઉલટા નડતરરૂપ બનશે એમ ધારો છો.

પુ. ઠા. : તમો ચેરીટી કમીશનરો તો ઉભા કરો જ છો. આ દિશાએ તમો ધીમે ધીમે આગળ પગલા ભરો ! માણસજાતના સ્વભાવમાં જ સત્તા દાખવવાની વૃત્તિ રહેલી છે અને જેને આ સત્તાદબાણના ભોગ થવું પડે છે તેમને આનો અત્યન્ત અણગમો હોય છે. આજે એવા ઘણા માણસો છે કે જેઓ ચેરીટીનાં કામોમાં ઉંડો રસ ધરાવે છે અને જેઓ ઉપયોગી સેવા આપી રહ્યા છે. એક વખત જેવું એમને માલુમ પડે કે કોઇ બહારનું માણસ, સંભવ છે કે અંગત વૈરવિરોધને લીધે, તેમના કાર્યમાં દખલગીરી કરી રહેલ છે અને તેને દબાવી રહેલ છે કે તુરત જ તેઓ માથે ઉપાડેલું કામ છોડી દેશે, આ હું જાતઅનુભવથી કહું છું, કારણ કે હું આવા દાખતા જાણું છું.

પ્ર. ટે. : હું માનું છું કે આપ ડાકોરના મંદિરના વહીવટ સાથે જોડાયેલા છો અને તેની પાસે ઘણી મોટી રકમો પડેલી છે.

પુ. ઠા. : હા જી.

પ્ર. ટે. : મદ્રાસમાં દેવસ્થાન વિષે શું વસ્તુસ્થિતિ છે એ હું આપને ટુંકમાં જણાવું. દર વર્ષે તૈયાર કરવામાં આવતા બજેટમાં મંદિરની મૂર્તિઓના પૂજાપાઠ અને ધાર્મિક ક્રિયાકાંડ માટે જરૂરી રકમ મંજુર કરવામાં આવે છે. આ બાબત ત્રણ કે પાંચ વર્ષ માટે ચેરીટી કમીશનરની સંમતિ મેળવીને નક્કી કરવામાં આવે છે. કોઇ પણ ધારી અણધારી પરિસ્થિતિને પહોંચી વળવા માટે રીઝર્વફંડ અને મકાનો માટે ઘસારાફંડ પણ બાજુએ રાખવામાં આવે છે. આ બધું બાદ કરતાં આવકમાં જો કાંઇ વધારો રહે તો તે વધારો જાહેર લોકોપયોગી કાર્ય માટે સુલભ બને છે. આવી યોજના આપ પસંદ કરો છો. ?

પુ. ઠા. : આ વધારાનો ઉપયોગ મૂળ ટ્રસ્ટના હેતુઓની મર્યાદામાં આવી જાય એવા લોકોપયોગી કાર્ય માટે કરવામાં આવે છે કે કોઇ પણ લોકપયોગી કાર્ય માટે ?

પ્ર. ટે. : સમાજને જે દ્વારા સૌથી વધારે લાભ મળી શકે એવા જાહેર લોકોપયોગી કાર્ય માટે આ વધારાનાં નાણાંનો ઉપયોગ કરવામાં આવે છે. ધારો કે ડાકોરના મંદિર પાસે વધારાનાં નાણાં છે, અને ચેરીટી કમીશનરને લાગે કે ડાકોરને એક સારા હોસ્પીટલની સૌથી વધારે જરૂર છે, તો એવું હોસ્પીટલ ઉભું કરવા પાછળ તે રકમ ખરચવામાં આવશે. આને બદલે જો તેને એમ લાગે કે ત્યાંની કોમને વેદપાઠશાળા વધારે લાભદાયી નીવડે તેમ છે તો તેવી પાઠશાળાની સ્થાપના કરવાની ચેરીટી કમીશનર ભળામણ કરે. તત્કાલીન સંયોગો ધ્યાનમાં લઇને કયું કાર્ય ત્યાંનાં સમાજને વધારે લાભદાયી નીવડશે એ બાબતનો પુરો વિચાર કરીને જ નિર્ણય કરવાનો રહેશે. આવાં કાર્યો કમીશનર ટ્રસ્ટીઓ સાથે સલાહ કરીને જ નક્કી કરશે. આમ કોઇ પણ મંદિરનાં વધારાનાં નાણાં જેને ઐહિક અથવા તો સમાજોપયોગી કહેવામાં આવે છે એવા હેતુઓ પાછળ ખરચાય એ બાબત આપ મંજુર કરો છો ?

પુ. ઠા. : ડાકોરમંદિરના પ્રમુખ તરીકે નહિ પણ વ્યક્તિગત રીતે આ કમીટી સમક્ષ હું જુબાની આપું છું એમ સમજીને જણાવું છું કે આવી રીતે પ્રાપ્ત થતાં વધારાનાં નાણાંનો ટ્રસ્ટીઓની સંમતિ મેળવીને અન્ય લોકોપયોગી કાર્યોમાં ઉપયોગ કરવાના વિચારને મારો પુરો ટેકો છે. ટ્રસ્ટીઓની સંમતિની જરૂર એટલા માટે છે કે તેઓ આવી બાબતમાં મારી સાથે હોય એમ હું ઇચ્છું.

પ્ર. ટે. : વધારાનાં નાણાં કયા હેતુ પાછળ ખરચવા એ બાબતનો છેવટનો નિર્ણય કરવાની સત્તા ટ્રસ્ટીઓને રહેવી જોઇએ એ બાબત સ્વિકારીએ તો પણ વધારાનાં નાણાં ખરચવાના જુદા જુદા માર્ગો કાયદાથી નક્કી કરવામાં આવે અને ટ્રસ્ટીઓ એમાંથી પોતાને ઠીક પડે તે માર્ગ સ્વિકારે એવી ગોઠવણ આપને પસંદ છે ?

પુ. ઠા. : હા જી, એ પ્રમાણે આપ કરી શકો છો.

પ્ર. ટે. : એ જ પ્રમાણે ચેરીટી કમિશનર ટ્રસ્ટીઓ સમક્ષ ત્રણ ચાર જુદી જુદી યોજનાઓ મૂકે અને તેમાંથી કોઇ પણ એક પસંદ કરવા તેમને જણાવે.

પુ. ઠા. : વારૂ, એ સામે મને કશો વાંધો નથી. હું તમને રસ પડે એવો એક નાનો સરખો અનુભવ જણાવું. ડાકોર મંદીર પાસે પાંચસો છસો ઢોર છે. તેમાંથી કોઇ પણ જાનવર વેચવામાં કે કતલ કરવામાં આવતું નથી. અમે એ ઢોરની સારી સંભાળ લેવા માંડી, જેના પરિણામે આજે વધી વધીને ૬૦ મણ દુધ પેદા થવા માંડયું છે. ચાલુ નિયમો પ્રમાણે બધા ભોગો ધરતાં ૮ થી ૧૦ મણ દુધનો ઉપયોગ થતો હતો, અને દુધનો ખુબ વધારો પડી રહેતો હતો. સ્વાભાવિક રીતે આ વધારાના દુધનું શું કરવું એ પ્રશ્ન ઉપસ્થિત થયો. મેં કમીટીને સૂચવ્યું કે આ દુધ નિશાળોમાં અને પાઠશાળામાં ભણતા ગરીબ વિદ્યાર્થીઓને વહેંચી દેવું, કારણે કે એ વિદ્યાર્થીઓને દુધ મળતું નથી. મેં એમ જણાવ્યું કે એ બધું દુધ દેવમૂર્તિ સમક્ષ ધરવું અને પછી છોકરાઓને વહેંચી દેવું. મંદિરના ઉપયોગ માટે જરૂરી દુધ સિવાયના બાકીના વધારાના દુધની કીંમત કોણ આપે એ પ્રશ્ન ઉભો થયો. મેં કહ્યું કે એ દુધની કીંમત આપવાને હું તૈયાર છું. આથી વધારે વ્યાજબી બીજુ શું હોઇ શકે ? મેં ઉપર જણાવેલી દરખાસ્ત એટલા માટે કરી કે તેથી બે ત્રણ શુભ હેતુઓ એક સાથે સિદ્ધ થાય તેમ હતું. એક તો તાજું અને સારૂં દુધ અને તે પણ દેવમૂર્તિ સમક્ષ ધરવામાં આવતું દુધ કે જેની ચોક્કસ વિશેષતા છે એવું છોકરાઓને મળે. આપને જાણીને આશ્ચર્ય થશે કે 'એમ નહિ બની શકે' એવો મને જવાબ મળ્યો. ૬૦ મણ દુધનું તેઓ કરવાના શું હતા ? મેં તેની કીંમત આપવાની તૈયારી બતાવી. તો પણ તેઓ કબુલ ન થયા. પછી મેં એમ સૂચવ્યું કે આ વધારાના દુધનું દહીં કરીએ અને ખાસ કરીને ઉનાળાના મહીનાઓમાં મંદિરના પાછળના દરવાજે જે કોઇ આવે તેમે આપણે મફત છાસ આપીએ. 'નહિ સાહેબ' એવોં જ ફરીથી જવાબ મળ્યો. મેં મારા સાથીઓને જણાવ્યું કે હવે તો ડીસ્ટ્રીકટ કોર્ટ આગળ જવા સિવાય મારી પાસે બીજો કોઇ માર્ગ રહેતો નથી. હાલ આ મંદિરને લગતા બહુ મોટા ખટલામાં અમો પડેલા છીએ એનો નિકાલ ન આવે ત્યાં સુધી આ બાબત મુલતવી રાખવા તેમણે માંગણી

કરી. આજે આ બાબત આટલે સુધી આવીને ઉભી છે. આ પ્રકરનો સુધારો થવાની હવે ખુબ જ જરૂર છે. પ્રજાનો આવી બાબતમાં તમને પુરો સાથ મળે એ ખાસ મહત્વનું છે.

પ્ર. ટે. : હું સમજું છું કે આ બાબતમાં પરસ્પરવિરોધી મતો અને હિતો સંડોવાયલા છે.

પુ. ઠા. : ડાકોરમાં આજે જે પરસ્પર હિતો સંડોવાયલા છે તેમાં કાયદાકાનુન કશું કરી શકે કે કેમ એ વિષે મને શક છે. તેઓ પ્રીવી કાઉન્સીલ સુધી લડી ચુકયા છે.

પ્ર. ટે : અમારી મુશ્કેલીઓ ઉપર આપનું નિવેદનન વો પ્રકાશ પાડે છે. અનેક હિતોની તેમાં પરસ્પર અથડામણ થવા સંભવ છે.

પુ. ઠા. : મદ્રાસ અને અહિં વચ્ચે એક તફાવત છે. મદ્રાસમાં મહાધિપતિઓના હિતોને ઠેકાણે લાવાવા માટે એવો કાયદો કરવામાં આવ્યો છે એવો મારો ખ્યાલ છે.

પ્ર. ટે. : અમોએ આજે જ મદ્રાસ એન્ડાઉમેન્ટ બોર્ડના પ્રેસીડેન્ટની જુબાની લીધી. તેઓ અમારી સાથે બે કલાક હતા. તેમણે અમને જણાવ્યું કે તેઓ હજુ મઠોને તો અડકયા જ નથી. તેમને અડતા હજુ તેઓ બીએ છે. હજુ હમણાં ૧૯૪૭માં જ તેમણે આગળના કાયદામાં મઠો વિષે એક પ્રકરણ ઉમેર્યું છે. મઠો પોતાના હિસાબો જ મોકલે છે અને બીજું કશું કરતા નથી. આમ છતાં પણ તીરૂપતી મંદિરના વધારાના નાણાંમાંથી તેઓ પાંચ શિક્ષણસંસ્થાઓ ચલાવે છે.

પુ. ઠા. : તિરૂપતિમાં તેઓ મહાધિપતિને પદભ્રષ્ટ કરી શકયા નથી ? હું ધારતો હતો કે મહાધિપતિને હાંકી કાઢવામાં આવ્યા છે.

પ્ર. ટે. : ના સાહેબ, મંદિરની સંભાળ લેવા માટે તેમણે એક આસીસ્ટન્ટ કમીશનરની નીમણુંક કરેલ છે. મહાધિપતિની ધાર્મિક પ્રતિષ્ટા હજુ ચાલુ જ છે. મંદિરનો જમીન જાગીર વગેરેનો વહીવટ આ આસીસ્ટન્ટ કમીશનર ચલાવે છે અને તે મંદિરના વધારાનાં નાણાંનો કબજો લે છે અને તેમાંથી શિક્ષણસંસ્થાઓ ચલાવે છે.

અહિં ચર્ચવાનો બીજો એક મુદ્દો આ છે. કમીટી આગળ એક એવી સુચના રજુ કરવામાં આવી છે કે આજકાલ અનેક લોકો ભાતભાતના ઉઘરાણાં કરે છે અને તેમાં કઇ બાબત સારી છે અને કઇ બાબત ખોટી છે એ કોઇ જાણતું હોતું નથી. પહોંચની ચોપડીઓ છપાવવામાં આવે છે અને કોઇ પણ માણસ આવી ચોપડી લઇને નીકળી પડે છે અને નાણાં ભેગાં કર્યે જાય છે. એમ સુચવવામાં આવ્યું છે કે જયારે આપણે ચેરીટી કમીશનર નીમવાના છીએ ત્યારે ચેરીટી કમીશનરની પરવાનગી સિવાય કોઇ પણ માણસ પૈસા એકઠા કરી ન શકે એવો પ્રબંધ કરવો. પરવાના સિવાય કોઇ પણ ચેરીટી માટે ભંડોળ એકઠું કરનાર શિક્ષાપાત્ર લેખાવો જોઇએ. આ બાબતમાં આપનો શું અભિપ્રાય છે ?

પુ. ઠા. : એ તો ઠીક, પણ આ કાયદાનો અમલ શી રીતે કરવામાં આવશે તેનો મને ખ્યાલ આવી શકતો નથી. એનો અર્થ એ થાય ને કે કોઇ પણ બ્રાહ્મણ કોઇ પણ કાર્ય માટે નાણાંની યાચના કરી નહિ શકે ?

પ્ર. ટે. : આ દરખાસ્તના ગર્ભમાં એ રહેલું જ છે કે બ્રાહ્મણ આજની માફક યાચના કરી નહિ શકે. જો કોઇ પણ સમાજોપયોગી કાર્ય માટે તમને નાણાં જોઇતા હોય તો તે કામ વ્યવસ્થિત રીતે થવું જોઇએ. દાખલા તરીકે ગૌશાળાઓનો વિચાર કરીએ. કહેવાતી ગૌશાળાઓમાં આજે ખરેખર કેટલી અસ્તિત્વ ધરાવે છે તેની જ આપણામાંના ઘણાને ખબર નથી. તેમાંની કેટલીક તો ૫૦૦ માઇલ જેટલે દૂર દૂર હોય છે. એમ છતાં એ માટે નાણાં ઉઘરાવવાનું ચાલ્યા જ કરે છે અને એ નાણાનું શું થાય છે તેની કોઇને ખબર પડતી નથી.

પુ. ઠા. : હું એમ જણાવું છું કે આવી નાની નાની બાબતોને અડકો નહિ. મોટી બાબતો જ હાથ ધરો. કારણ કે આવી બાબત લોકોને કેવી લાગશે તે હું કહી શકતો નથી. દરેક બાબત રાજ્ય સંભાળી શકે તેમ નથી. હું વિશાળ ધોરણે વિચાર કરૂં છું. જો કોઇ એક માણસ આફતમાં હોય અને પૈસા માંગવા નીકળે તો—

પ્ર. ટે. : આવી વ્યકિતગત યાચનાઓને આ કાયદો આપણે લાગુ નહિ પાડીએ.

પુ. ઠા. : આ બાબતનો તો સૌથી મોટો દુરૂપયોગ મુંબઇમાં વ્યાપારી બજારોમાં થઇ રહેલો જોવામાં આવે છે. દેશના કોઇ પણ ખુણે નાનું સરખું સંકટ આવ્યું કે કેટલાયે લોકો મુંબઇ દોડી આવે છે અને તમારી પાસે ભાતભાતની માંગણીઓ કરે છે. આ બાબતમાં મારો વિચાર આ મુજબ છે. એકદમ પરવાનાનો કાયદો લાવવાની હું ભલામણ નહિ કરૂં. બે, ત્રણ, ચાર વર્ષ બાદ આવો કાયદો કરજો. આપણે ઇચ્છીએ છીએ અને અપેક્ષા રાખીએ છીએ એ મુજબ લોકોને વિચાર કરતા થવા દો. દરેકના દિલમાં એવો આગ્રહ પેદા થવા દો કે ચેરીટીના નામે તેઓ જે કાંઇ આપે છે તેનું કોઇ પણ આકારમાં ચોકકસ ઉપયોગી પરિણામ આવવું જ જોઇએ.

* * *

પ્ર. ટે. : એક જ અથવા તો એકસરખા હેતુવાળા ટ્રસ્ટોના જોડાણ સંબંધમાં આપનું એમ કહેવું છે કે આવી બાબતમાં ટ્રસ્ટીઓની લાગણીઓનો પુરો ખ્યાલ રાખવો જરૂરી છે. આપ આ રીતે શું કહેવા માંગો છો તે જરા વધારે સ્પષ્ટતાથી સમજાવશો ?

પુ. ઠા. : ધારો કે કોઇએ એવી જાહેરાત કરી હોય કે મારા જ્ઞાતિભાઇઓને ભોજન આપવા માટે હું રૂ. ૫૦૦૦ બાજુએ મુકું છું. આને અમો 'ઉજાણી' શબ્દથી ઓળખીએ છીએ. આજે આવી ઉજાણી શકય જ નથી, કારણ કે આજે રેશનીંગ ચાલે છે. પણ આમ ન હોય તો પણ આ નાણાંનો ઉપયોગ યોગ્યતા ધરાવતા અને જરૂરિયાતવાળાઓને ખવરાવવા પાછળ કરવામાં આવે તેમાં કંઇ ખોટું નથી. આ નાણાંનો બીજા જ કોઇ કાર્ય પાછળ ઉપયોગ ન કરો પણ મૂળ વિધાન હોય તેને મળતા કાર્ય માટે, જેટલું બને તેટલા નજીકના હેતુ માટે, ઉપયોગ કરો. જો અમુક જ્ઞાતિના લોકો માટે તેનો ઉપયોગ સુચવવામાં આવ્યો હોય તો તે લોકો માટે જ તેનો ઉપયોગ કરો. દરેક વર્ગ અને વર્તુલમાં પુરતી હાડમારીઓ, આફત અને મુંઝવણો રહેલી છે. એ લોકોના લાભ પુરતો જ એ નાણાંનો ઉપયોગ મર્યાદિત રાખો. કાઠિયાવાડ માટે અંકિત થયેલી રકમ નાસીકમાં ન વાપરો !

પ્ર. ટે. : ચેરીટીનો લાભ લેનાર વર્ગ સંબંધે તેમ જ તે પ્રદેશ સંબંધે જે મર્યાદા સૂચવવામાં આવી હોય તે જાળવવી જોઇએ એવો આપનો અભિપ્રાય છે ?

પુ. ઠા. : મૂળ દાતાની ઇચ્છાઓની બને તેટલા સમીપ રહીને પ્રસ્તુત ચેરીટીનો અમલ થવો જોઇએ.

પ્ર. ટે. : આને અંગ્રેજી કાયદાની પરિભાષામાં અમે 'સાઇ-પ્રે' ના સિધ્ધાન્તના નામથી ઓળખીએ છીએ. હવે આપણે બીજો એક પ્રશ્ન વિચારીએ. હિંદભરમાં સ્થળે સ્થળે અન્નક્ષેત્રો અને સદાવ્રતો ચાલે છે. પ્રીન્સીપાલ કુલકર્ણીએ અમને જણાવ્યું છે કે જે આવે તેને ભોજન આપવાને બદલે કોલેજમાં ભણતા ગરીબ વિદ્યાર્થીઓને જ ખવરાવવામાં આવે એવી વ્યવસ્થા સ્વીકારવા તેઓ કેટલાક ટ્રસ્ટીઓને સમજાવી શકયા હતા અને બે ઠેકાણે તેઓ આ પ્રયત્નમાં પુરા સફળ નીવડયા હતા. જે જગ્યાએ ઘણા સદાવ્રતો હોય ત્યાં કાયદાથી તે સદાવ્રતોનો ગરીબ વિદ્યાર્થીઓને જ લાભ આપવાની ફરજ પાડવાનું આપ સંમત કરો ખરા ?

પુ. ઠા. : અંગત રીતે આ હું સંમત કરૂં છું, પણ તે સંમતિ આ મર્યાદાને આધીન રહીને કે આવો કોઇ પણ ફેરફાર

મૂળ હેતુંની બને તેટલો સમીપ હોવો જોઇએ. અલમસ્ત શરીરવાળાને ખવરાવવા કરતાં જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને ખવરાવવું એ જરૂર વધારે ઇચ્છવા યોગ્ય છે.

પ્ર. ટે. : હવે ખાસ કરીને તીર્થસ્થળોમાં આવેલી ધર્મશાળાઓનો વિચાર કરીએ. આ બાબતમાં એમ માલુમ પડે છે કે કેટલીક ધર્મશાળાઓ અમુક જ્ઞાતિ કે પેટાજ્ઞાતિઓ માટે અને કેટલીક ધર્મશાળાઓ અમુક સ્થળમાં વસતા લોકો માટે અંકિત કરવામાં આવેલી હોય છે. આ ધર્મશાળાઓ ઘણી વખત ખાલી હોય છે, જ્યારે બીજી ધર્મશાળાઓ ખીચોખીચ ભરેલી હોય છે. ઉપર જણાવ્યા મુજબ ચોકકસ જ્ઞાતિ કે પ્રદેશવાસી લોકો માટે નિયત કરવામાં આવેલી ધર્મશાળાઓ ખાલી હોય ત્યારે તે બીજા હિંદુઓ માટે ખુલ્લી હોવી જોઇએ—આ સંબંધમાં આપ શું ધારો છો?

પુ. ઠા. : આ બરોબર છે, પણ આ સંબંધમાં એક બાબત ખાસ ખ્યાલમાં રાખવાની રહે છે. આવાં તીર્થસ્થળોએ જતા યાત્રાળુઓ નિરામિષ આહાર વિષે ખુબ આગ્રહ ધરાવતા હોય છે, માંસાહારીઓ આવી ધર્મશાળામાં આવે તે તેઓ બીલકુલ પસંદ નહિ કરે.

પ્ર. ટે. : એ બરોબર છે. પણ એ સંબંધમાં આપણે નિયમ કરી શકીએ છીએ કે નિરામિષાહારીઓ માટે નિર્માણ થયેલી ધર્મશાળામાં કોઇ માંસ પકાવી નહિ શકે.

પુ. ઠા. : જો તમો એવો નિયમ સ્વીકારો તો પછી તમારી દરખાસ્ત સામે કશો પણ વાંધો ઉઠાવવા જેવું જણાતું નથી. જો ધર્મશાળાઓ ખાલી પડી રહેતી હોય તો શા માટે તેનો ઉપયોગ ન કરવો?

પ્ર. ટે. : કીડીઓને ખાંડ આપતી, કુતરાને રોટલા આપતી, પારેવાને ચણ આપતી—એવી કેટલીયે ચેરીટીઓ હોય છે. આપ આવી ચેરીટી બંધ કરવાના પક્ષમાં છો?

પુ. ઠા. : એ બંધ કરવી યા અટકાવવી એ હું કહી શકતો નથી. એવી બાબતોને હું ઉત્તેજન ન આપું. પણ અહિં પણ લાગણીનો પ્રશ્ન આવીને ઉભો રહે છે. હું જાણું છું કે કેટલાક લોકો આવી બાબતોને બહુ અગત્ય આપે છે.

પ્ર. ટે. : સમાજનો સામાન્ય અભિપ્રાય ધ્યાનમાં લઇને આપ આવી ચેરીટીઓ ફરજિયાત બંધ કરવા ઇચ્છો કે સમજના આગળ વધવા સાથે આવી બાબતો સ્વાભાવિક રીતે લુપ્ત થઇ જશે એમ સમજી આ સંબંધમાં કશું ન કરવું એમ આપ ઇચ્છો?

પુ. ઠા. : અત્યારે કોઇએ ૯૦ વર્ષ પહેલાં પારેવાને ચણ નાખવા માટે અંકિત કરેલા પાંચ હજાર રૂપીઆ મારી પાસે પડેલા છે. હું તેનો કશો ઉપયોગ કરતો નથી. મારૂં એમ કહેવું છે કે જ્યારે આપણે માણસોની જરૂરિયાતોને પહોંચી વળતા નથી ત્યારે પારેવાને પોષવા એ યોગ્ય નથી. મેં આ બાબતમાં મારા વકીલની સલાહ લીધી છે અને કોઇ પણ બીજા બીજા કાર્ય પાછળ ખરચવાની પરવાનગી મેળવવા માટે અમે કોર્ટ આગળ જવાનો નિર્ણય કર્યો છે. તેથી મારૂં એમ કહેવું છે કે આવી ચેરીટીઓના કાર્યપ્રદેશમાં કોર્ટની પરવાનગી મેળવીને ફેરફાર કરવો જોઇએ.

પ્ર. ટે. : જો આપણે ત્યાં ચેરીટી કમીશનર હોય તો આ બાબત બે મીનીટમાં પતાવી શકાય.

* * *

પ્ર. ટે. : કોઇ પણ આચાર્ય કે મઠાધિપતિ નાલાયક માલુમ પડે અને એ છતાં વારસા હકકના કારણે જ એ પોતાના સ્થાન ઉપર ચીટકી બેઠેલો હોય—આવા આચાર્ય કે મઠાધિપતિના સંબંધમાં કંઇ કરવાની જરૂર ખરી કે નહિ? એવી પરિસ્થિતિમાં આપ દખલગીરી કરવા ઇચ્છો કે નહિ?

પુ. ઠા. : હું જરૂર કરૂં અને તેને ત્યાંથી હાંકી કાઢું. જો દીકરામાં યોગ્યતા ન હોય તો આવો હકક બાપ પાસેથી દીકરાને મળે એનો કોઇ અર્થ જ નથી. આપ દામોદરલાલજીનો દાખલો વિચારો ને? એને એ સ્થાન ઉપર બેસાડી રાખવાનો કશો અર્થ જ નથી.

પ્ર. ટે. : ગોસાંઇઓ સાથે કામ લેવાનો કોઇ માર્ગ આપ સુચવશો? તેમની પાસે ઢગલાબંધ માલમીલકત હોય છે અને તેને તેઓ પોતાની માલેકીની જ લેખાવે છે.

પુ. ઠા. : આ કાયદાનો સવાલ છે અને તે એથી બાબત વિષે મારો અભિપ્રાય જણાવી નહિ શકું. વળી એ પ્રશ્નના ઉંડાણમાં હું ઉતર્યો નથી. મારો સામાન્ય ખ્યાલ એવો છે કે એમાંના બહુ જ થોડા હવે સધ્ધર સ્થિતિ ધરાવે છે.

* * *

પ્ર. ટે. : જૈન મંદિરો સોના અને ચાંદીમાં રોકાણ કરે છે. આપ એ વિષે શું ધારો છો?

પુ. ઠા. : આ રોકાણ બહુ સહીસલામત અને સંગીન પુરવાર થયું છે. બન્નેની કીંમત ખુબ વધી ગઇ છે.

પ્ર. ટે. : એટલા જ પ્રમાણમાં એ કીંમત ઘટી પણ જાય અને પરિણામે એ રોકાણો ભારે નુકશાનકર્તા નીવડે.

પુ. ઠા. : આવતા દશ વર્ષ કે એ લગભગમાં તો એમ બનવા સંભવ નથી. આવું રોકાણ હું સંમત કરતો નથી, પણ મને લાગે છે તે આ છે કે આજે જે રીતે દુનિયા ગતિ કરી રહી છે, અને જે રીતે અર્થરચના નિર્માણ થઇ રહી છે, તે જોતાં સોનાનાં અને ચાંદીના રોકાણોને લીધે ઘણી મોટી રકમની બચત થવા પામી છે.

પ્ર. ટે. : આજે તો આવી પરિસ્થિતિ છે.

પુ. ઠા. : હું સોના–ચાંદીના રોકાણનો પક્ષ કરતો નથી પણ આપ જાણો છો તેમ જેમણે સોના–ચાંદીમાં રોકાણ કરેલ છે. તેઓ કુશળ વ્યાપારી તરીકે પુરવાર થયેલા છે.

પ્ર. ટે. : કેટલાક ટ્રસ્ટીઓ ખાનગી પેઢીઓમાં ટ્રસ્ટનાં નાણાંનું રોકાણ કરે છે અને એમ કરવાથી તેમને વધારે વ્યાજ મળે છે એવું કારણ તેઓ આગળ ધરે છે. આ પ્રકારના રોકાણ વિષે આપ શું ધારો છો?

પુ. ઠા. : અંગત રીતે આવા રોકાણો હું પસંદ કરતો નથી.

**અનુવાદક : પરમાનંદ**

## ‘ દેવદ્રવ્ય ’ નો ઉગમ કેમ થયો?

[મુનિશ્રી જિનવિજયજીએ ટેન્ડુલકર કમીટી સમક્ષ દેવદ્રવ્યના પ્રશ્ન ઉપર આપેલી જુબાનીનો તેમણે જ લખી આપેલો સંક્ષિપ્ત સાર નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

જેને અત્યારે જૈન સમાજ કે જૈન સંઘના નામે સંબોધવામાં આવે છે તે ખરી રીતે ત્રણ ભાગમાં વ્હેંચાયેલો છે. તેમાંનો એક ભાગ છે તે સર્વથા મૂર્તિપૂજા–વિરોધી છે અને તે સ્થાનકવાસી જૈનના નામે ઓળખાય છે. એ સંપ્રદાયને માનનારા જૈનો મૂર્તિપૂજામાં માનતા નથી તેમ જ જૈન મન્દિરો બાંધવા કે તે નિમિત્તે પૈસા ખર્ચવામાં મોટું પાપ માને છે. આ સંપ્રદાયની જનસંખ્યા લગભગ આખા જૈન સંઘના એક તૃતીયાંશ જેટલી હશે.

બીજો સંપ્રદાય છે તે દિગંબર જૈનના નામે ઓળખાય છે અને તેને માનનારા પણ લગભગ એટલી જ સંખ્યામાં છે. તેમની મૂર્તિપૂજા વિષેના વિધિઓ અને દેવદ્રવ્ય માટેની વ્યાખ્યાઓ શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયથી તદ્દન જૂદા પ્રકારની છે. આ કમીટી આગળ જે વિચારો અત્યારે રજુ કરવામાં આવ્યા છે તે શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના પણ અમુક ભાગની જ માન્યતારૂપે છે, નહિં કે સર્વની.

જૈન મૂર્તિપૂજાનો ઇતિહાસ જોતાં તો એમ જણાય છે કે પ્રારંભમાં તો જૈન ધર્મમાં મૂર્તિપૂજા જ ન હતી. બીજા બીજા

**ધર્મો અને સંપ્રદાયોના પ્રભાવ અને પ્રચારને લીધે તેમ જ કેટલાક ઐતિહાસિક બનાવોના લીધે જૈન સંઘના પણ અમુક વર્ગમાં મૂર્તિપૂજાનો પ્રવેશ થયો.** શ્વેતાંબર સાધુ સંપ્રદાયમાં પણ જૂના કાળમાં એવો વિભાગ હતો કે જે મૂર્તિપૂજા કે જૈન મન્દિરની સ્થાપનાના કાર્યને સ્વીકારતો ન હતો. બીજા કેટલાક જૈન શ્વેતાંબર સાધુઓ એવા હતા કે જેઓ ચૈત્યવાસીના નામે ઓળખાતા હતા અને તેઓ સદા જૈન મન્દિરોમાં જ રહેતા, અને જૈન મંન્દિરોની સંપત્તિ સંભાળતા તથા તેની સર્વ વ્યવસ્થા કરતા.

એ સાધુઓ રાજાઓ અને ધનિકો પાસેથી આ મંદિરો માટે વર્ષાસનોના રૂપમાં દાનો મેળવતા અને તેની આવકમાંથી મંદિરોનો તથા પોતાનો પણ નિર્વાહ કરતા. વખત જતાં એ સાધુવર્ગના શિષ્ય–પ્રશિષ્યોમાં એ વર્ષાસનોના અધિકાર અને ઉપભોગ આદિ માટે ઝઘડાઓ ઉભા થતા. તેના પરિણામે કેટલોક વર્ગ એવા અભિપ્રાય ઉપર આવ્યો કે સાધુઓએ જૈન મન્દિરોમાં રહેવું કે તેની સંપત્તિનો ઉપભોગ કરવો એ મહા પાપરૂપ છે. એ રીતે એ સાધુવર્ગના બે વિભાગો થયા.

૧. જેઓ જૈન મંદિરોમાં વસવાનું અને તેની સર્વ વ્યવસ્થા કરવાનું કર્તવ્ય માનતા તેઓ **ચૈત્યવાસી** કહેવાતા; અને

૨. જેઓ તેનો વિરોધ કરતા તેઓ **વસતિવાસી** કે એવા બીજા નામે ઓળખાતા. આ ઝઘડાઓ સૈકાઓ સુધી ચાલતા રહ્યા હતા. અને પરિણામે એમાં એક વર્ગ એવો પણ ઉભો થયો કે જે એ ચૈત્યવાસી સાધુઓના અધિકાર નીચે રહેલા મન્દિરો અને તેમાંની મૂર્તિઓને પણ અપૂજ્ય અને અદર્શનીય કહેવા લાગ્યો અને પોતે પોતાના પક્ષના નવા મન્દિરો ઉભા કરાવવા લાગ્યો.

આ ઝઘડાઓ અને વિખવાદોના પરિણામે દેવદ્રવ્ય અને તેનો ઉપયોગ એ વિષેના અનેક પ્રકારના વિચારો અને પ્રતિવિચારોનો પ્રવાહ શરૂ થયો. જેઓ ચૈત્યવાસની વિરૂધ્ધ હતા તેમણે એવા વિચારોનો પ્રચાર કરવા માંડયો કે જે સાધુઓ જૈન મન્દિરોમાં રહે છે તેઓ દેવદ્રવ્યના ભક્ષક છે અને દેવદ્રવ્યના ભક્ષણથી મહાપાપના ભાગી થવાય છે. એના પ્રતિ ઉત્તરમાં જેઓ મન્દિરોમાં નિવાસ કરતા તેઓ કહેતા કે મન્દિરોમાં નિવાસ કરવાથી મન્દિરોનું બરાબર સંરક્ષણ અને સંવર્ધન કરી શકાય છે અને એ રીતે ધર્મની રક્ષા થાય છે વિગેરે.

આ મન્દિરોની પૂજાવિધિઓ વિગેરે અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર હતી. કેટલાક મન્દિરોમાં તો રોજ કે ઉત્સવાદિ પ્રસંગે વેશ્યાનૃત્યો પણ થતા અને નાટક અને રાસાદિ પણ ભજવાતા એવી વિધિઓનો, એક પક્ષ પાપકારણ માની, વિરોધ કરતો. બીજો પક્ષ તેમાં ધર્મની થતી પ્રભાવના જણાવી તેનું સમર્થન કરતો. આવી જાતના મતભેદોને લઇને વળી આ નવા પક્ષમાં પણ પાછા પેટાપક્ષો ઉભા થયાં હતા.

શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુઓમાં એક એ પણ વિવાદનો વિષય બનેલો હતો કે શ્રાવકની જેમ શ્રાવિકાએ જૈન મૂર્તિની પૂજા-અર્ચા કરવી કે નહિં. વળી રાત્રિના સમયે મન્દિરોમા દર્શનાદિ કરવા જવું કે નહિં. વળી, જિન મૂર્તિને વસ્ત્ર આભૂષણાદિથી અલંકૃત કરવી કે નહિ. મન્દિરમાં એક જ પ્રતિમા રાખવી કે અનેક. મન્દિરોની પ્રતિષ્ઠા ગૃહસ્થના હાથે થાય કે સાધુના હાથે થાય. આવી આવી જાતના અનેક વિચારોના સ્થાપકો અને ઉત્થાપકોના અનેક પક્ષ-વિપક્ષ જૈન સમાજમાં ઉભા થયેલા છે.

શેઠ શ્રી કસ્તુરભાઇએ જે વિચારો આપની કમીટી આગળ આજે રજુ કર્યા છે તે મેં સાંભળ્યા છે તેમ જ તે પછી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી શ્રીયુત મોતીચંદભાઇએ તથા શ્રીયુત મોહનલાલ ઝવેરીએ જે વિચારો રજુ કર્યા છે તે પણ મેં સાંભળ્યા છે. દેવદ્રવ્ય અને તેની વ્યાખ્યા તથા ઉપયોગ વિષે તેમના તરફથી જે પ્રમાણો ઉપસ્થિત કરવામાં આવ્યા છે તે ૧૨ મા ૧૩ મા સૈકાની આસપાસના વાતાવરણના સૂચક છે. અને તે લગભગ અમુક એક પક્ષના સાધુવર્ગના જ પોષક અને પ્રેરક છે. એ સમયમાં જૈન શ્વેતાંબર સાધુવર્ગના મુખ્ય એવા દશેક ગચ્છો હયાતીમાં હતા તેમાંના એક ગચ્છ એટલે કે તપાગચ્છના પક્ષના યતિઓએ મોટા ભાગે એ ગ્રંથોની રચના કરેલી છે.

દેવદ્રવ્યના ઉપયોગ વિષે એ ગ્રંથોમાં જે વિચારો અને વ્યાખ્યાઓ આપેલી છે તેનો સાર લગભગ એવો જ છે જેવો આપની આગળ આ સદ્‌ગૃહસ્થોએ રજુ કરેલો છે. અને તે એ કે દેવદ્રવ્યનો ઉપયોગ બીજી કોઇ સાધારણ બાબતોમાં ન કરી શકાય.

એ જૂના સમયમાં મંદિરોની સંપત્તિ તરીકે મોટા ભાગે જમીન એટલે કે મકાન, હાટ, ખેતર વિગેરે જેવી સ્થાવર મિલ્કત હતી. રોકડ નાણા કે ચાંદી સોનાના રૂપમાં કે જેને જંગમ મિલ્કત કહી શકાય એવી ભાગ્યે જ ભેગી થતી હતી.

જૈનસાહિત્યમાં આગમો એ સૌથી વધારે પ્રમાણભૂત અને પ્રાચીન ગણાય છે. એ આગમોમાં તો કયાંય પણ દેવદ્રવ્ય કે તેના ઉપયોગ વિષેનો કશો ઉલ્લેખ જોવામાં આવતો નથી. સારાવલી પઇન્ના નામના જે ગ્રંથનો ઉલ્લેખ કોન્ફરન્સના પ્રતિનિધિઓ તરફથી કરવામાં આવ્યો છે તે તો એક અર્વાચીન કૃતિ છે. અને તેની ગણના મૌલિક આગમોમાં બિલકુલ થતી નથી. વિશેષાવશ્યકભાષ્યનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં એ વિષેનો કોઇ ઉલ્લેખ હોય એ હું સર્વથા જાણતો નથી. એ વિષેના પ્રમાણ તરીકે જે બીજા કેટલાક ગ્રંથોનાં નામો આપવામાં આવ્યાં છે તેમનો આગમ સાથે કશો સંબંધ નથી.

**પુરવણી :**—ખરી રીતે દેવદ્રવ્યની આખી ભાવના અને વિચારસરણી હિંદુ ધર્મની દેવપૂજાની પદ્ધતિ અને ભાવના સાથે સંબંધ રાખે છે. દેવ અને તેનું દ્રવ્ય એ વિચાર જ જૈન દર્શનના સિદ્ધાંત સાથે સંગત થતો નથી. દેવદ્રવ્ય એ શબ્દ હિંદુ ધર્મના નિયમોને લગતા સાહિત્યમાંથી સર્જાએલો છે. મનુસ્મૃતિ અને કૌટિલ્ય અર્થશાસ્ત્ર જેવા હિંદુ–વિધિ–વિધાનના ગ્રંથોમાં એનું મૂળ રહેલું છે. હિંદુઓના એ વિષેના વિચારોને જ પાછળના જૈન ગ્રંથકારોએ અપનાવ્યા છે અને તેમને પોતાના સંપ્રદાયને બંધબેસતા આવે એવી રીતની વ્યાખ્યામાં ગોઠવ્યા છે. જૈન મન્દિરોના વિકાસક્રમનો જો અતિહાસિક દૃષ્ટિએ અભ્યાસ કરવામાં આવે તો તેનાથી સ્પષ્ટ જણાઇ આવશે કે દેવદ્રવ્ય વિષેની આધુનિક માન્યતા એ અમુક કાળ અને અમુક સયોગોના આધારે રચાએલી છે. દેશ-કાળના સંયોગો બદલાતાં તે માન્યતા પણ બદલાવી જોઇએ. જૈનધર્મનો મૂળભૂત સિધ્ધાંત દ્રવ્ય-ક્ષેત્ર-કાલ ભાવને અનુલક્ષીને આચાર-વ્યવહારને અનુસરવાનો છે, એનાથી વિપરીત વર્તનાર ધર્મના આરાધક નથી પરંતુ ધર્મનો વિરાધક થાય છે. રૂઢિચુસ્તોની દેવદ્રવ્ય વિષેની માન્યતા અને ભાવના દેશ–કાલની પ્રતિગામી છે અને તેથી તે ધર્મની સાધક નથી પરંતુ ધર્મની હ્રસ કરનારી છે.

જિનવિજય

## દેવદ્રવ્યને લગતી પ્રણાલિકા બદલી શકાય છે.

પ્રબુદ્ધ જૈનમાં ટેન્ડુકલકર કમિટી આગળ શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ આપેલી જુબાની વાંચી શ્રી. કસ્તુરભાઇ અદ્યતન કેળવણી પામેલા, દેશ પરદેશમાં ફરી બહોળો અનુભવ અને વિશાળ દ્રષ્ટિ પ્રાપ્ત કરેલા સમર્થ નેતા મનાય છે. વિવિધ ક્ષેત્રોમાં એમણે જે મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે એથી રૂઢિચુસ્તો અને સુધારકો એમને પોતાના માની શકે એવી એમની છાપ હતી, પણ કાપડ કમિશન અને ટેન્ડુલકર કમિટી સમક્ષ તેમણે આપેલી જુબાની જોતાં તેમનું માનસ કેટલું પ્રત્યાઘાતી અને જુનવાણી છે તેનો ખરો ખ્યાલ આવ્યો છે. ઘણાને આથી દુઃખ અને આશ્ચર્ય થયું છે

ગમે તેવો સમર્થ નેતા હોવા છતાં એના અભિપ્રાય ઉપર સત્ય કદી અવલંબતું નથી. સત્યને કેવળ પોતાનો જ આધાર હોય

છે. મહાન વ્યકિતઓ પક્ષમાં હો કે વિરૂદ્ધમાં, સત્યનો પક્ષ એ જ મહત્વની વસ્તુ છે.

જો કે કસ્તુરભાઇ શેઠ વિચારની કેટલીક વસ્તુઓ પુરી પાડે છે, છતાં એકંદરે એ જૈન ધર્મની મુળ પ્રણાલિકાથી તદ્દન વિસંગત વસ્તુ જ કહે છે. એટલું ખરૂં કે છેલ્લા ૧૦૦૦ વર્ષથી જે પ્રણાલિકા ચાલી આવી છે એનું એમણે સમર્થન કર્યું છે, પણ એ પ્રણાલિકા એટલું જ સિધ્ધ કરે છે કે બદલાયેલા સંયોગોમાંથી ઉપજી આવેલી એક પ્રકારની એ કેવળ ઘટના જ હતી. તત્કાલીન સમાજે જો નવપ્રણાલિકા ઉભી કરી હતી તો આજનો સંઘ બદલાયેલા સંયોગો પ્રમાણે એમાં કેમ ફેરફાર ન કરી શકે?

જો આપણે ચળાયમાન પ્રણાલિકાને બદલે કેવળ સનાતન ધર્મની દૃષ્ટિએ વિચાર કરીએ તો પણ શું આગમ ગ્રંથોમાં આ પ્રણાલિકાને આધાર મળે તેમ છે? આગમ ગ્રંથોમાં તો દેવદ્રવ્યનો કોઇ ઉલ્લેખ શોધ્યો જડતો નથી. ભગવાનના સમયમાં આવાં મંદિરો કે મૂર્તિઓ હતી એનો કશો જ પુરાવો હજુ આજના ઇતિહાસકારોને સાંપડયો નથી. ભગવાનના નિર્વાણ બાદ સ્તુપો, ચૈત્યો અને બહુ બહુ તો પાદુકાઓ જ પૂજાતી. મૂર્તિઓ પાછળથી આવી હોય તેમ જણાય છે.

ઐતિહાસિક કે ધાર્મિક ક્રિયાકાંડોની વાત બાજુએ મુકી ભગવાનના ઉપદેશોને જ આધાર બનાવી વીતરાગધર્મના મૂળ હાર્દને જો પકડીએ તો દીવા જેવું સ્પષ્ટ જણાશે કે જે વીતરાગદેવ દિગંબર હતા, લંગોટી જેટલોય જેમને પરિગ્રહ નહોતો અને જેમને યત્કિંચિત પણ કામના નહોતી એ પુરૂષના નામે દેવદ્રવ્ય, આંગી મુગટના ઠઠારા અને વૈભવ રાગની વૃત્તિઓનું પ્રદર્શન એ જૈન ધર્મની મૂળ પ્રણાલિકાથી જ વિરૂદ્ધ જાય છે. એથી આ બધો કુઠારો કેવીરીતે બંધબેસતો થઇ શકે એ જ બુદ્ધિમાં ઉતરી શકે એમ નથી.

પણ ભકતો કહેશે કે અમે એ બધું ભકિતમાટે, આત્મોલ્લાસ માટે, આધ્યાત્મિક વિકાસ માટે કરીએ છીએ. શું આ ભકિત છે? એ ભકિત નથી. ભકિતના નામે વૈભવ રાગની વૃત્તિઓનું પ્રદર્શન માત્ર જ છે. વૈદિકકાળની ભકિતમાં ખપતી યજ્ઞહિંસાનો વિરોધ કરનાર આપણે કઇ રીતે આવી વિવકવિહીન ભકિતનો બચાવ કરી શકીએ? એ કદાચ કોઇને ધાર્મિકતાનો પાયો બની શકતી હશે, બહુધા એ અંધ ભકિતમાં જ ખપે. કારણ એ આવા શોભા શણગાર વીતરાગને રાગી–વૈભવી બનાવે છે, વીતરાગની ઠેકડી ઉડાડે છે.

કોઇ ભક્ત રસ્તે જતા સાધુને ભકિતના આવેગમાં–ભકિતના નામે–લલ પાઘડી પહેરાવી કુમતું મૂકે ને ખભે ખેસ વીંટાળે તો એથી એને શું ભકિતનો ઉમળકો ચડતો હશે ખરો! આવી ભકિત વિવેકહીન હોઇ જૈન ધર્મની મૂળ પ્રણાલિકાથી જ જ્યાં વિરૂદ્ધ જાય છે ત્યાં દેવદ્રવ્યને કયો ધાર્મિક આધાર હોઇ શકે?

ગાંધીજીનો દાખલો લઇએ. કોઇ ગાંધીભકતને આત્મોલ્લાસ માટે ગાંધીજીને મુગુટ પહેરાવવાનો–વાઘા સજાવવાનો–વિચાર આવે ખરો? કોઇ એમ કરવા ઇચ્છે તો ખુદ ગાંધીજી જ એનો પ્રબળ વિરોધ કરી સત્યાગ્રહ આદરે. મહાવીરના નિર્વાણ બાદ મહાવીરની મૂર્તિ સાથે આવા ચેડા કરવા એ મહાવીરની જ મશ્કરી નથી તો શું છે? ભકિત, સંતના ઉપદેશ પ્રમાણે ચાલવામાં છે. એથી પોતાની પાછળ મંદિરો કે મૂર્તિઓ બનાવવાનો ગાંધીજીએ સખત વિરોધ કર્યો હતો. ભગવાન મહાવીરે પણ એમ જ કર્યું છે.

ભગવતી જેવા આગમગ્રંથમાં ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે કે હે ભગવાન એક તમારી ભકિત કરે છે, બીજો જનતાની સેવા કરે છે, એમાં ઉત્તમ કોણ? ભગવાન કહે છે કે હે ગૌતમ! જે દીનદુઃખીયાઓની સેવા કરે છે એ જ મારે મન મારો ખરો ભક્ત છે.

મંદિરો અને મૂર્તિઓ માટે જમા થયેલું દેવદ્રવ્ય ખુદ ભગવાને કહેલી સેવા રૂપી ઉત્તમ ભકિત કાજે વાપરવામાં કયો અધર્મ થતો હશે એ જ બુધ્ધિમાં ઉતરી શકે એમ નથી. આબુ દેલવાડાના મંદિરો પાછળ વાપરવા માટે આટલું દ્રવ્ય પણ કમ છે કહી દેવદ્રવ્યનો બીજો ઉપયોગ કરવાનો વિરોધ કરવો એ વસ્તુ સમજી શકાય એમ છે, પણ દેવદ્રવ્ય વધી જાય તો તેના સાચા મોતી લઇ, ભરડાવી સમુદ્રમાં નાખી દેવા, પણ એ દ્રવ્ય બીજે વાપરવું નહિ એવી જે મનોવૃત્તિ દેવદ્રવ્યની પાછળ પડેલી છે એ જ ખટકે છે.

દેવદ્રવ્યની જેટલી ચિંતા આપણે રાખી છે એના શતાંશ ભાગ જેટલી પણ માનવદ્રવ્ય પાછળ રાખી હોત તો આજે કરોડોની સંખ્યામાંથી ઘટી આપણે નાનકડી અતિ અલ્પ સંખ્યામાં આવી ન ઉભા હોત. આજે આપણે ૩૬૦૦૦ મંદિરો ધરાવીએ છીએ. મૂર્તિઓ તો કદાચ ભકતોથીયે મોટી સંખ્યામાં હોય, મારવાડ–મહેસુર વિ. પ્રાંતોમાં જૈનમંદિરો વસતીસ્થાનો બન્યાના અથવા તો કાગડા–સમડીના વાસ બન્યાના અનેક દાખલા આપણે સાંભળીએ છીએ. આ માનવમૂર્તિઓ તરફ બેદરકારી બતાવ્યાનું પરિણામ છે અને એ ગાંડપણ આજે પણ એ જ રૂપમાં ચાલી રહ્યું છે એ એક દુઃખદ બીના છે.

ધર્મ જેવી કોઇ સ્વતંત્ર વસ્તુ જ નથી. એ તો માનવ હૃદયમાં સેવાની એક પ્રકારની ભાવના છે. જો માનવહૃદયો સંતપ્ત બની સુકાઇ જશે તો ધર્મનું સ્થાન જ કયાં રહેશે?

આજના સંયોગોમાં ધર્મ કરતાં ધર્મીજનોની અગત્ય ઓછી નથી. પૂજારી વિનાના મંદિરોની મહત્તા શી હોઇ શકે?

છેલ્લે એક વાત નવી વિચારણા માગે છે કે આંગી–મુગટ વિ. બધું કોને માટે? પ્રભુ માટે? કે આપણી પોતાની ભક્તિના પોષણ માટે? એનો લાભ ભગવાનને મળવાનો છે કે આપણને? જો એ આંગી મુગટનો લાભ આપણે ઉઠાવી જવાના હોઇએ તો પછી એ દેવદ્રવ્યનો ઉપયોગ આપણાં જ હિતમાં થઇ રહ્યો છે એની કોઇથી ના પાડી શકાય એમ નથી. આમ દેવદ્રવ્યનો ઉપયોગ તો આપણે જ કરીએ છીએ. એથી સ્પષ્ટ થાય છે કે એ સમાજદ્રવ્ય જ છે. અને એનો લાભ સમાજ જ ઉઠાવે છે. ભગવાનને શી મતલબ?

આ બધી વ્યવસ્થા એક કાળે સમાજે જ કરી હતી. એથી આજે સમાજ સમયાનુસાર એ વ્યવસ્થામાં ફેરફાર કરવાનો સંપૂર્ણ હક ધરાવે છે. એક ભયસ્થાન છે. જો દેવદ્રવ્યનો ઉપયોગ સમાજસેવા પાછળ કરવામાં આવે તો કદાચ મંદિરના નામે આપવા ટેવાયેલા ભકતો સમાજસેવા પાછળ એવું દ્રવ્ય આપતા અચકાશે. પણ એથી ડરવાની જરૂર નથી. તેમ એવા ભકતોને અંધારામાં રાખી એનો લાભ ઉઠાવવાની વૃત્તિ રાખવાની પણ જરૂર નથી. સમાજ પોતાની ફરજ સમજતો થશે જ. સમય સમયનું કામ કર્યે જ જાય છે. પ્રથમ પ્રથમ પ્રચારની પણ જરૂર પડે એ સ્વભાવિક છે.

ભગવાનની મૂર્તિ પૂજવા કરતાં ભગવાનના ઉપદેશોનો પ્રચાર કરવામાં અહિંસાધર્મનો ફેલાવો કરવામાં અને જનતાનું નૈતિક ધોરણ ઉંચું ચડાવી સંસ્કારી બનાવવામાં જ ખરો ધર્મ છે. છતાં મૂર્તિ પાછળનો પૈસો બીજા ઉપરોકત કાર્યમાં ન વાપરવાના આગ્રહમાં કેવળ જડતા અને અજ્ઞાનતા સિવાય કશું જ નથી એમ વિચાર કરતાં જણાય છે. ક્રિયાકાંડો હૃદય શુધ્ધ ધર્મને ઓળખવામાં ઘણી વાર આડખીલ રૂપ બને છે એનું આ ઉદાહરણ છે. ભાવી પ્રજા આ જડતામાંથી વહેલી છુટે એવી પ્રાર્થના!

**રતિલાલ અફાભાઇ શાહ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
રજી. નં. બી. ૪૨૬૬

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૫

મુંબઈ: ૧ જુલાઈ ૧૯૪૮ ગુરૂવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## ટેન્ડુલકર કમીટી સમક્ષ

### શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ આપેલી જુબાની

**પ્રશ્નકાર: પ્રમુખ ટેન્ડુલકર**

મુનશી : આપની પ્રશ્નમાળાનો જવાબ હું મોકલી શકયો નથી એ માટે દિલગીર છું. પ્રશ્નમાળા જોતાં જ મને લાગ્યું કે આપ ઘણી બાબતોની જવાબના અપેક્ષા રાખો છો.

પ્ર. ટે : આપ જવાબ મોકલી ન શકયા તો કાંઈ નહિ. અમુક બહુ થોડી બાબતો વિષે કમીટી આપના અભિપ્રાયો જાણવા માંગે છે. પહેલો પ્રશ્ન તો એ છે કે ધાર્મિક સખાવતોના વધારાનાં નાણાં સમાજોપયોગી ઐહિક ( Secular ) બાબતો પાછળ ખરચી શકાય કે નહિ? આ બાબતમાં આપનો શું અભિપ્રાય છે?

મુનશી : મારા પ્રવૃત્તિમય જીવન દરમિયાન એક અભિપ્રાય હું હંમેશા ધરાવતો આવ્યો છું કે એડવોકેટ જનરલ અને હાઈકોર્ટ ધાર્મિક અને લોકકલ્યાણસાધક (religious and charitable) હેતુઓ માટે નિર્માણ કરવામાં આવેલ નાણાંઓનો ખરેખર ન કરવો જોઇએ એ રીતનો ઉપયોગ કરતા આવ્યા છે. મારી અંગત બાબત તો જુદી જ છે. હું તો અહિં જે કાંઇ ધારૂં છું તેની સામાન્ય રૂપરેખા રજુ કરૂં છું. ધાર્મિક હેતુ માટે નિયત કરવામાં આવેલાં નાણાં લોકકલ્યાણ-સાધક કાર્યો માટે ખરચવા એ તદ્દન અયોગ્ય છે અને આ વિધાન હું બે દૃષ્ટિબિન્દુથી કરૂં છું.

એક તો એમ કરવાથી લેકોની લાગણી દુખાય છે અને દુખાશે, કારણ કે ધાર્મિક સખાવતો દયા અને અનુકંપાની લાગણીથી પ્રેરાઇને કરવામાં આવતી નથી, પણ આવી સખાવત કરવાથી સ્વર્ગપ્રાપ્તિ થશે એવી કલ્પના લેકો ધરાવે છે. આમ હોવાથી જો તેમને એમ માલુમ પડે કે દાખલા તરીકે વૈષ્ણવ મંદિર માટે અલાયદા રખાયલાં નાણાં પોતાની કોમના સાર્વજનિક ઉપયોગ માટે વાપરવામાં આવે છે તો જે લોકોએ એ ખાતામાં નાણાં આપ્યા હશે તેમની લાગણી જરૂર દુભાવાની. અને મને લાગે છે કે જ્યાં સુધી આપણા મૂળભૂત હકકોમાં ધાર્મિક સખાવતો સ્વીકારવાનો અને તેનો અમલ કરવાના હકકનો સમાવેશ થાય છે ત્યાં સુધી આવાં નાણાંનો આવો આડકતરી રીતે કરવામાં આવતો અન્યથા ઉપયોગ બીલકુલ બરોબર નથી. વળી આમ કરવું તે પ્રમાણીક પણ નથી. આ અભિપ્રાય કેટલાએ ન્યાયાધીશો અને એડવોકેટ જનરલ જેમાંના ઘણાખરા હિંદુ નહોતા તેમની પાસે રજુ કરવાનું કમનસીબ મને પ્રાપ્ત થયું છે અને તેમણે મારો અભિપ્રાય સ્વીકાર્યો નથી.

બીજું તમો જો કાયદો કરીને આવા નાણાંનો અન્યથા ઉપયોગ કરવાનું શરૂ કરશો તો વધારે નાણાં આવતાં અટકી જશે. આમ હું એટલા માટે કહું છું કે ધારો કે કોઇ એક માણસ બાબુલનાથના મંદિરમાં પાંચસો રૂપીઆ આપે છે તો તે નાણાં હોસ્પીટલમાં વપરાય એમ તે બીલકુલ ઇચ્છતો હોતો નથી. આ મંદિરમાં આજે પહેલાં જેટલી આવક થતી નથી તેનું મુખ્ય કારણ એ છે કે જેઓ સમજે છે તેઓ પૈસા આપવા માંગતા નથી, કારણ કે એમનાં નાણાંનો ઉપયોગ સમાજોપયોગી ઐહિક બાબતોમાં થવાનો છે એમ તેઓ જાણતા હોય છે.

આ સંબંધમાં ત્રીજો એક મુદ્દો જે મારો અંગત છે તે આ મુજબ છે. સમાજને લાભ થાય એવા, હિંદુ ધર્મ તેમ જ શાસ્ત્ર મુજબના બીજા પુરતા ધાર્મિક હેતુઓ છે કે જેની પાછળ આ વધારાનાં નાણાંનો ઉપયોગ થઇ શકે તેમ છે. દાખલા તરીકે આજના જમાનાનો કોઇ પણ માણસ સાયન્સ કોલેજ કે હોસ્પીટલ ઉભું કરવા ઇચ્છશે, કારણ કે આજની આ ચાલુ બાબતો છે. દરેક પેઢી પોતપોતાની જરૂરિયાતો નક્કી કરે છે અને તેને પહોંચી વળવા પ્રયત્ન કરે છે. ધાર્મિક હેતુ માટે અપાયલાં નાણાં પાછળ સંસ્કૃતિની રક્ષા કરવાનો આશય રહેતો હોય છે અને તે વાપરવા માટેના માર્ગો બહુ જાણીતા છે. પ્રીન્સીપાલ ધારપુરે આ માર્ગો બરોબર જાણે છે એવી મારી ખાત્રી છે. દાખલા તરીકે ગૌશાળા ઇષ્ટદાનનો એક બહુ જાણીતો માર્ગ છે. જો આ નાણાંનો ગાયો અને બળદના ઉછેર માટે જરૂરી ગોસંવર્ધનસંસ્થાઓ પાછળ કરવામાં આવે, તો કોઇ પણ માણસ આ સામે વાંધો નહિ લે, અને જેની તમને ખાસ જરૂર છે તે વસ્તુ તમને સહેલાઈથી પ્રાપ્ત થશે. આણંદમાં ગોસંવર્ધનના હું પ્રયોગો કરી રહ્યો છું. અને તેની કેટલી માંગ છે તે જોઇને હું ભારે આશ્ચર્ય અનુભવી રહ્યો છું. જો મંદિરોમાં એકઠું થયેલું બધું નાણું ગૌશાળા જેવા એક બે ઇષ્ટ કાર્ય પાછળ ખરચવામાં આવે તો બહુ સારી વાત બને. સંસ્કૃત ભાષાના શિક્ષણનો પ્રચાર કરવો એ એવી જ એક બીજી પ્રવૃત્તિ છે. જો આને લગતી જુની શિક્ષણપદ્ધતિ તમને ન ગમતી હોય તો 'દક્ષિણા ફેલોશીપ' જેવી કોઇ યોજના તમે કરી શકો છો. કોઇ પણ રીતે સંસ્કૃત ભાષા અને સાહિત્યના અભ્યાસને ઉત્તેજન મળે એ રીતે આ નાણાં તમે ખરચી શકો છો. વળી પોતે આપેલાં નાણાંનો કોઇ બીજી જ રીતે ઉપયોગ થઇ રહ્યો છે એમ લોકોને નહિ લાગે. પણ જો ધાર્મિક નાણાંનો કેવળ ઐહિક-સામાજિક બાબતો પાછળ જ તમો ઉપયોગ કરશો તો ધાર્મિક વૃત્તિવાળા લોકોને ધાર્મિક હેતુ માટે દ્રવ્ય આપતાં અટકાવવાની તમો ફરજ પાડશો. મંદિરોમાં આવક આવતી બંધ થઇ જશે. આવી મારી માન્યતા છે અને આ આશંકા હકીકતોના ખ્યાલ ઉપર બંધાયલી છે. તમો જાણો છો કે મે જયપુર રાજ્યનું બંધારણ તૈયાર કર્યું હતું. ત્યાં એક બહુ જ મોટું ધાર્મિક ટ્રસ્ટ છે. એ ટ્રસ્ટ નીચે છ કરોડ લગભગની કીંમતનું એક જૈન મંદિર છે. એ વખતે એ મંદિર પાસે કશાં પણ વધારાંનાં નાણાં નહોતાં.

પણ જો એમાં જ્યારે પણ વધારો થાય ત્યારે તે વધારો આર્ય-સંસ્કૃતિના વિકાસ અર્થે અને સંસ્કૃત ભાષાના અભ્યાસ માટે ઉભી કરવામાં આવનાર વિદ્યાપીઠને આપવામાં આવે એવો એ બંધારણમાં પ્રબંધ કરવામાં આવ્યો હતો. આમ બનતાં મંદિરના દ્રવ્યનો બીજી ત્રીજી બાબતોમાં ઉપયોગ કરવામાં આવે છે એવો હિંદુસ્થાનના એક ખુણેથી બીજા ખુણા સુધી પોકાર ઉઠાવવામાં આવ્યો અને ત્યાંના જૈનોએ જાહેર કર્યું હતું કે અમો યુનીવર્સીટીમાં એક પાઇ સરખી નહિ આપીએ. જૈનોમાં આ એક ભારે વિચિત્ર માન્યતા છે કે દેવદ્રવ્ય એક પવિત્ર દ્રવ્ય છે અને તેનો બીજા કોઇ કામમાં ઉપયોગ થઇ જ ન શકે. તેઓ કહેવા લાગ્યા હતા કે "જો તમો દેવદ્રવ્યનો એવો ઉપયોગ કરશો તો તમને પાઇ સરખી નહિ મળે." આમ હોવાથી તમો જો કાયદાથી આવા દ્રવ્યનો અન્ય અન્ય કાર્યોમાં ઉપયોગ કરવાની ફરજ પાડશો તો તેનું શું પરિણામ આવશે તે હું કહી શકતો નથી, પણ આમ કરવાથી લોકોમાં અસંતોષ તો બહુ જ પેદા થશે એ ચોક્કસ વાત છે.

પ્ર. ટે. : બીજો પ્રશ્ન આ છે. હિંદુ કોમના કોઇ પણ એક ભાગ કે વિભાગ માટે કરવામાં આવેલી ચેરીટી આખી દુનિયા માટે નહિ તો આખી હિંદુ કોમના લાભ માટે કાયદાથી ખુલ્લી મુકાવી જોઇએ. આ બાબતમાં આપનો શું અભિપ્રાય છે ?

મુનશી: મારો અભિપ્રાય આ છે કે આવી ચેરીટી હિંદુ તેમ જ હિંદુ-ઇતર કોમો માટે ખુલ્લી મૂકવી તે કવખતનું કાર્ય લેખાશે. તેનું પરિણામ ઉપર જણાવ્યા મુજબ ખરાબ અથવા તો તેથી પણ વધારે ખરાબ આવશે. જે નાણાં હિંદુ કોમના શ્રેય માટે મેળવવામાં આવ્યા હોય તે નાણાંનો ઉપયોગ હિંદુ ન હોય એવા વર્ગો માટે કરવામાં આવશે તો તેથી લોકલાગણી ખુબ દુભાશે. આજની ધારાસભા એક શિસ્તબધ્ધ સંસ્થા હોઇને તમો જો આવું બીલ લાવશો તો તે જરૂર પસાર કરાવી શકશો, પણ કોઇ પણ એક સભ્યના દિલનો તમને આ બાબતમાં ટેકો નહિ હોય. જો કે તે તમને ધારાસભામાં આવા કાયદાની તરફેણમાં મત આપશે, એમ છતાં તેના અન્તરતા ઉંડાણમાં તે આવા ધારાના પક્ષમાં નહિ હોય.

આપે પુછેલા બીજા પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે હિંદુ કોમના અમુક એક વિભાગ માટેની ચેરીટી નાતજાતના ભેદભાવ સિવાય આખી હિંદુ કોમ માટે ખુલ્લી જાહેર કરવાનો સમય હવે આવી પહોંચ્યો છે. આના અનુસંધાનમાં હું એ બાબત પણ જણાવું કે ભૂતકાળમાં ઘણાએ કીસ્સાઓમાં સમસ્ત હિંદુ કોમ માટે જાહેર કરવામાં આવેલાં દાનો મારી જાણ મુજબ હિંદુ કોમના આગેવાનોના વિરોધની સામે થઇને પણ એડવોકેટ જનરલે અમુક જ્ઞાતિના લાભમાં વાપરવાની સંમતિ આપી છે અને આને માટે હાઇકોર્ટ જવાબદાર છે. વીલ કરનારે કહ્યું હોય કે 'આ રકમ હિંદુ કોમ માટે વાપરવાની છે', પણ પછી એમ બને છે કે એક સોલીસીટર એડવોકેટ જનરલ સાથે ખટપટ ચલાવે છે અને એડવોકેટ જનરલ જાહેર કરે છે કે "બહુ સારૂ, એમાં કાંઇ વાંધો નથી. આ દાનનો ઉપયોગ બ્રાહ્મણો માટે કે અન્ય કોઇ વર્ગ માટે કરજો." મારા મત પ્રમાણે આ ખરેખર વિશ્વાસદ્રોહ છે. સમગ્રપણે વિચારતાં હિંદુ કોમના ભિન્ન ભિન્ન વિભાગો વચ્ચે દીવાલો ઉભી કરવાને કે ચાલુ રાખવાને હવે જરા પણ કારણ નથી એમ મને લાગે છે.

પ્ર. ટે. : આપ જાણો છો કે, ચેરીટીને લગતા આપણા ખ્યાલો આપણે અંગ્રેજી કાયદા ઉપરથી જ નક્કી કરેલા છે અને તેનું પરિણામ એ આવ્યું છે કે ધર્માદા, પુન્યદાન, સારાં કામ, આવા શબ્દોથી વર્ણવવામાં આવેલી સખાવતોને આપણી કોર્ટે અર્થશુન્ય લેખી છે. 'ચેરીટી' શબ્દના લક્ષણમાં ઉપર જણાવેલ શબ્દોનો સમાવેશ થવો જોઇએ એ આપને સ્વીકાર્ય છે ?

મુનશી : ૧૯૩૮માં મદ્રાસની હાઇકોર્ટે આ બાબત નિર્ણય કર્યો છે. એ જ હેતુથી એ જ વર્ષમાં હું પણ એક બીલ મુંબઇની ધારાસભામાં રજુ કરવાનો હતો પણ રાજકારણી ઘટનાઓને અંગે અમોએ રાજીનામાં આપ્યાં. હું કબુલ કરૂં છું કે એ પ્રમાણે જ થવું જોઇએ એટલું જ નહિં પણ આ જ કારણે ભૂતકાળમાં કરવામાં આવેલી જે જે સખાવતોને રદ ગણવામાં આવી હોય તેને પણ કાયદાપૂરઃસરની લેખવી જોઇએ, અને તે નાણાંનો એ જ રીતે ઉપયોગ થવો જોઇએ. આવી જ રીતે 'ધર્મ' શબ્દનો પુરો ખ્યાલ આપે એવો અંગ્રેજી ભાષમાં બીજો કોઇ શબ્દ નથી.

પ્ર. ટે. : આ સંબંધમાં જે અસ્પષ્ટતા છે તે અસ્પષ્ટતા દુર કરવાનો અને આ બાબતને પુરી સ્પષ્ટ કરવાનો અધિકાર કોર્ટને આપવો જોઇએ કે ચેરીટી કમીશનરને આપવો જોઇએ ?

મુનશી : કોર્ટ એ કામ હમેશાં કરતી જ આવેલ છે. એક વખત આવી બાબતોને ચેરીટી ગણવી એવો નિર્ણય કરવામાં આવે પછી કોઇ પણ પ્રકારની મુસ્કેલી નહિ રહે.

પ્ર. ટે.: આપણે 'સાઇ-પ્રે'ના સિધ્ધાંતનો હવે વિચાર કરવાનો છે. સિધ્ધાંતમાં તો એમ છે જ કે દ્રવ્ય વાપરવાનો નવો માર્ગ મૂળમાં સૂચવાયલા માર્ગની બને તેટલો નજીકનો હોવો જોઇએ. આ 'સાઇ-પ્રે'ના સિદ્ધાંતના ચાલુ અમલમાં નવો માર્ગ મૂળ માર્ગની સમીપ હોવો જોઇએ એને બદલે આ નવો માર્ગ સમાજને વધારે લાભદાયી હોવો જોઇએ એવો આપણે નિયમ સ્વીકારીએ તો કેમ ?

મુનશી : આ બાબતનો નિર્ણય કરવા માટે જ્યાં સુધી કોઇ ચોક્કસ યોજના ઘડવામાં ન આવે ત્યાં સુધી તમે જે કાંઇ કરશો તેમાં તમને મુસ્કેલીઓ આડે આવવાની છે. આજે પણ આ સંબંધમાં પુરતી મુસ્કેલી છે. ૧૯૩૮ માં આ જ ધોરણે એક બીલ ઘડાઇ રહ્યું હતુ. ઇંગ્લાંડમાં છે એવા સ્વતંત્ર ચેરીટેબલ કમીશનરના પક્ષમાં હું નહોતો, પણ એડવોકેટ જનરલની નીચે આખો વખત કામ કરે એવા એક અથવા બે કમીશનરો નીમાવા જોઇએ અને તેઓ દરેક મુદ્દાની બધી વિગતો તપાસે અને એડવોકેટ જનરલ પાસે અથવા તો કોર્ટ સમક્ષ સ્વતંત્ર રીતે પોતાને લાગે તે રીતે આખો મુદ્દો રજુ કરે. આજે તો દાતાનો કોઇ સગો કે સોલીસીટર કે વકીલ કોઇ પણ યોજના રજુ કરે છે. એની કોઇ બીજી બાજુ રજુ કરવામાં આવતી નથી. આમ હોવાથી જે રીતે આવી બાબતોનો નિર્ણય થવો જોઇએ તે રીતે નિર્ણય થઇ શકતો નથી. તેથી આવા જ કામ માટે આખો સમય રોકાયલા એક અથવા બે વકીલો હોવા જોઇએ જે દરેક કેસનો પુરો અભ્યાસ કરે અને પોતાનો અભિપ્રાય આપે—આ રીતે હું પ્રસ્તુત બાબત વિષે વિચારૂં છું. જો આવી બાબત કેવળ ધારાસભા ઉપર છોડવામાં આવે તો આજે શું જરૂરનું છે તે સંબંધે આજની ધારાસભા પોતાને ઠીક પડશે તેવા નિર્ણયો કરશે અને એ નિર્ણયો નિષ્પક્ષ વૃત્તિના હશે એમ માની લેવાને કશું જ કારણ નથી.

પ્ર. ટે. : તો પછી આપનો એવો અભિપ્રાય છે કે હિંદુસ્થાનમાં ચેરીટી કમીશનરની નીમણુંક કરવા માટે હજુ વખત પાકયો નથી ?

મુનશી: આજના વખતમાં તો નહિ જ. આપણાં રાજકારણી જીવનમાં અંગત રીતે મને એવો ભય રહે છે કે હાઇકોર્ટની સાથે જોડાયલા સ્વતંત્ર અધિકારીઓ જેટલા ઉપયોગી થશે એટલા ગવરમેન્ટે નીમેલા ચેરીટી કમીશનરો ઉપયોગી નીવડશે નહિ.

પ્ર. ટે. : પણ ચેરીટી કમીશનરના ચુકાદા ઉપર હાઇકોર્ટમાં અપીલ થઇ શકે એવો આપણે પ્રબંધ કરીએ તો કેમ ? ચેરીટી કમીશનરને વહીવટી સત્તા તેમ જ ન્યાય ચુકવવાની સત્તા એ બન્ને પ્રકારની સત્તાઓ આપવામાં આવશે.

મુનશી : જો એમ થઇ શકે તો પછી મને તે સામે વાંધો નથી. ચેરીટીઓ ઉપર નિમંત્રણ ધરાવતું હોય એવું કોઇ સરકારનું કોઇ પણ ખાતું ઉભું કરવામાં આવે એ સામે જ મારે વાંધો છે.

પ્ર. ટે. મદ્રાસમાં આવું એક સરકારી ખાતું કામ કરી રહ્યું છે

મુનશી : અને તે મદ્રાસના કાયદાનો અમલ કેમ થઇ રહ્યો છે તે હું જાણું છું. પણ આજે જ્યારે આપણા દેશમાં અનેક રાજકારણી વિચારોની પરસ્પર અથડામણો ચાલી રહી છે ત્યારે આવું કોઇ સરકારી ખાતું ઉભું કરવામાં આવે એમ હું ઇચ્છતો નથી. આપ સમજી શકો તેમ છો કે જ્યારે કોઇ સખાવત કરવામાં આવે છે ત્યારે તેના મૂળમાં રહેલા હેતુઓની ચોક્કસ પરંપરા ચાલતી રહેવી જોઇએ એવી સમજુતી તે પાછળ રહેલી હોય છે. આજે સામ્યવાદી વલણવાળો પ્રધાન હોય, આવતી કાલે સમાજવાદી વલણવાળો બીજો કોઇ પ્રધાન આવે અને જે આવે તે પોતાના મત મુજબ આ દિશાએ કાયદાઓ કરતો રહે. એનો અર્થ તો એ જ થાય કે આપણે ચેરીટીઓ સાથે રમત કરી રહ્યા છીએ. ચેરીટીનાં નાણાં સમાજની સંસ્કૃતિ જાળવવા માટે અને તેનો ધીમે ધીમે વિકાસ કરવા માટે આપણને વિશ્વાસપૂર્વક સોંપાયલાં નાણાં છે એવો મારો ખ્યાલ છે. અને જો આ નાણાંનો ઉપયોગ રાજકારણી મનસ્વીતાને આધીન કરવામાં આવે તો તે પાછળ રહેલો સમગ્ર હેતુ માર્યો જશે.

પ્ર. ટે.: અમારે બીજા એક પ્રશ્નનો પણ નિર્ણય કરવાનો છે કે જે હેતુઓ માટે દાન કરવામાં આવ્યું હોય તે હેતુઓ જો આજે વખતના વહેવા સાથે સામાજિક દ્રષ્ટિએ ઉપયોગી રહ્યા ન હોય તો કાયદાથી તેવા હેતુઓ પાછળ થતો નાણાંનો વ્યય અટકાવવો જોઇએ કે કેમ? દાખલા તરીકે કીડીઓને ખાંડ નાંખવી, કુતરાને રોટલા નાંખવા, જેમ મથુરામાં બને છે તેમ કાચબાને લોટ નાંખવો.

મુનશીઃ ત્યાં પણ આવી કોઇ અટકાયતની ઉપયોગીતા હું સ્વીકારૂં છું, પણ જો આ બાબત કાયદાકાનુનથી સિધ્ધ કરવા જશો તો મેં આગળ સૂચવ્યું તેમ તમને મુશ્કેલીઓ આવશે.

પ્ર. ટે.: ધારો કે એ બાબત આપણે ચેરીટી કમીશનર ઉપર છોડીએ અને તેના નિર્ણય ઉપર અપીલ કરવાનો પણ આપણે હક્ક આપીએ તો કેમ?

મુનશીઃ તો એ બરોબર છે, કારણ કે સમાજનો સામાન્ય ખ્યાલ શું છે તે કોર્ટને જરૂર માલુમ પડશે. જ્યારે તમે ધારાસભા પાસે જાઓ છો ત્યારે તત્કાળ શેની જરૂર છે અને તત્કાળ કેવા વિચારો વાયુમંડળમાં પ્રસરી રહ્યા છે તે ધોરણે જ બધા વિચારો અને નિર્ણય કરવામાં આવે છે. આમ તો કોર્ટને આવી સત્તા છે જ. આમ છતાં પણ જો જરૂર જણાય તો આવા નાણાંનો બીજા કોઇ કાર્યમાં ઉપયોગ કરમાવવાની તમો કાયદાથી કોર્ટને સત્તા આપી શકો છો. પણ જ્યાં સુધી આપણાં રાષ્ટ્રીય વિચારો અને વલણોમાં આપણે ચોકકસ પ્રકારની સ્થિરતા પ્રાપ્ત ન કરીએ ત્યાં સુધી કોને 'ઇષ્ટ' ગણવું અને કોને 'પૂર્ત' ગણવું એને લગતાં આપણાં પરંપરાથી ચાલી આવતા ખ્યાલોમાં ધારાસભાના જાતજાતનાં કાયદાકાનુનોથી ગુંથામણ થવા માંડે એમ હું ઇચ્છું નહિ.

પ્ર. ટે. આ કમીટી પુરતું હું કહી શકું છું કે ધારાસભાને અમો આવું કોઇ કાર્ય સોંપવા માગતાં નથી.

મુનશી : પણ એક વખત પણ જો તમે આવી જ કોઇ નાની સરખી બાબત માટે ધારાસભા પાસે ગયા તો જે ચોક્કસ મર્યાદાપૂર્વક તમો અમુક વાત રજુ કરો તેને ધારાસભા વળગી રહે એમ હું માનતો નથી.

પ્ર. ટે. : દાનના અમુક માર્ગો હવે કશી પણ જાહેર ઉપયોગીતા ધરાવતા નથી એમ કાયદાથી નક્કી કરવું તે એક વસ્તુ છે અને અમુક બાબત હવે જાહેર ઉપયોગીતાની રહી નથી અને એ માટે નિયત કરાયેલાં નાણાં બીજા કોઇ હેતુ માટે વપરાવા જોઇએ એવો કોઇ રાજ્યાધિકારી લેખિત હુકમ કરે અને તે હુકમ સામે અપીલ કરવાનો પણ હકક હોય એ બીજી જ વસ્તુ છે.

મુનશી : સામાન્ય ચેરીટીઓ પુરતું તો આ બાબતમાં કશી મુશ્કેલી આવવા સંભવ નથી, પણ ધાર્મિક ચેરીટીના સંબંધમાં પ્રશ્ન ઉભો થવાનો. માછલીઓને લોટ નાંખવો બીલકુલ ઉપયોગી નથી એમ અમુક માણસ ન પણ માને. પણ આવા કીસ્સાઓમાં કોર્ટ એને લગતાં નાણાંનો બીજા કોઇ સમાજોપયોગી કાર્યમાં ઉપયોગ કરવાની સંમતિ આપતી જ આવી છે. આ સંબંધમાં આપ જે ખ્યાલ ધરાવો છો એ સાથે હું સંમત છું. આવી અર્થ વિનાની ચેરીટીઓ અટકવી જોઇએ એ બાબતમાં પણ હું તમારાથી જુદો પડતો નથી, પણ આવી અટકાયત કરવા જતાં બીજી ઘણી બાબતો વિચારવાની રહેશે. મૂળભૂત હકકો સંબંધમાં મારે ઘણું કામ કરવું પડયું છે અને ત્યાં અમારે કેટલુંક તુમુલ યુદ્ધ કરવું પડેલું તે પણ હું જાણું છું. આપણે એમ માનીએ છીએ કે અમુક કાયદાઓ કરીને, લોકોના દિલમાં જે ખ્યાલો સદીઓથી રૂઢ થયેલાં છે તે ખ્યાલોથી લોકોને મુક્ત કરી શકીશું. પણ કાયદાકાનુન આ બાબતમાં ફળીભૂત થશે એમ હું માનતો નથી. સંભવ છે કે પ્રજા એવા કાયદાકાનુનને પણ ગળી જાય.

પ્ર. ટે. : તો આ બાબત આપ જાહેર અભિપ્રાય ઉપર જ ખરેખર છોડવા માગો છો?

મુનશી : હું એ બાબતનો કોર્ટને જ હવાલો આપું.

પ્ર. ટે. : અમને એવી સુચના કરવામાં આવી છે કે આપણે ચેરીટી કમીશનર ઉભા કરીએ કે ન કરીએ પણ અધિકારી કે બીનઅધિકારી નિરીક્ષકો (વીઝીટર્સ) નીમવા કે જેઓ ચોતરફ ફર્યા કરે, ચેરીટીઓના વહીવટો તપાસે અને કોઇ પણ ઠેકાણે કશી પણ ગેરવ્યવસ્થા માલુમ પડે તો તેને લગતા અધિકારીને રીપોર્ટ કરે. આપ આ સૂચનાના પક્ષમાં છે.?

મુંનશી : હું તેની વિરૂદ્ધ છું. હું એટલું જ પસંદ કરૂં કે એક અથવા બે ચેરીટી કમીશનરો હાઇકોર્ટ સાથે જોડાયેલા હોવા જોઇએ. એમ કરવાથી એક સ્વતંત્ર ખાતું જ ઉભું થશે. જયારે પણ કોઇ ચેરીટી વિષે ફરીયાદ આવે ત્યારે તેઓ ટ્રસ્ટીઓને બોલાવે અને તે ફરીયાદ દૂર કરવા માટે તેમને સમજાવે. જો કોઇ ચેરીટી વિષે કોઇ ફરીયાદ કરે તો કમીશનરે ત્યાં જવું, ટ્રસ્ટીઓની બાજુએ બેસવું, ચાલી રહેલો વહીવટ તપાસવો અને તેમને કહેવું કે "જુઓ આમ આમ બની રહ્યું છે, આ હવે તમે સુધારશો?" મને લાગે છે કે આમ કરવું વધારે ઉપયોગી નીવડશે. એવા બે વકીલો રોકવામાં આવે જે આ બાબતનો ખાસ અભ્યાસ કરે, કરવામાં આવતી ફરીયાદોમાં ઉંડા ઉતરે અને તેમણે શું કરવું જોઇએ તે મિત્રભાવે જણાવે. એમ કરવાથી આજે ટ્રસ્ટોનો વહીવટ જે રીતે ચાલે છે તેનાથી વધારે સારી રીતે ચાલશે

પ્ર. ટે. આપણે ફરી મંદિરોનો વિચાર કરીએ; આ વિષે અમારી સમક્ષ એમ રજુ કરવામાં આવ્યું છે કે ઘણા મંદિરો પાસે ઢગલાબંધ સોનું, ચાંદી તથા આભૂષણો હોય છે, જેનો ઉપયોગ મૂર્તિ માટે ભાગ્યે જ કરવામાં આવે છે. તો સોનુ, ચાંદી તેમ જ ઝવેરાતના ઘરેણાંનો કોઇ પણ સાર્વજનિક હેતુ માટે ઉપયોગ કાં ન કરવો?

મુનશીઃ વારૂ, પણ ઝવેરાતના દાગીના તો મૂર્તિના શણગાર સાથે જોડાયલાં હોય છે. અલબત્ત, સોના અને ચાંદીનાં રોકાણો પણ હોવા સંભવ છે. પાયધુનીના મંદિરમાં ટ્રસ્ટીઓ સોના ને ચાંદીમાં નાણાં રોકયે જ જતા હતા અને અમારે તેમને અટકાવવા પડયા હતા.

પ્ર. ટે.: ટ્રસ્ટીઓ વ્યાજબી પ્રમાણમાં સોના ચાંદીમાં નાણાં રોકી શકે એમ આપનું સુચન છે?

મુનશીઃ ઘણીવાર એમ બને છે કે કોઇ પણ ધનાઢ્ય માણસ આગળ આવે છે અને જણાવે છે કે 'મૂર્તિના મુગટ માટે હું પચાસ હજાર રૂપીઆ આપવા ઇચ્છું છું.' આમ કરવાથી પોતે પુન્યોપાર્જન કરે છે એમ સમજીને તે આવું દાન કરવા આગળ આવે છે. હવે તમો એમ કહો છો કે તમે આવડી મોટી સખાવત કરી તે બરોબર છે, પણ મુગટ એ કેવળ બીનજરૂરી ઉપભોગની વસ્તુ છે એમ અમો ડાહ્યા માણસો ધારીએ છીએ અને તેથી અમો તે વેચી નાંખીશું અને તેમાંથી મળતાં નાણાં કોઇપણ સારા જાહેર કાર્યમાં વાપરીશું. આવું કાંઇક તમો કહો તેને લોકો સંમત કરશે કે કેમ તે વિષે મને શંકા છે.

પ્ર. ટે. અમને એમ જણાવવામાં આવ્યું છે કે મહાલક્ષ્મીના મંદિરમાં એવો રવૈયો છે કે દેવમૂર્તિને જે કાંઇ કીમતી વસ્ત્રાભૂષણો તેમ જ વસ્તુઓ ધરવામાં આવે છે તે મંદિરના ટ્રસ્ટીઓ વેચી નાંખે છે અને તેમ કરવાથી તેમને ઘણી સારી કીંમત મળે છે. બજારમાં તેની જે કાંઇ કીંમત ઉપજે તે કરતાં પણ આવી ચીજોની જ્યારે હરરાજી કરવામાં આવે છે ત્યારે તેમને વધારે સારી કીંમત ઉપજે છે. કારણ કે આ ચીજનો ખરીદનાર આ વસ્તુ પ્રત્યે ચોક્કસ પ્રકારની લાગણી અને ભાવના ધરાવતો હોય છે. જે લોકોએ આવી ભેટો ધરી હોય છે તેમાંથી કોઇએ પણ એવી ફરીઆદ કરી નથી કે અમે જે ધરીએ છીએ તે નફા માટે વેચી નાંખવામાં આવે છે અને મંદિરની આવકને આથી કશી પણ અડચણ પહોંચી નથી. મંદિરના અધિકારીઓ હરેક સામાજિક હેતુઓ માટે આ નાણાંનો ઉપયોગ કરે છે.

મુનશી : મંદિરે મંદિરે રીતરિવાજ અને રૂઢિમાં ફેરફાર હોય છે, પણ જો આવી વસ્તુઓ વેચી નાંખવાનો જો તમે કાયદો કરો તો મંદિરની આવક ઉપર ઘણી પ્રતિકુળ અસર થાય એમ હું માનું છું. ડાકોરના મંદિરમાં, તેમની પાસે એક મુગટ, મોતીની માળાઓ અને બીજા કેટલાંક આભૂષણો છે, જેને ભોગ તરીકે ઓળખવામાં આવે છે અને તે બીલકુલ વેચી શકાતા નથી.

પ્ર. ટે. : દેવમૂર્તિને હીરાની આંખો ચડાવવામાં આવી હોય તો તે તમે જાળવી રાખશો ?

મુનશી : હા. જી. જો તમે તે ઉખેડીને વેચી નાંખો તો અમુક માણસોની ધાર્મિક લાગણી તો અવશ્ય દુભાવાની. લોકોની ધાર્મિક લાગણી ન દુઃખાય એ ધોરણે કઇ ચીજો કાઢી નાંખવી અને કઇ ન કાઢવી એ સંબંધમાં તમારે પુરી સંભાળ લેવી જોઇએ.

## પ્રશ્નકાર શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ

ચી. ચ. શા.: મંદિરોમાં કરવામાં આવેલી સખાવતોનાં જે વધારાનાં નાણાંની મંદિરના કોઇ પણ કામકાજ માટે બીલકુલ જરૂર ન હોય તે નાણાં સમાજોપયોગી કાર્યો પાછળ ખર્ચાવા જોઇએ, એ વિચાર આપને સંમત છે ? સમાજોપયોગી (ચેરીટેબલ) અને ધાર્મિક હેતુઓ વચ્ચે આપ કોઇ તફાવત સ્વીકારો છો ?

મુનશીઃ હા જી.

ચી. ચ. શાહઃ હું માનું છું કે હિંદુ કાયદો આવો ભેદભાવ સ્વીકારતો નથી. એ બધું જ 'ધર્મ'ની કક્ષામાં આવી જાય છે. કાકા કાલેલકર જેમણે ગઇ કાલે જ આ કમીટી સમક્ષ જુબાની આપી હતી તેમણે પણ આ બે વચ્ચે કોઇ પણ ભેદભાવ નથી એમ જણાવ્યું હતું.

મુનશીઃ મને લાગે છે કે શાસ્ત્રો આ બે વચ્ચે તફાવત કલ્પે છે. હું બ્રાહ્મણ કુળમાં જન્મેલો અને ઉછરેલો હોઇને મારા બાળપણથી હું એમ સમજતો આવ્યો છું કે મંદિરની અંદર આપણે જે કાંઇ દેવને ધરીએ છીએ અને મંદિર બહાર આપણે જે કાંઇ ગરીબોને આપીએ છીએ એ બે વચ્ચે આપણે તફાવત કરીએ છીએ. 'ઇષ્ટ' એટલે ધાર્મિક અને 'પૂર્ત' એટલે દયાપ્રેરિત સામાજિક એવો અર્થ આપણે કરીએ છીએ અને મારા મત મુજબ એ બન્ને બાબતો અલગ અલગ છે.

ચી. ચ. શા. : ધાર્મિક સખાવતોના વધારાનાં નાણાં ગૌશાળા સ્થાપવા પાછળ કે ચલાવવા પાછળ વાપરવામાં આવે એ આપને કબુલ છે, પણ આર્ટ્સ કે સાયન્સ કોલેજ સ્થાપવા કે ચલાવવા પાછળ એ નાણાંનો ઉપયોગ કરવામાં આવે એ આપ કબુલ નહિ કરો !

મુનશી : ધાર્મિક સખાવતો પાછળ ચોક્કસ હેતુ રહેલો છે એમ હું માનું છું. તિરૂપતિ કે ડાકોરના મંદિરની મીલ્કત કેટલીયે સદીઓ થયાં એકઠી થતી આવી છે. આ મિલ્કત ચોક્કસ પ્રકારની સંસ્કૃતિના રક્ષણ માટે એકઠી થયેલી હોય છે. અલબત્ત, પેઢી દર પેઢી માણસોના વિચારો બદલાતા જતા હોય છે. પણ ચોક્કસ હેતુઓ માટે એકઠા થયેલાં નાણાંનો કેવળ જ જુદા કાર્યમાં ઉપયોગ કરવો તે યોગ્ય નથી. જો તમે નવા વિચારો દાખલ કરશો અને તે મુજબ એકઠાં થયેલાં નાણાંનો ઉપયોગ કરશો તો લોકોને તે નહિ ગમે અને લોકોની લાગણી દુભાશે.

પ્ર. ટે. : પણ તિરૂપતિ મંદિરના નાણાંનો આર્ટ્સ કોલેજ, સાયન્સ કોલેજ અને બીજી કેટલીયે સંસ્થાઓ ચલાવવા પાછળ ઉપયોગ કરવામાં આવે છે.

મુનશી : પણ તે સામે લોકોનો કેટલો વિરોધ છે તેનો તમોને ખ્યાલ નથી. તિરૂપતિ મંદિરને બહુ થોડા સમયમાં ભારે નુકસાન થવા સંભવ છે. જો કોઇને કોલેજ ચલાવવા માટે સખાવત કરવી હોય તો તે મુજબ તે કરી શકે છે. પણ મંદિરના નાણાંનો એવા હેતુ માટે શા માટે ઉપયોગ કરવો જોઇએ ? બહુ બહુ તો તાદૃશ હેતુઓ માટે એ નાણાંનો ઉપયોગ તમો કરી શકો છો. પાઠશાળામાં સંસ્કૃત ભણતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપી શકો છો. ગીતાના જ્ઞાનનો પ્રચાર કરી શકો છો. આ હદ સુધીનો અન્યથા ઉપયોગ લોકલાગણી નીભાવી શકશે.

ચી. ચ. શાહ : એમાંથી હોસ્પીટલો ચલાવવામાં આવે તો તે સામે આપને વાંધો છે ?

મુનશી : જરૂર એમ કરવું ન જોઇએ. જો તમે એ રીતે નાણાંનો ઉપયોગ કરવા માંડશો તો લોકો જરૂર દુભાશે. એમના દીલમાં જેને સ્થાન નથી એવા કોઇ એક હેતુ તરફ તમે ઢળી રહ્યા છો—એમ તેમને ખબર પડશે તો લોકો નાણાં આપતાં જ બંધ થઇ જશે.

ચી. ચ. શાહ : આપ જાણો છો કે જૈનો દેવદ્રવ્યને પવિત્ર દ્રવ્ય તરીકે લેખે છે અને બીજા કોઇ પણ હેતુ પાછળ તેનો ઉપયોગ થઇ ન શકે એમ તેઓ માને છે. આ સંબંધમાં આપનો શું અભિપ્રાય છે.

મુનશી. આ પ્રશ્ન ઉપર મેં કેટલોક વિચાર કર્યો છે અને મને લાગે છે કે જૈનોમાં આ લાગણીની જડ ઘણી ઉંડી છે. આવો વિચાર કેટલીએ સદીઓ થયા સેવાતો આવ્યો છે. તેઓ એમ માને છે કે દેવદ્રવ્ય મૂર્તિ માટે જ નિયત કરાયેલું દ્રવ્ય છે. એ રૂઢિએ ઘણીયે ઉપયોગી સેવા પણ બજાવી છે. એ રૂઢિના પરિણામે આપણને કેટલીએ સદીઓનો પુરો ઇતિહાસ મળી શકે છે. આ નાણાંમાંથી કેટલાક લહીઆઓને નિભાવવાની પરંપરા તેમનામાં ચલતી આવી છે. સમય સમયનો ઇતિહાસ નોંધતા રહેવું એ આ લહીઆઓનું મુખ્ય કામ હતું. બીજું દરેક મંદિર સાથે એક ભંડાર હોય છે. આ બન્ને સાધનો ભૂતકાળનો ઇતિહાસ પુરો પાડવામાં બહુ ઉપયોગી નીવડયા છે. તે દ્વારા જ જૈન ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કરવામાં અને જુના કાળની નોંધ જાળવવામાં દેવદ્રવ્યે અગત્યનો ભાગ ભજવ્યો છે. જૈનોના ભંડારો જ્ઞાનની મોટી

વખાર સમાન નીવડયા છે અને આ ભંડારો જેમ દેવદ્રવ્યમાંથી નીભાવવામાં આવતા હતા તેજ રીતે આજના વિચાર મુજબ એ નાણાંનો ઉપયોગ જ્ઞાન અને શિક્ષણના પ્રચાર પાછળ આપણે કરી શકીએ છીએ.

ચી. ચ. શાહ: બીજા કોઇ કાર્ય પાછળ આનો ઉપયોગ થાય એ આપ સંમત નહિ કરો?

મુનશી: નહિ જ. જો કાયદા દ્વારા ફરજિયાત રીતે આ નાણાંનો બીજા કોઇ કાર્ય પાછળ ઉપયોગ કરશો તો તે સામે જાહેરમાં બહુ વિરોધ અને રોષ પ્રગટશે.

ચી. ચ. શાહ: જે કોઇ સંસ્થાઓ અમુક કોમ અથવા વર્ગને માટે હોય તે બધા હિંદુઓ માટે ખુલ્લી મુકાવી જોઇએ કે નહિ? ધારો કે કપોળ માટે એક સસ્તા ભાડાની ચાલ છે અથવા તો જૈનો માટે એક વિદ્યાર્થીગૃહ છે. આ સંસ્થાનો લાભ બધા હિંદુઓને મળે એમ આપ ઇચ્છો કે નહિ? અને જો એમ કરવામાં આવે તો એવી સંસ્થામાં વહેતો દાનનો પ્રવાહ બંધ પડી જાય કે નહિ?

મુનશી: મારા અંગત અનુભવ ઉપરથી મારે કબુલ કરવું જોઇએ કે આવી સંસ્થાઓ બધા હિંદુઓ માટે ખુલ્લી થતાં તેમાં થતી આવકને ધક્કો તો જરૂર લાગે, પણ આવા ભેદભાવને હવે આપણે લાંબો વખત ચાલવા દેવા ન જોઇએ. અને આજે બનતા બનાવો પણ એમ બતાવે છે કે આ પ્રશ્ન લાંબો વખત રહેવાનો નથી. આજે આન્તર્જ્ઞાતીય લગ્નો જ્યાં ત્યાં થઇ રહ્યા છે તે આપણે સૌ જાણીએ છીએ. એક જૈન છોકરી હિંદુ છોકરાને પરણે છે અને હિંદુ છોકરી જૈન છોકરાને પરણે છે. અને આ બન્ને કીસ્સાઓમાં કોઇનો જ્ઞાતિબહિષ્કાર કરવામાં આવતો નથી. હવે પ્રશ્ન તો એ ઉભો થવાનો કે આ યુગલોનાં સંતાનોની કઇ જ્ઞાતિ ગણવી? જો કોઇ જૈન શિષ્યવૃતિ હોય તો તેનો લાભ આ બંને પ્રકારના યુગલોના સંતાનોને શું નહિ મળે? આપણે એ પણ જાણીએ છીએ કે સમયાંતરે મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટક એમ અલગ અલગ પ્રાંતો ઉભા થવાના છે. અને દરેક પ્રાંતમાં તે તે પ્રાંતની વસ્તી જ મોટે ભાગે વસતી હશે. ગુજરાતમાં બહુ થોડા દક્ષિણીઓ હશે અને મહારાષ્ટ્રમાં બહુ થોડા ગુજરાતીઓ હશે. એમ બનતાં ગુજરાતી સંસ્થાઓ દક્ષિણીઓ માટે અને દક્ષિણી સંસ્થાઓ ગુજરાતીઓ માટે ખુલ્લી મુકવાનો પ્રશ્ન જ નહિ રહે. અલબત્ત મુંબઇનું શું થશે એ આજે કોઇ કહી શકે એમ નથી. તે એક એવું સ્વતંત્ર શહેર બનવા સંભવ છે કે જ્યાં અનેક જાતના લોકો રહેતા હશે. અને મને લાગે છે કે નાતજાતના આ સર્વ ભેદો કાળાંતરે જરૂર ભુંસાઇ જશે. તેથી જે નવી રચનાની સંભાવના આપણે આજે કલ્પી રહ્યા છીએ તે જોતાં આ પ્રશ્ન જીવતો રહેશે નહિ અને તેથી આવી બધી ચેરીટીઓ સમગ્ર હિંદુ કોમ માટે ખુલ્લી મુકાય એમ હું ઇચ્છું. આમ થવાથી દાનનો પ્રવાહ વહેતો બંધ થાય એવો ભય રાખવાનો કોઇ ખાસ કારણ નથી.

ચી. ચ. શાહ: મહાવીર જૈન વિદ્યાલયનો દાખલો આપણે લઇએ. આ સંસ્થા બધા હિંદુઓને માટે ખુલ્લી મુકશો?

મુનશી: હાજી. એ સંસ્થામાં દાખલ થવા માટે કોઇ પણ હિંદુની અટકાયત કરવી ન જોઇએ.

ચી. ચ. શાહ: એ બાબતનો અમલ કઇ રીતે થશે?

મુનશી: એમાં કશી અડચણ નહિ આવે. ટ્રસ્ટીઓ જૈન હોવાના બીજી કોમના બે કે ત્રણ વિદ્યાર્થીઓ જ તેમાં પ્રવેશ પામી શકશે.

ચી. ચ. શાહ: જૈનોને પ્રથમ પસંદગી આપવી એમ આપ કહો છો?

મુનશી: ના.

ચી. ચ. શાહ: જો તે બધા હિંદુઓ માટે ખુલ્લું મૂકવામાં આવે અને જૈનોને કોઇ પણ જાતની પ્રથમ પસંદગી આપવામાં ન આવે તો તેમાં જૈન વિદ્યાર્થીઓ શી રીતે દાખલ થઇ શકશે? અમે વિદ્યાર્થીઓને તેમની પરીક્ષાના પરિણામ મુજબ દાખલ કરીએ છીએ. હવે તે સંસ્થામાં દાખલ થવા માંગતા હિંદુ વિદ્યાર્થીના જો ૭૦ ટકા માર્ક હોય અને જૈન વિદ્યાર્થીના જો ૬૦ ટકા માર્ક હોય તો જૈન વિદ્યાર્થીને બાજુએ રાખીને અમારે હિંદુ વિદ્યાર્થીને જ દાખલ કરવો પડશે. આ રીતે જૈન સિવાય બીજી કોમના વિદ્યાર્થીઓને તેમાં ઘણો વધારે અવકાશ મળશે અને જૈન વિદ્યાર્થીઓ ભાગ્યે જ પ્રવેશ પામી શકશે.

મુનશી: તમોએ જણાવ્યું તેમ બે વિદ્યાર્થીમાંથી ટ્રસ્ટીઓ જેઓ જૈનો જ હોવાના તેઓ જૈન વિદ્યાર્થીને એમ કહીને પસંદગી આપશે કે એ વિદ્યાર્થી ગરીબ છે અને તેથી જેણે ૭૦ ટકા માર્ક મેળવ્યા છે તે કરતાં આ જૈન વિદ્યાર્થીને પ્રથમ પસંદગી આપવી જોઇએ. મનુષ્યસ્વભાવ જેવો છે તેવો હોઇને અને ટ્રસ્ટીઓ જૈન હોઇને તેઓ જૈનોના પક્ષમાં જ પોતાને મળેલ પસંદગીના અધિકારનો ઉપયોગ કરશે.

ચી. ચ. શાહ: એ સંસ્થાનો વહીવટ જૈનોના હાથમાં જ રહેવા દેશો?

મુનશી: એ તો એમ જ બને. હિંદુ વિદ્યાર્થીગૃહોમાં જૈન વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે તે મુજબ આ સંસ્થામાં હિંદુ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં તેઓ શી રીતે વાંધો લે તે હું સમજી શકતો નથી. આવી જ રીતે હિંદુ કોમ માટે નિર્માણ થયેલા કેટલાય હોસ્પીટલોનો કપોળ ભાઇઓ લાભ લે છે. જો એક કોમ ધનવાન હોય તો તે પોતાની કોમની જરૂરિયાતો તો પુરી પાડે એટલું જ નહિં. પણ એ ઉપરાંત બીજી કોમો દ્વારા ઊભી કરવામાં આવેલી સગવડોનો પણ લાભ લે એ યોગ્ય નથી. સિધ્ધાંતની દ્રષ્ટિએ આ તદ્દન ખોટું છે. પારસીઓની બાબત તદ્દન જુદી છે. તેઓ કોઇ હિંદુ ચેરીટીનો લાભ લેતા નથી. પણ આમ બીજી કોમો વિષે કહી શકાશે નહિ. આમ હોવાથી મને લાગે છે કે હિંદુ ચેરીટીઓમાં તો કશો પણ ભેદભાવ હોવો ન જોઇએ.

ચી. ચ. શાહ: આવા ભેદભાવ ઉપર કાયદાથી પ્રતિબંધ મૂકવામાં આવે તો તેથી લોકલાગણી ઉશ્કેરાશે નહિ?

મુનશી: અમુક થોડા અપવાદો બાદ કરતાં એવો કોઇ મોટો વિરોધ નહિ થાય. જે કોમો આગળ મોટા ફંડો છે તેઓ કદાચ રોષે ભરાય.

ચી. ચ. શાહ: એમ કરવાથી આપણી સંસ્થાઓને પહેલાં માફક જ દાનો મળ્યા કરશે એમ આપ ધારો છો?

મુનશી: હાજી. ભારતીય વિદ્યાભુવન જે જૈનોનાં જ નાણાંમાંથી ઉભું કરવામાં આવ્યું છે તેનો પારસી તેમજ મુસલમાનોને પણ લાભ આપવામાં આવે છે.

ચી. ચ. શાહ: આગળના એક સાક્ષીએ અમને એમ જણાવું છે કે સર હરકીસનદાસ હોસ્પીટલને જો બધા હિંદુઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું હોય તો એની પાસે આજે જે નાણાં એકઠાં થયા છે તે થયા ન હોત. ગુજરાતીઓએ તેને એટલો ટેકો આપ્યો ન હોત.

મુનશી: હું એ હોસ્પીટલનો પ્રમુખ છું. અલબત્ત, કોઇ પણ સંસ્થા અમુક કોમ માટે જ ઉભી કરવામાં આવી હોય છે તો તેવી સંસ્થા વિષે લોકોમાં વધારે પક્ષપાત થાય છે અને આવી સંસ્થામાં નાણાંનો પ્રવાહ પણ વધારે છૂટથી વહેતો રહે છે. પણ બીજી બાજુએ આપણે મારવાડી હોસ્પીટલનો દાખલો લઇએ. બીરલાજીએ આ યોજના રજુ કરી અને પૈસા પણ એકઠા થયાં.

હવે આ હોસ્પીટલ સૌ કોઇને માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. એ ચોકકખું હિંદુ હોસ્પીટલ છે અને અમુક બીછાનાઓ મારવાડીઓ માટે અલાયદા રાખવામાં આવ્યા છે એટલી જ મર્યાદા આ હોસ્પીટલમાં સ્વીકારવામાં આવી છે. કોઇ પણ કોમના નાણાંમાંથી ચલાવવામાં આવતા બીજા કોઇ પણ હોસ્પીટલમાં પણ આ પ્રમાણે ગોઠવણ કરી શકાય. હોસ્પીટલ સામાન્યતઃ સૌ કોઇ હિંદુ માટે ખુલ્લું મુકાવું જોઇએ. મને જોઇને આનંદ થાય છે કે આપણામાં નાત જાતના ભેદો ધીમે ધીમે લય પામતા જાય છે. આપણે કાયદાથી હરિજનોને આપણાં પવિત્ર સ્થાનો દેવમંદિરોમાં પ્રવેશ કરવાની છુટ આપી છે. અને એવો પણ વખત આવશે કે જ્યારે આપણાં રસોડા સુધી હરિજનને આવતો અટકાવવાનું અશકય બનશે. આ ભેદો જવા જોઇએ એમ હું અંતરથી ઇચ્છું છું. આમ હોવાથી અમુક હોસ્પીટલમાં ગુજરાતીઓએ નાણાં ભર્યા છે એટલા માટે તે બીજા કોઇને માટે ખુલ્લું નહિ મુકી શકાય આમ કહેવું તે શું ગેરવ્યાજબી નથી ? આ અત્યંત સાંકડી મનોદશા છે.

પ્ર. ટે. : મને લાગે છે કે કોમી અલગપણું જાળવી રાખવાનો પ્રયત્ન કરીને ન્યાયમૂર્તિ દેસાઇ ગુજરાતી કોમને અન્યાય કરી રહેલ છે.

મુનશી : હું તો અનેક કાર્યો માટે નાણાં એકઠાં કરવાના હેતુથી દેશના એક ખુણેથી બીજા ખુણા સુધી ભટકયો છું અને મારો તો અનુભવ છે કે કોઇ પણ સારૂં કામ હોય તો લોકો પૈસા આપે જ છે. આ નાણાંનો કોના માટે ઉપયોગ કરવાના છો એની તેઓ કદી પુછપરછ પણ કરતાં નથી.

ધારપુરે : કોઇ પણ ધાર્મિક સંસ્થાના વધારાના નાણાં હોય તો સંસ્કૃત ભાષા કે જેમાં આપણાં ધર્મશાસ્ત્રો લખાયા છે તેના અભ્યાસ પાછળ એ નાણાં વપરાવા જોઇએ એવો આપનો અભિપ્રાય હું સમજ્યો છું એ બરોબર છે ?

મુનશી : અમો લોકપ્રતિનિધિસભામાં આ બાબત લડી રહ્યા છીએ કે સંસ્કૃતની રક્ષા માટે સંસ્કૃતનો અભ્યાસ બહુ જરૂરી છે. હીંદી આપણી રાષ્ટ્રભાષા થાય તો પણ સંસ્કૃત ભાષાના પાયા ઉપર રચાય અને દેવનાગરી લીપીમાં લખાય એવો અમારો આગ્રહ છે. અમને સંસ્કૃતમય હિંદી જોઇએ છીએ.

ચી. ચી. શાહ : આ વધારાનાં નાણાંમાંથી આયુર્વેદિક સંસ્થાઓ ચલાવવાનું તમે પસંદ કરો ?

મુનશી : હાજી. જેનાથી સંસ્કૃતના અભ્યાસને વેગ મળે તે બધી બાબતોને ઉત્તેજન અપાવું જોઇએ.

* * *

પંડયા : સંગીત જેવી લલિતકળાના અભ્યાસ પાછળ આ વધારાના નાણાં ખર્ચાય એને આપ યોગ્ય ગણો ?

મુનશી: એવા શિક્ષણની પાછળ આ નાણાં ખર્ચાય એમાં મારી સંમતિ છે, પણ આ વધારાનાં નાણાંમાંથી સંગીતના જલસાઓ—કોન્સર્ટો—થાય એ હું પસંદ નહિ કરૂં.

પંડયા: બ્રાહ્મણને ભોજન આપવા માટે કરવામાં આવેલી સખાવતો બીજા કોઇ શુભ કાર્યમાં વાપરવી જોઇએ એ આપને સંમત છે ?

મુનશી: એમ કરી શકાય એમ હું નથી ધારતો. બ્રહ્મભોજન અટકાવવું તે લોકો ઉપર એક નવો ધર્મ લાદવા બરોબર છે. અને આ લોકો પસંદ નહિ કરે. બ્રહ્મભોજન એ ધર્મનો જ એક અંગભૂત વિભાગ છે.

× × ×

અનુવાદકઃ **પરમાનંદ**

# જૈન શાસ્ત્રો અને દેવદ્રવ્યો

[ ધાર્મિકફંડો અને દાનફંડોના ઉપયોગ વિશે તપાસ કરવા નામદાર સરકારે એક સમિતિ નિમી છે. તેના પ્રમુખ શ્રીમાન ટેંડુલકર અને બીજા સભ્યો સમક્ષ ઉક્ત ફંડોના ઉપયોગ વિષે મને પણ જુબાની આપવા બોલાવેલો. મેં જે જુબાની આપી તેનો સારભાગ આ નીચે આપું છું: ]

જૈન ધર્મનું પ્રધાનસાહિત્ય સુત્રસાહિત્ય છે. તેમાં પણ અંગગ્રંથો વિશેષ મહત્તા ધરાવે છે. એ અંગગ્રંથોમાં વિશેષે કરીને ચૈત્યોનો ઉલ્લેખ આવે છે. 'ચિતા' શબ્દમાં એ 'ચૈત્ય' શબ્દનું મૂળ છે. જે સ્થળે ધર્મવીર પુરૂષોની ચિતા ખડકાતી અને તેમને અગ્નિસંસ્કાર થતો તે સ્થળે તેમનું જે સ્મારક ઉભું કરવામાં આવતું તેનું નામ 'ચૈત્ય.' 'ચૈત્ય' શબ્દનો આ ઐતિહાસિક અને વ્યુત્પત્ત્યર્થ છે. છત્રીઓ, પગલાંઓ, વૃક્ષો કે નાની દેવડીઓ તથા નાની થાંભલીઓ વા ખાંભીઓ વગેરે સ્મારકરૂપે યોજવામાં આવતાં. કેવળ ધર્મવીરોની સ્મૃતિ સચવાય એ માટે એ સ્મારકો ઉભાં કરવામાં આવતાં. એની પાછળ પૂજ્યપૂજકની કલ્પનાનો ખાસ ભાવ નહતો. ભગવાન મહાવીરના નિવૃત્તિપરાયણ નિગ્ગંઠો લોકોનો સંસર્ગ સેવતા જ નહીં. પણ જ્યારે તીર્થપ્રચાર વા ધર્મપ્રચારની વૃત્તિ એ નિગ્ગંઠોમાં જાગૃત થઇ ત્યારે લોકસંસર્ગ કરવો જ રહ્યો. આ વખતે એટલે મહાવીર સ્વામીના નિર્વાણ પછી આશરે આઠસેં નવસેં વર્ષે એ અસંગ નિગ્ગંઠો ચૈત્યેમાં કે ચૈત્યોનાં પરિસરમાં રહેવા લાગ્યા અને એક નવી પરંપરા નામે 'ચૈત્યવાસી પરંપરા'નો આવીર્ભાવ થયો. આ પહેલાં નિગ્ગંઠો પ્રાયઃ આરણ્યક હતા, વનવાસી હતા. નિગ્ગંઠોના ચૈત્યવાસને લીધે હવે લોકો ચૈત્યો પાસે વિશેષપણે આવવા લાગ્યા અને ત્યાં ધર્મશ્રવણનો લાભ મેળવવા લાગ્યાં. આથી ચૈત્યોની મહત્તા વધી અને ખાસ કરીને અસંગ નિગ્ગંઠોના રહેઠાણ થવાથી તે ચૈત્યોનો મહિમા વિશેષ પ્રસરતો થયો આમ થવાથી ચત્યોની રક્ષા અને ત્યાં વસનારા મુનિઓની સુરક્ષા વગેરેને અંગે દાની લોકોએ ચૈત્યો માટે દાન આપવાં શરૂ કર્યાં. વિશેષ કરીને લોકો જમીનો આપતા. એ અપાયેલી જમીનોમાંથી થતી આવકદ્વારા ચૈત્યોની વ્યવસ્થા થવા લાગી. વખત જતાં ચૈત્યોની પૂજા વધવા લાગી. તેમ તેને અંગે જમીનો ઉપરાંત રોકડ નાણું પણ લોકો ચૈત્યોના નિર્વાહ માટે આપવા લાગ્યા અને ત્યાં પ્રકાશ વગેરેની વ્યવસ્થા માટે ઘી વગેરેની પણ વ્યવસ્થા કરવા લાગ્યા. (વર્તમાનમાં જે ઘી બોલવાનો રિવાજ છે તે એ બાબતના ઘી માટે હતો, પણ પાછળથી એનો ઉપયોગ રોકડ નાણાં સારૂ થઇ ગયો.) વખત જતાં પેલા અસંગ નિગ્રંથો સસંગ અને સગ્રંથ થવા લાગ્યા અને ચૈત્યો માટે અપાતાં દાનનાં તેઓ પોતાને સ્વામી માનવા લાગ્યા. આમ એ વખતે એ ચૈત્ય દ્રવ્યનો એ સસંગ ભિક્ષુઓએ ભારે દુરૂપયોગ કરવો શરૂ કરેલો. આની સામે સુવિહિત અને સદનુષ્ટાની આચાર્ય હરિભદ્રે ભારે વિરોધ જગાડયો અને કહ્યું કે એ 'ચૈત્ય દ્રવ્ય'ને કોઇ શ્રમણ પોતાની અંગત સગવડ માટે ન જ વાપરી શકે. એ દ્રવ્ય તો * પ્રવચનની વૃદ્ધિ કરનારૂં અને જ્ઞાન તથા દર્શન ગુણનું પ્રભાવક છે માટે તે, પ્રવચનની વૃદ્ધિ માટે તથા જ્ઞાનગુણ અને દર્શનગુણની વૃદ્ધિ માટે જ વપરાવું જોઇએ. ( પ્રવચનનો અર્થ સંઘ, તીર્થ અને શાસન છે. જ્ઞાનનો અર્થ પ્રસિદ્ધ છે અને દર્શનનો અર્થ સમકિત છે. )

શ્રો હરિભદ્રના કહેવા ઉપરથી માલુમ પડે છે કે એ ચૈત્યદ્રવ્ય સંઘની વૃદ્ધિ માટે, વિદ્યાની વૃદ્ધિ માટે અને સમકિતની વૃધ્ધિ માટે વાપરી શકાય અર્થાત્ જૈન સંઘની સર્વાંગીણ ઉન્નતિ માટે એ દ્રવ્યનો ઉપયોગ કરવામાં કોઇ પ્રકારનો વાંધો નથી. હરિભદ્રસૂરિ

* जिणपवयणवुड्ढिकरं पभावगं नाणं-दंसणगुणाणं ।
वड्ढंतो जिणदव्वं तित्थयरत्तं लहइजीवो जावो ॥ संबोध प्रकरण पानुं ४

વધારામાં એમ પણ કહે છે કે એ દ્રવ્યનું નામ માત્ર જિનદ્રવ્ય કે ચૈત્યદ્રવ્ય જ નથી, પણ મંગળદ્રવ્ય, નિધિદ્રવ્ય અને શાશ્વતદ્રવ્ય પણ એના પર્યાય શબ્દો છે. (સંબોધ પ્રકરણ ગા. ૯૬) વળી, આચાર્ય હરિભદ્ર કહે છે કે એ જિનદ્રવ્ય પ્રવર ગુણોનું જનક છે અને હર્ષને પેદા કરનારૂં છે અને પ્રધાન પુરૂષોએ તેનો એ રીતે ઉપયોગ કરેલો છે. (સંબોધ પ્ર ગા. ૯૫) આમ જૈન સંઘના શ્રેય માટે તે ચૈત્યદ્રવ્ય કે જિનદ્રવ્યનો ઉપયોગ થાય તેમાં કોઇ પ્રકારનો વાંધો નથી. વળી, મેં એવું તો ક્યાંય વાંચ્યું જ નથી કે 'ચૈત્યદ્રવ્યનો ઉપયોગ સંઘના આધ્યાત્મિક શ્રેય માટે કે વિદ્યાના પ્રચાર માટે ન થઇ શકે અને એમ ઉપયોગ કોઇએ કર્યો હોય તો તે દોષભાગી થાય.' દેવદ્રવ્ય કે જિનદ્રવ્યનો ઉપયોગ કરનારને જે દોષભાગી કહેલ છે તે તો તેને ખાઇ જનારને એટલે કે અનીતિદ્વારા તેને ખાઇ જનારને દોષભાગી બતાવેલો છે અને એ છે પણ બરાબર. જો વ્યવહારમાં અનીતિ એ એક મોટો દોષ ગણાય છે તો પરમાર્થના કામમાં તો એ વિશેષ મોટો દોષ ગણાવો જ જોઇએ. પણ જૂની પરંપરાને પૂજનારા અને ચાલતું આવ્યું છે તેમજ ચલવનારા મારા જૈનભાઇઓ આ હકીકતને સમજી શકતા નથી. મારૂં માનવું છે કે હરિભદ્રસૂરિના સમયમાં જ આ શબ્દે એટલે કે ચૈત્યદ્રવ્ય કે જિનદ્રવ્ય શબ્દે સમાજમાં ભારે કોલાહલ કરી મુકેલો. અને આગમોના અભ્યાસને પરિણામે મારી એ મજબુત માન્યતા છે કે મૂળ આગમગ્રંથોમાં તો એ શબ્દને મેં ક્યાંય વાંચેલો નથી એટલે એ શબ્દ આગમકાળ પછી જ આવેલો છે. ખુદ આચાર્ય હરિભદ્ર પણ એ 'ચૈત્યદ્રવ્ય' શબ્દને* કલ્પેલો શબ્દ કહે છે. તેઓ કહે છે કે "સંગવિમુકત દેવોને વળી દ્રવ્ય કેવું? અર્થાત્ વીતરાગ દેવો સાથે કોઇ રીતે દ્રવ્યનો સંબંધ જ ઘટતો નથી. પરંતુ એ દેવના પોતાના સેવકોની બુધ્ધિએ તેને 'દેવદ્રવ્ય' રૂપે કલ્પેલું છે" ચૈત્યવાસીઓના સમયમાં જે ચૈત્યપૂજા ચલતી તેનું વિશેષ સ્થૂલરૂપ તે વર્તમાન 'મૂર્તિપૂજા' છે. આમ છે માટે જ આગમગ્રંથોમાં મૂર્તિપૂજા વિશે ખાસ કોઇ વિશેષ ઉલ્લેખો મળતા નથી. એટલે એને લગતા વિધિવિધાનના વા બીજા પ્રકારના ઉલ્લેખો મારા જોવામાં આવ્યા નથી, જે થોડા ઘણા ઉલ્લેખો મળે છે તેમાંનો મોટો ભાગ સ્વર્ગીય દેવોની સાથે વા સ્વર્ગની સાથે સંબંધ ધરાવે છે. દ્રૌપદીની કથામાં મૂર્તિપૂજાને લગતો એક કથાત્મક ઉલ્લેખ મળે છે અને તે જ ઉલ્લેખ માનવલોકને અંગેનો છે. આ સિવાય જ્યાં જ્યાં શ્રાવકોના અધિકારો આવેલા છે ત્યાં મેં ક્યાંય મૂર્તિપૂજાના ઉલ્લેખો જોયા નથી. આ હકીકત હું શાસ્ત્રના ઉલ્લેખની અપેક્ષાએ જણાવું છું અને એમાં એ પણ ઉમેરવા ઇચ્છું છું કે જે ઉલ્લેખો મળે છે તે પણ માત્ર કથારૂપ છે. કથારૂપ ઉલ્લેખો મારી સમજ પ્રમાણે કેવળ કથા જ બતાવે છે, પણ કોઇ પ્રકારનો વિધિનિષેધ કરી શકતા નથી. આ કહેવાનો મારો આશય એવો નથી કે મૂર્તિપૂજાની પદ્ધતિ સર્વથા નિષ્ફળ છે વા સર્વથા અહિતકર છે. પરંતુ તે પદ્ધતિ ધીરે ધીરે સ્થૂળ રૂપમાં આવીને આવી રીતે ચલે છે. વર્તમાન કાળમાં તે બહુ સ્થૂલરૂપને પામી છે. મારી ધારણા શાસ્ત્રોના અભ્યાસને પરિણામે એવી બંધાયેલી છે કે મૂર્તિપૂજાની પદ્ધતિ દરેક માનવ ઉપર લાદવા કરતાં તે માટે તેને સ્વતંત્ર રહેવા દેવો જોઇએ. એટલે એ વિધિ ફરજયાત બનાવવા કરતાં ઐચ્છિક રહેવા દેવી જોઇએ, જેથી એને લીધે સંપ્રદાયો ન બંધાય અને સંપ્રદાયો વચ્ચે સંઘર્ષ પણ ન થાય. અનુષંગને લીધે મારે દેવદ્રવ્યની વાત કરતાં મૂર્તિપૂજા વિશે પણ થોડું કહેવું પડ્યું છે, પણ મારો મૂળ મુદ્દો દેવદ્રવ્ય જૈન સમસ્ત સંઘના શ્રેય માટે વાપરી શકાય એ છે અને એમાં પ્રાચીન શાસ્ત્રોમાંનું કોઇ આડે આવતું નથી. ઉલટું હરિભદ્ર જેવા સમર્થ આગમવિવેચક એ વાતને ટેકો આપે છે. જે લોકો કેવળ શાસ્ત્રાધારી છે તેમને માટે મેં આ હકીકત કહેલી છે. પણ જેઓ પોતાના અનુભવ, તર્કબળ અને સંયોગબળનો આ ચર્ચા માટે ઉપયોગ કરશે તેમને દેવદ્રવ્યનો સમસ્ત જૈન સંઘના હિત માટેનો ઉપયોગ સ્પષ્ટપણે જણાશે, જણાશે અને જણાશે જ.

બેચરદાસ જીવરાજ દોશી

* न हु देवाण वि दव्वं संगविमुक्काण जुज्जए किमवि ।
नियसेवगबुद्धिए कप्पियं देवदव्वं तं ॥ संबोध प्र. गा. ९०